

મૂર્તિ (શિલ્પ)

કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ

વર્ષ ૫૩મું • અંક ૧લો • જાન્યુઆરી ૧૯૭૬

તંત્રી • બચુભાઈ રાવત

અભિસારિકા





મઢૂલીમાં



સ્વ. દેવીપ્રસાદ રાયચૌધરીની ચાર કલાકૃતિઓ (જુઓ 'કલાવાર્તા')

૬૨૫ મો અંક



સહિયર (ચિત્રકાર: કુ. ઊર્મિ પરીખ) કેવળ રંગ—અને એ પણ તેજ-છાયાના મુલાયમ પલટા વિનાના સપાટ રંગ—ના લપકાઓથી કરેલા આ ચિત્રમાં ભલે આકાર-આકૃતિને સ્પષ્ટ કરતી રેખાઓ નથી, છતાં ચિત્રનો વિષય પરખી શકાય છે. કલાકારે એના નિરૂપણ વખતે ચિત્રવસ્તુની જે કલ્પના કરી છે તે અને ચિત્રને જોતાં જ ભાવકના મન પર એની જે છાપ અંકાય છે તે વચ્ચે કઈ તફાવત રહેતો નથી. ઘરની અંદરના ભાગનો આભાસ, ગોષ્ઠિ કરતાં પાત્રોની તલ્લીનતા અને મનોભાવ તથા એમની બેસવાની છટા એ બધું કેવળ સપાટ રંગ-લપકાઓ વડે જ અહીં નિરૂપાયું છે. કલાકારના કૌશલ અને પોતાના માધ્યમ પરના કાબૂનું એ દ્યોતક છે.

સોએક વર્ષ પહેલાં, એટલે કે ઇ. ૧૮૭૪ના એપ્રિલ માસમાં મૉનેત, રેનોર, સિસ્લે, સેઝાં વગેરે કેટલાક યુવાન કલાકારોએ ફ્રાંસમાં પોતાનાં નવાં ચિત્રો પ્રદર્શિત કર્યાં, અને એ સમયના કલાજગતમાં ખળભળાટ મચી ગયો. આ પ્રદર્શનની નોંધ લેતાં મૉનેતના એક ચિત્ર 'ઇમ્પ્રેશન, સનરાઈઝ' પરથી કટાક્ષમાં એક પત્રકારે આ કલાકારોને 'ઇમ્પ્રેશનિસ્ટ્સ' કહ્યા. આ વીસમી સદીના કલાપ્રવાહો પર એનો વ્યાપક અને ઊંડો પ્રભાવ રહ્યો છે. આમ તો પારંપરિક કલાનાં નિશ્ચિત રેખા-આકારોને છોડીને કંઈક નવું જ કરવાની ખોજમાંથી એનો ઉદ્ભવ થયો, પણ એની કોઈ ચુસ્ત સીમિત વ્યાખ્યા નથી રહી. રેખાબદ્ધ આકારોને બદલે રંગ દ્વારા જ ચિત્રવિષયને પ્રકટ કરવા પર આ શૈલીમાં ભાર મુકાયો છે; એટલે કે ચિત્રવિષયને એક વાર જોયા પછી મનમાં ઊતરેલી એની છાપ (ઇમ્પ્રેશન)ની રજૂઆતને એમાં પ્રાધાન્ય અપાયું. તે પરથી પણ એ 'ઇમ્પ્રેશનિઝમ' શૈલી કહેવાઈ. રંગોને પણ એકબીજામાં મેળવી-ઘૂંટીને મૂકવાને બદલે ઝડપી ને અલગ લપકા રૂપે મૂકીને આકાર નિરૂપવાની રીતિ અપનાવાઈ. આથી ચિત્રફલક પર રેખાઓને બદલે તેજ-ઘેરા વિધવિધ રંગોએ પ્રભુત્વ જમાવ્યું. વીતી ગએલા ઇતિહાસની કથાઓમાંથી નહિ, પણ રોજિંદા જીવન અને આસપાસની પ્રકૃતિની આકર્ષકતા ને ક્યારેક અપરૂપતાને પણ કલાકારોએ પોતપોતાની આગવી રીતે ચિત્રફલક પર ઉતારવા માંડી. સમયના વહેણ સાથે આ નવું સ્વરૂપ લગભગ બધે વ્યાપી ગયું અને એના પ્રભાવ તળે જે તે દેશ-પ્રદેશની ચિત્રકળાએ એક નવું આગવું સ્વરૂપ વિકસાવ્યું. બાજુમાં આપણા ઘરઆંગણે ઘડાએલા એના સ્વરૂપનું એક ઉદાહરણ છે.

કુમાર

જાન્યુઆરી ૧૯૭૬ · અંક ૬૨૫

તંત્રી: બચુભાઈ રાવત ✿ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

પાટલિપુત્ર-૧

૬૨૨મા અંકમાં 'માધુકરી' વિભાગમાં 'પટણાનાં ૨૫૦૦ વર્ષ' એ (સંક્ષિપ્ત ?) લેખમાં વિજયગુપ્ત મૌર્યે ગાગરમાં સાગર ભર્યો છે. પાટલિપુત્રનો રાજકીય ને સાંસ્કૃતિક ઇતિહાસ સ્મરી સ્મરીને નોંધ્યો છે. કંઈ શેષ રહ્યું નથી. છતાં વિદ્યાકેન્દ્ર તરીકે પાટલિપુત્રની મહત્તા અવશેષ રહી ગઈ છે. અતિ વિખ્યાત વૈયાકરણી પાણિનિ તેમજ તેના ગુરુ વર્ષ અને વર્ષના ભાઈ ઉપવર્ષ જેવા પ્રતિભાસંપન્ન પંડિતોએ પાટલિપુત્ર સમા વિદ્યાકેન્દ્રમાં સરસ્વતીની આરાધના કરી હતી. આ જ વિદ્યાસ્થાને વિદ્યા પ્રાપ્ત કરીને પિંગલ, વ્યાડિ, વરરુચિ ને પતંજલિએ વિદ્વાન તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. આવા સમર્થ પંડિતોએ પાટલિપુત્રમાં જ્ઞાનનો મહાયજ્ઞ આરંભ્યો હતો. એ દૃષ્ટિએ પાટલિપુત્ર વિદ્યાના એક ઉત્તમ કેન્દ્ર તરીકે પ્રખ્યાત હતું. 'કાવ્યમીમાંસા'ના કર્તા રાજશેખરે આનો સગર્વ ઉલ્લેખ કર્યો છે. પાટલિપુત્રને જ કેન્દ્રસ્થાને રાખી વિશાખદત્તે 'મુદ્રારાક્ષસ' નામક નાટકની રચના કરી છે.

૬૨૩મા અંકમાં 'મધર ટેરેસા' એ લેખમાં શ્રી બક્ષીએ 'બેકારી એમનો પેશો છે' એ વિધાનમાં 'પેશો'એ હિન્દીભાષી શબ્દ વાપર્યો છે. તે આંખમાં પડેલી નાની કાંકરીની જેમ ખટકે છે. હીન્દી ભાષાના અનેક શબ્દો ગુજરાતી ભાષામાં આજે વપરાય છે તેમ છતાં અહીં આ શબ્દ તદ્દન વિચિત્ર લાગે છે. અર્થગ્રહણની દૃષ્ટિએ પણ સમુચિત લાગતો નથી. પર્યાય શબ્દ મૂક્યો હોત તો ? બાકી લેખ અતિ પ્રશંસાપાત્ર છે—પ્રેરણાદાયક પણ ખરો.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

૨

અંક ૬૨૨માં 'માધુકરી' વિભાગમાં વિજયગુપ્ત મૌર્યનો લખેલ 'પટણાનાં ૨૫૦૦ વર્ષ'ના સંદર્ભમાં કેટલીક વિગતોનો અહીં નિર્દેશ કરું છું.

ભારતના બિહાર પ્રાંતનું સોન અને ગંગા નદીના સંગમ ઉપર વસેલું પાટનગર પટણા એટલે પાટલિપુત્ર પ્રાચીન કાળથી એક મહત્ત્વનું સ્થાન રહ્યું છે. વળી તેની એક આગવી ખાસિયત છે કે ભારતમાં બીજું કોઈ એવું નગર નહિ મળે કે જે આની જેમ ચાર નદીઓથી ઘેરાએલું હોય. આ ચાર નદીઓ છે—ગંગા, સોન, પુન પુન અને ગંડક. મેગૅસ્થેનિસના વર્ણન મુજબ આ નગરની લંબાઈ ૯$\frac{1}{2}$ માઈલ અને પહોળાઈ ૧ માઈલ ૧૨૦૦ ગજ હતી. સંરક્ષણ ખાતર નગરની ચારે બાજુ મોટી ખાઈ ખોદવામાં આવેલ હતી, જેની પહોળાઈ ૨૦૦ ગજ અને ઊંડાઈ ૬૦ ફૂટ હતી. તેમાં સોન નદીનું પાણી ભરાએલું રહેતું અને તેમાં નૌકાઓની અવર-જવર ચાલતી. આને ફરતો એક કાષ્ઠકોટ હતો, જેમાં ૬૪ દરવાજા હતા. રીઝ ડેવિડ્સ ગણતરી કરી કહ્યું છે કે 'દરવાજાઓની સંખ્યા ઉપરથી અનુમાન બંધાય કે બે દરવાજાની વચ્ચે ૬૬૦ ગજનું અંતર હશે. કાષ્ઠકોટમાં વચ્ચેવચ્ચેની જગ્યાઓમાંથી ધનુર્ધારી તીર ચલાવતા. દરવાજામાં શક્તિશાળી હાથી ઊભા રાખવામાં આવતા. વળી એક યાંત્રિક દરવાજો પણ હતો, જે લોખંડના પેચને ઘુમાવીને પાડવામાં આવતો હતો. મગધના પ્રખ્યાત સમ્રાટ અજાતશત્રુએ પોતાના મંત્રીઓ સુનીથ અને વસ્સકારની દેખરેખ હેઠળ પોતે શોધેલા સ્થળ ઉપર આ નગરનું નિર્માણ કરાવ્યું હતું.

ઈ. સ. પૂર્વે ૩૧૧ સુધીમાં એટલે કે સિકંદરના મૃત્યુ બાદ તેના સેનાપતિઓ સત્તાની લાલસામાં અંદરોઅંદર સંઘર્ષ કરતા રહ્યા એ ગાળામાં સેલ્યુકસ નિકેટોરે બૅબિલોનના શાસક રૂપે પોતાની સ્થિતિ ખૂબ જ મજબૂત બનાવી અને સિકંદરે જીતેલા ભારતના ભાગ ઉપર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવા તે કાબુલ નદી થઈ સિંધુ નદી પાર કરી આવ્યો. પરંતુ ચન્દ્રગુપ્ત મૌર્યના શક્તિશાળી સામ્રાજ્ય સામે તેણે યુદ્ધને બદલે સંધિ કરવાનું વલણ બતાવ્યું ને એ સંધિની શરતો અનુસાર તેણે ચન્દ્રગુપ્તને કેટલોક પ્રદેશ આપવો પડ્યો. મૈત્રી દૃઢ બનાવવાના હેતુથી ચન્દ્રગુપ્તે સેલ્યુકસને ૫૦૦ યુદ્ધોપયોગી હાથી ભેટ આપતા જે તેને ખૂબ ખપના થઈ પડ્યા; કેમ કે સેલ્યુકસના બીજા મિત્ર રાજાઓ લાઈસિમૅકસ તથા તોલેમીએ તેઓના શત્રુ ઍંટીગોનસ સામે સેલ્યુકસ પાસે સહાયતા માગી હતી. ચદ્રગુપ્તના આપેલા હાથીઓ ઠીક સમયે ઇપ્ટના રણક્ષેત્રમાં પહોંચી ગયા અને ઍંટીગોનસની યોજના ઉપર પાણી ફરી વળ્યું. આ સમય બાદ પશ્ચિમી દેશોમાં યુદ્ધો માટે આ હાથીઓની માગ થવા લાગી.

એપ્પિયન એમ નોંધે છે કે 'ત્યાર બાદ બંને રાજાઓ વચ્ચે વિવાહના સંબંધો બંધાયા હતા.' જ્યારે સ્ત્રાબો કહે છે કે 'બંને રાજવંશો વચ્ચે વિવાહના સંબંધો બંધાયા હતા, એ વાત અગ્રાહ્ય છે કે વર્ણોને મહત્તા આપનાર આ ભારતવર્ષે બંને જાતિઓને વિવાહ કરવાનો અધિકાર આપ્યો હોય.'

(વીરમગામ) —કિશોર સી. ઠાકર

સમયના વહેણમાં 'કુમાર'

ઘણાં વરસોથી—યુવાન વયથી 'કુમાર'નો ચાહક છું. મળે ત્યાંથી એ વાંચી લઉં છું. વચ્ચે વચ્ચે બેએક વખત એનો ગ્રાહક પણ બની ચૂક્યો છું. અમારી નાનીસરખી મંડળીમાં બીજાં માસિકો સાથે 'કુમાર' પણ મંગાવવું એવો અમારામાંના થોડાકનો આગ્રહ, એટલે ત્યાં પણ દરેક મહિને બહારથી વેચાતું લાવીએ છીએ. જોકે અમારામાંના થોડાક જ એ વાંચવાનો લાભ લેતા હશે; કદાચ બીજા માસિકની સરખામણીમાં એનું વાચન ભારેખમ, ગંભીર હોઈ સાહિત્યમાં જેઓ વ્યાપક પ્રમાણમાં રસ રાખતા હોય તે જ.

અરધી સદી કરતાં પણ વધારે સમયથી 'કુમાર' પ્રકાશિત થાય છે. શરૂઆતના વરસોમાં 'કુમાર' ખાસ કરીને કુમાર વયનાને પ્રોત્સાહન-માર્ગદર્શન અને નવુંનવું જાણવાની માહિતી આપતું હતું, જેમાંનું આજે નથી એ સ્પષ્ટ દેખાય છે. સમયના વહેણ સાથે આપ પણ બદલાયા હશો જ. જેમ વય વધે તેમ વસ્તુમાં પાકટતા પણ આવતી જાય; તેમ 'કુમાર'નાં લખાણમાં આપની દૃષ્ટિ મુજબ પસંદગી થાય તે સ્વાભાવિક છે. 'કુમાર'ની ભાવના મુજબ યુવાનોને પ્રેરણા આપતું લખાણ ખાસ નથી એ ચોક્કસ જ. આનું માપ તમે જાતે જ જાણી શકશો. જો એની મોજણી (સર્વે) કરવામાં આવે તો ખાસ કરીને યુવકવર્ગ વધારેમાં વધારે જ્યાં સમય વિતાવતો હોય તેવાં વિદ્યાલય-છાત્રાલય-યુનિવર્સિટી કૅમ્પસ વગેરે સ્થળોમાં સર્વે ફૉર્મ મોકલી સાચી માહિતી મેળવી શકાય. તો જ વસ્તુસ્થિતિની પરખ મળી જાય. મારા અંગત મત મુજબ તો યુવાન વયનાને ઉત્સાહ-પ્રેરણા કે માર્ગદર્શન મળે તેવી માહિતી આજે બીજેથી ના મળી શકતી હોય તો 'કુમાર'ના જૂના અંકમાંથી પુનઃમુદ્રણ કરીને પણ આપવી જોઈએ: જેવી કે 'પચીસ વર્ષ પહેલાં'નાં અવતરણ તમે આપો છો તે પ્રમાણે વાચકો લખે છે વિભાગમાંથી જાણી શકાશે કે યુવાન વયનાએ આમાં શું લખ્યું છે. ઘણે ભાગે ઐતિહાસિક શુષ્ક ચર્ચા જ: નરોત્તમ પલાણે કે બીજા કોઈએ આમ લખ્યું તો આમ હોવું જોઈએ તેવી બીજા કોઈની પ્રતિચર્ચા જ આવે છે. પ્રસંગો, નવી માહિતી, રસિક ચર્ચાવિચારણા ભાગ્યે જ જોવાજાણવામાં આવે છે. કદાચ દલીલ ખાતર એમ પણ જણાવી શકાય કે ઉમર વધવા સાથે યુવાનીની વ્યાખ્યા ના ગણાવી શકાય. નવા વિચારને પચાવી સમજી શકે તે બધા જ યુવાન. ઉમરને આની સાથે ભેળવી શકાય નહિ. વાત એક રીતે તો સાચી, છતાં ય પ્રૌઢ વયે ઉત્સાહ અને જોમ ઝાંખાં પડે જ છે. જે તરવરાટ, કાંઈ કરી

નાખવાની તમન્ના દિન પર દિન વધતી જતી ઉલ્લાસ જે યુવાનીમાં હોય છે તે ઉમરના વધવા સાથે ઘટતો જાય છે એ સત્ય હકીકત માનવી જ રહી.

જે શ્રી રવિભાઈ (કલાગુરુ) એમની ત્રીસી-પાંત્રીસીમાં કે આપ પોતે તે કાળે જેવા હતા તેવા સર્વસંપન્ન શક્તિશાળી તો ય આજે નથી જ નથી. એ વાત કબૂલ કરવી જ રહી. 'કુમાર' માટે નવી પેઢીને આગળ લાવવી જ રહી.

લાગ્યું તે લખ્યું. સાચું લાગતું હોય તો વિચારવાનું રહ્યું. આપ તંદુરસ્ત રહો એવી અંતઃકરણની ભાવના સાથે આપને પ્રણામ કરું છું.

(મુંબાઈ ૫૫) —સુખલાલ મ. શાહ

ગણિતગમ્મત

ઑક્ટો. અંકમાં મૂળજી જેઠુ જોષીની ગણિતગમ્મત પાછળનો ગાણિતિક સિદ્ધાન્ત આ પ્રમાણે છે: ૭,૧૧,૧૩,નો ગુણાકાર ૧૦૦૧ છે ૧૦૦૧ને (૧૦૦૦+૧) તરીકે લખ્યા પછી હવે કોઈ પણ ત્રણ આંકડાની સંખ્યા ધારો કે એ. બી. સી. છે તો એબીસી (૧૦૦૦ + ૧) = એબીસી૦૦૦ + એબીસી = એબીસીએબીસી, અવયવ ૧૦૦૧ના કારણે જ તે સંખ્યાને ૭,૧૧,૧૩થી નિઃશેષ ભાગી શકાય છે.

ગણિતગમ્મત પાછળ રહેલ સિદ્ધાન્ત આપી દેવામાં આવે તો જ નવું કંઈક સામાન્ય વાચકને જાણવા મળે નહી તો જાદુગરના જાદુ જેવા જેવું થાય તેના જાદુથી પ્રભાવિત થવાય. નવું જાણવા ન મળે.

(જામનગર) —અલીહુસેન વાય. ગાંધી

ફરી પાછું એકનું એક શીર્ષક

ઑગસ્ટ અંકમાં 'પ્રેરણાપીયૂષ' શીર્ષકથી શ્રી નંદુભાઈ-સંપાદિત જુદા જુદા લેખકોની વાર્તાઓના સંગ્રહનો પરિચય આપ્યો છે. એ જ શીર્ષક નીચે સદ્‌ગત મુનિ શ્રી નાનચંદ્રજી મહારાજે ઈ. ૧૯૫૫માં એક પુસ્તક પ્રગટાવ્યું હતું, જેમાં સદ્‌ગત છોટાલાલ હરજીવન પારેખે ('સુશીલ') ઈ. ૧૯૦૫માં પ્રગટાવેલા મહર્ષિ અરવિંદ ઘોષનાં લખાણોમાંથી ઊંડો અભ્યાસ કરીને સંકલિત કરેલાં ભાષાન્તરો ઉપરાંત વા. મો. શાહ રચિત 'પરમેશ્વરની હજૂરમાં' અને આશ્રમ 'સુધાબિંદુ' ઈત્યાદિ જનતા સમક્ષ રજૂ કર્યાં છે. કોઈ લેખકના સાચા નામને પોતાના તખલ્લુસ તરીકે ધારણ કરવું એ નીતિમત નથી તેવી જ રીતે એક લેખકે યોજેલા શીર્ષકને તફડાવી લઈ ને પોતાવા પુસ્તકને એ નામે ઓળખાવવું એ પણ સાહિત્યનીદુનિયામાં નિષિદ્ધ ગણાવું જોઈએ.

(મુંબાઇ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

૨ ('કુમાર' અંક ૬૨૫)

[* કદાચ એમને પૂર્વપ્રકાશિત પુસ્તકની જાણ ન હોય અને, એ 'તફડંચી' નહિ, પણ 'પ્રામાણિક ભૂલ' હોય એમ ન બને ?]

જૂની ફાઇલો જોઇએ છે

આજ વર્ષોથી હું 'કુમાર'નો ચાહક હોઈ ગ્રાહક છું. 'કુમાર'ના જૂના અંકો ને ફાઈલો જ્યાંથી મળી શક્યાં ત્યાંથી મેળવી મેં ૨૮ વર્ષોની પાકી ફાઈલો તૈયાર કરી છે. પરંતુ નીચે જણાવેલી બારેય અંકોની પૂરી ફાઈલો ને અંકો હજુ સુધી મેળવી શક્યો નથી 'કુમાર'ના વિશાળ વાચક સમુદાયમાંથી કોઈ મને તે આપી શકે તો તે માર ખરીદવી છે.

વિક્રમ સંવત પ્રમાણેની બારે માસની પૂરી ફાઈલો: કુમાર વર્ષ ૧-૨-૩ (સંવત ૮૦ થી ૮૩), વર્ષ ૬-૭ (સંવત. ૮૫-૮૭), વર્ષ. ૧૧ થી ૧૫ સંવત (૯૦ થી ૯૫)

ઈ. સ. પ્રમાણેની: ઈ. સ. ૧૯૪૧ને ઈ. સ. ૧૯૪૯ના બારેમાસની પૂરી ફાઈલો.

છૂટા અંકો ઈ. સ. ૧૯૩૯-અંક. જાન્યુ. (૧૮૧), ફેબ્રુ. (૧૮૨), માર્ચ (૧૮૩), મે (૧૮૫), જૂન (૧૮૬) જુલાઈ (૧૮૭) ઑક્ટો. (૧૯૦), ડીસે. (૧૯૧), ઈ. સ. ૧૯૪૦, અંક જૂન—ઑગસ્ટ, સપ્ટે., નવેમ્બર, ડિસેમ્બર, ઈ. સ. ૧૯૪૭-અંક. ફેબ્રુ. (૨૭૮), એ પ્રલ, (૨૮૦), ઈ. સ. ૧૯૪૮-અંક: ફેબ્રુ. (૨૯૦), ઑગસ્ટ (૨૯૬). દલસુખભાઈ વ્યાસ, શેરી નં. ૪ વિજય પ્લૉટ, રાજકોટ

પાછલી ફાઇલો

મૈં હિન્દી ભાષાભાષી ગુજરાતી પ્રેમી હૂઁ. તેઈસ વર્ષોંસે 'કુમાર'કા ગ્રાહક હૂઁ. ઈસી અરસેમેં યહાઁ તીન ચાર પુરાને શિષ્યોંકો ગુજરાતી ભાષા ભી પઢાઈ હૈ. કિન્તુ ફિર ભી યહ સ્થાન ગુજરાતી ભાષા કે પ્રસાર ઔર પ્રચાર કે લિએ અનુર્વર હૈ. યહાઁ હિન્દી સાહિત્ય કી હી ગતિવિધિયાં નહીં હૈ તો ફિર ગુજરાતી કે લિએ તો સ્થાન હી કહાઁ હોગા ?

મેરે પાસ ૧૯૬૨ ઈ. કી (અક્તૂબર સળંગ અંક ૮૬૬ કે છોડકર) ઔર ૧૯૬૩ ઈ. કી (નવમ્બર સળંગ અંક ૮૭૯ કો છોડકર) પૂરી ફાઇલેં હૈં. જો ભી સજ્જન ચાહેં કૃપયા સૂચિત કરેં. 'કુમાર' કાર્યાલય સે દુબારી મગાને કે કારણ ઈતને અંક હી ઉપલબ્ધ હો સકે થે (ઈન દો વર્ષોં કી પહલી ફાઈલેં અપને પરિચિત એક હિન્દી પ્રકાશકકો જિલ્દેં બંધવાને કે લિએ દિલ્લી ભેજીથી. જો કુછ દિનોં તક ગુમ રહને કે બાદ ફિર મિલ ગઈ થીં.

(હાંસી હિસાર) હરિયાણા—દયાનન્દ નારાયણ

વારુ, તું ચાહે તે રીતે / ઉશનસ્

•ગાન•

વારુ, તું ચાહે તે રીતે, તવ ઇચ્છા અનુસાર,
મનમાટી મુજ લે લે, ને દે મનમાન્યો આકાર.

પણ આટલું તો કરવું પડશે પ્હેલું, રે અત્યારે:
સીસા જેવો સખત પડ્યો છે અહંકાર મહીં ભારે;
નથી ઊંચકાતો, નથી વળતો; તું બાળ ભલે, ઓગાળ.
—વારુ૦

પોલું ફોરા ફૂલ શું કરી દે તુંબી જેવું તંન,
પતલું તાર સમું તાણી મુજ તંગ સ્રજી લે મંન,
ને પછી તવ ઇચ્છામાં આવે એ છંદે ઝંકાર.
—વારુ૦

મુજ શબરીનાં બોર ચાખી જે ભાવે તે તું રાખ,
જે જે ધડકન-મણકે તું ના હોય, તે ફોડી નાખ,
નહિ તો રુધિરાભિસરણની મુજ સ્વયં પ્હેરી લે માળ:
—વારુ૦

અમે-તમે / ચીમન પુરોહિત

•ગાન•

તમે અમારે આંગણ ઊગ્યા સુરભિત સુંદર છોડ,
અમે તમારી ડાળે મ્હોર્યા પુલકિત કોમળ કોડ.

તમે પ્રભાતે ઊઘડી આભા ગગન મહીં ગુલમ્હોરી,
અમે કશું નહિ કિંતું કેવળ ઝાકળ-બિંબ બિલોરી.

તમે અમારા મેળાકતના મહિયરમહીં જુવારા,
અમે તમારાં શમણે ફૂટતા ફોરમના ફુવારા.

તમે ઘૂઘવતો દરિયો ભીતર ભર ચોમાસે લીલો,
અમે મોરનો ગ્રોગમ વ્હેતો ભીનો કંઠ રસીલો.

તમે લચકતી ચાલ ચરણમાં ઘૂંટી કેફ શરાબી,
અમે ફરકતું હાસ તમારા વદન ઉપર ગુલાબી.

તમે શિશુની આંખે ઝરતો સાવ અચંબો ભોળો,
અમે છલોછલ હૂંફ ભરેલો સ્નેહ તૃષાતુર ખોળો.

તમે ઝળૂંબી ઊભા ઝુમ્મર મધમીઠું ઝંકોરી,
અમે ગુંજતી પારણિયાએ ગીત ભરેલી દોરી.

તમે તો છો / હનીફ સાહિલ

•ગઝલ•

હું ગ્રીષ્મની બપોર ને શ્રાવણ તમે તો છો,
સઘળી પરિસ્થિતિનું નિવારણ તમે તો છો.

હું નીલવર્ણા આભ જેવું ભીનું આગમન,
ને બારસાખે ઝૂલતું તોરણ તમે તો છો.

અંકિત વલયમાં ઘૂમતો હું થોરીલો સમય,
ને એક ભીની ભીની ભીની ક્ષણ તમે તો છો.

હું હાથની રેખા મહીં ગૂંચાયલો રહું,
ને પારદર્શી કાચ શી સમજણ તમે તો છો.

હું રિક્ત ઓરડા મહીં ખોવાયલું સ્મરણ,
જાણે કોઈ નથી અને તો પણ તમે તો છો!

જુવાન વિધવાનું ગીત
પુરુષોત્તમ 'પંકજ'

•ગાન•

પાંપણમાં સંતાડી સાતસાત સમદર 'ને
સૂરજની જેમ હું તો સળગું…

ભીડેલાં દ્વારનું ભીનું એકાન્ત થઈ
સુક્કું ભરઠ હવે જાગતું,
હોલવીને 'દીવાની શગ પછી માણેલું
અંધારું શળ થૈ વાગતું;
એનઘેન સોબતના ડૂબ્યા ચિતાર કો'ક
પડછાયાને જઈ વળગું…

ખંનકતી બંગડીના ડૂબ્યા રણકાર
હવે કાંડાએ હીંસતું વેરાન,
લાલઘૂમ ચાંદલાનો હિજરાયો શ્વાસ
ઝૂરે આયનામાં જોયાનું ભાન;
હોઠ પરે ધબ્બકતી રણ જેવી પ્યાસ
હવે મૃગજળ તે કેમ થાય અળગું?
પાંપણમાં સંતાડી સાતસાત સમદર ને
સૂરજની જેમ હું તો સળગું…

તાંકા / કિસન સોસા

યક્ષે યક્ષિણી,
દુષ્યન્તે શકુંતલા,
જોઇ મેં તને:
તું જોઈ રહી મને
છાણા વીણતી વને.

∞

અમાસ-રાતે
આભે, કુજલડીની
હાર કૂજતી…
બારી ખોલું તો નભે
આકાશગંગા ઝગે.

∞

ખરા બપોર,
માંડવો સૂનો, વેલ્ય
વહી ગૈ દૂર…
ખોરડું કોને ખોળે?
ઈ પ્હાડે પાવો ઢોળે!

∞

પ્હોના સરમાં
બૂડે હાથ મેંદીનો;
તરંગ શમે.
વહી જાતાં ઝાંઝરે
કેડી ભીંજાયાં કરે.

∞

દર્પણ ધરું
આ છેડે, ઓલે છેડે
તું મેશ આંજે:
ભરચક મોહલ્લો
વચ્ચે, વાસણ માંજે!

∞

ટેકરી-ઢાળે
એક છોડ લચેલો
ફૂલના ભારે.
મેં એનો બોજો હર્યો
અંબોડો ફૂલે ભર્યો.

∞

હાલતું જોયું
ડામણ-બાંધ્યું ઊંટ
રણ મોઝાર:
એમ મારું આયખું
ગયું, બીજું શું લખું?

નવા યુગનાં નવાં મૂલ્યો

ફાધર વાલેસ

'માનવી થઈને જીવવા માટે માનવજાતના ઇતિહાસમાં આપણા જેવો સારો યુગ નથી. પસંદગી મારા ઉપર છોડી દીધી હોત તો હું સામે ચાલીને આ જ જમાનામાં માનવ-જન્મ લેવાનું પસંદ કરત. જોઈતું હતું એ જ વેદે કહ્યું!'

એક આધુનિક લેખિકાના પુસ્તકમાં એ શબ્દો વાંચીને મારું દિલ એકદમ નાચી ઊઠયું. મારા અંતરમાં હતો એ ભાવ એણે વ્યક્ત કર્યો હતો. આપણા યુગની નિંદા સાંભળી સાંભળીને હું તો થાકી ગયો છું. કળિયુગ અને પ્રલયકાળ અને નાસ્તિકતા અને ભ્રષ્ટાચાર. અસત્યનો જય ને અધર્મનું રાજ્ય. સૌથી ખરાબ જમાનો અને સૌથી ઊતરતો યુગ. આખી માનવજાત એકીસાથે વર્તમાન યુગને વખોડવા નીકળી ગઈ હોય એમ લાગે છે. આરોપ અને ટીકા અને તિરસ્કાર. કોઈ સારું પાસું નહિ, કોઈ ઊજળું લક્ષણ નહિ; ને જમાનાની દયા ખાઇને એનો બચાવ કરવા જઈએ તો બધા તૂટી પડે; 'શું, પાપનો બચાવ થાય? અનીતિની દયા ખવાય! આ તો આપણાં કર્મ ફૂટયાં અને એનું ફળ ભોગવી રહ્યાં છીએ, બીજું શું?' એવું કહે અને આપણું મોં બંધ કરી દે.

તો ય દિલમાં આપણા યુગ માટે મમતા છે, શ્રદ્ધા છે, ગર્વ છે. લોકોની આગળ તો એ સ્હેલાઈથી રજૂ ન થાય, પણ ઊંડે ઊંડે એ ને સ્પષ્ટ છે. તેથી એ પુસ્તકમાં એ જ ભાવની સીધી અને ગૌરવપૂર્ણ ઘોષણા જોઈને દિલ આનંદથી નાચી ઊઠયું. જમાનો સારો છે અને અવસર શુભ છે ને યુગ મંગળ છે. પસંદ કરવા દેત તો આ જ પસંદ કરત. આ ટાણે જન્મ મળ્યો એ આપણું સદ્‌ભાગ્ય છે, મોંઘું ને વિરલ વરદાન છે.

આપણો કાળ સંક્રાંતિનો કાળ છે. એમાં એનું મહત્ત્વ, એનું સૌંદર્ય—અને એનું જોખમ છે. બે યુગ વચ્ચેની કડી છે, એટલે બંનેનો સાર એમાં આવી શકે; પરંતુ વચગાળો છે એટલે બંને છેડા પણ એ ચૂકી શકે. એ આ વિરલ ઘડીનો સુયોગ છે. કાં તો ધોબીના કૂતરા બનીને ઘર અને ઘાટની વચ્ચે રખડી પડીએ, કે કાં તો શ્રદ્ધા રાખીને ઇતિહાસના બે મહાન ખંડોની વચ્ચે જીવંત સેતુ બની જઇએ.

જૂના જમાનામાં સાચાં મૂલ્યો હતાં એ દિલથી સ્વીકારીએ છીએ. એ મૂલ્યોની કદર છે, એને માટે પૂરું માન છે. એને લઇને આપણો અર્ધો જન્મારો તો વીતી ગયો, આપણું ઘડતર થયું, આપણું જીવન બંધાયું; માટે એની કૃતાર્થતા છે, એનો વારસો છે. આપણને ઘણું મળ્યું હતું એનું ભાન છે, અને એનો ઉપકાર મનમાં તાજો છે. પણ આપણને હવે હજી વધારે મળવાનું છે એનું ભાન પણ છે. એની આગાહી છે. નવા યુગમાં નવાં મૂલ્યો છે, એનો નવો ને અણધાર્યો ને વધારેનો વારસો પણ મળવાનો છે. એની ખુશાલી છે એનો ઉત્સવ છે. આપણને બમણું ભાથું મળવાનું છે, બે યુગના લાભ મળવાના છે એ શું આનંદની વાત નથી?

પણ બે યુગના લાભ મળે એ માટે બંનેની તરફ મન ખુલ્લું રાખવું જોઈએ. નવાં મૂલ્યો સમજાય એ માટે જૂના પૂર્વગ્રહો છોડવા જોઈએ. એક યુગનો સૂરજ આથમી ગયો. હવે આથમતા સૂર્યની પૂજા કરતાં કરતાં પશ્ચિમ તરફ મોં રાખીશું તો પૂર્વમાં ઊગતા નવા સૂર્યનો ઉદય ચૂકી જઈશું. જરા દિશાફેર જોઈએ, બીજી ક્ષિતિજ નિહાળવાની તૈયારી જોઈએ.

નવાં મૂલ્યો એમ તો જૂનાં મૂલ્યોનું નવું સ્વરૂપ જ છે. મૂળ તત્ત્વ શાશ્વત છે, પણ એના અવતાર જુદા જુદા હોય છે. નવા યુગમાં નવો અવતાર શોભે ને? પણ ભગવાન એક જ છે; સત્ય એક જ છે; ધર્મ એક જ છે. નવા વેશે જૂનું તત્ત્વ ઓળખવાનું છે. નવી ભાષામાં જૂના સિદ્ધાંતો ઉચ્ચારવાના છે. ને એ બધા ઉચ્ચાર ને વેશ ને અવતાર લઈને સત્યનું પૂર્ણ સ્વરૂપ પાંગરશે.

માણસ તો ટેવવાળું પ્રાણી છે, એટલે ટેવ હોય તે પ્રમાણે ચાલે છે. જૂનું ફાવે છે; નવું સાહસ ખેડવાની આળસ લાગે છે. જૂની પથારીમાં સારી ઊંઘ આવે. જૂની ઢબની ખીચડી ભાવે. પણ નવા સ્વાદ ફરવાની અને નવાં સાહસ ખેડવાની તૈયારી નહિ હોય તો જૂના ગામમાં જ આખી જિંદગી રહેવું પડશે. કન્યા નવા ઘરમાં જવા નીકળે ત્યારે રડી પડે—પણ નવા ઘરમાં નહિ જાય તો નવું કુટુંબ નહિ મળે અને એ માતા નહિ બને. દેહ છોડતી વખતે ખુદ આત્મા મૂંઝાય છે—પણ જૂનો દેહ છોડયા વગર નવો જન્મ નહિ મળે અને મોક્ષ નહિ મળે. જૂનું પ્રિય છે, સલામત છે, સગવડભર્યું છે; પણ નવામાં તો નવું જીવન છે.

નવા યુગમાં પણ નવું જીવન છે. એ શોધવાનું છે, અપનાવવાનું છે. નવાં મૂલ્યો છે એ બહાર લાવવાનાં છે, અમલમાં મૂકવાનાં છે. એ નવાં મૂલ્યો હવે શોધીશું, લાવીશું, પ્રગટ કરીશું; પણ એ માટેની અગત્યની શરત ને આવશ્યક પૂર્વતૈયારી એ છે કે વર્તમાન યુગ સાથે સમાધાન ને દિલથી એનો સ્વીકાર. અને માટે જો કેવળ રંજ અને અફસોસ અને ફરિયાદ જ હશે તો એના લાભ નહિ મળે. જૂનો જમાનો ગયો એની શોકસભા મળી તે હજી ઘણા લોકોના મનમાં ચાલુ છે. અને એ શોકસભા ચાલુ હોય ત્યાં સુધી નવા યુગનો જન્મસમારંભ મળી ન શકે. માટે જૂના જમાનાના અવસાનની શોકસભા હવે તો વિખેરી નાખીએ.

નવા યુગની વધામણી છે, નવા જન્મનું મંગળ મુહૂર્ત છે. આ કાળમાં જીવવું 'પડે' એમ નહિ— જીવવું 'ગમે'! એને માટે દિલમાં ફરિયાદ નહિ—અભિનંદન છે! આ મહાન ને ભવ્ય ને સંક્રાંતિના ને પ્રસુતિના યુગમાં જીવવાનું મળ્યું એની ઊંડી પ્રસન્નતા છે. હવે એને લાયક બનીએ □

જો તારા સૌ સાથીઓ પોતાના મગજ પરનો કાબૂ ગુમાવે અને તેનો દોષ તારે શિર ઓઢાડે ત્યારે યે તું તારા પર કાબૂ રાખી શકે;
ધૈર્ય ધારણ કરી શકે, અને તેમ કરવામાં જરા પણ ન કંટાળે;
બીજાઓના ધિક્કારની લાગણીને પણ તું ધોળીને પી જઈ શકે;
તું સ્વપ્નસેવી હો, પણ સ્વપ્નોનો ગુલામ ન બનતો હો;
વિજય અને પરાજય બંનેમાં તારું માનસિક સ્થૈર્ય જાળવી શકે;
તારાં કર્તવ્ય અડગ રહી બજાવ્યે જઈ શકતો હો;
લોકો સાથે ભળવા છતાં તું તારું વ્યક્તિત્વ જાળવી શકતો હો, અને મોટા મહાનુભાવોના સંબંધમાં આવવા છતાં પણ જનતાથી વિમુખ ન થઈ જતો હો—

તો આ આખી યે પૃથ્વી તારી જ છે અને ખરું તો એ કે તો જ તું સાચો મનુષ્ય છે.

—રડયાર્ડ કિપ્લિંગ



સર એડવિન લૅન્ડસીઅર

જનસામાન્યથી માંડીને રાજકુટુંબ સુધીના સમસ્ત સમાજનો લાડીલો કલાકાર, કાબેલ એન્ગ્રેવર તથા ડાબા-જમણા બંને હાથે એકીસાથે એક જ સરખા કૌશલથી ભિન્નભિન્ન ચિત્રો કરી શકનાર સવ્યસાચી ચિત્રકાર

લેખક: 'ભર્ગ'

છેક પાંચ વર્ષની વયથી ચીતરવા માંડીને જેણે સતત અભ્યાસ-અવલોકન અને પરિશ્રમ કરતા રહી ઓગણત્રીસમા વર્ષે શાહી ચિત્રકારનું પદ પ્રાપ્ત કર્યું, હેતભરી દૃષ્ટિથી પ્રાણીઓનાં વ્યક્તિત્વ અને મનોભાવોને અંકિત કરવામાં જેણે બેજોડ સિદ્ધિ દાખવી એ

પ્રાણીચિત્રણાનો પાદશાહ

ઈ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયા ઇંગ્લૅન્ડની ગાદી પર આવ્યાં. એમના શાસનકાળમાં અંગ્રેજ પ્રજાની સભ્યતા ને સંસ્કૃતિએ નવો જ વિકાસ સાધ્યો અને પ્રજામાં વિપુલ વૈભવ આવ્યો. કવિઓ, ચિત્રકારો, શોધકો, શોધસફરી પ્રવાસીઓ વગેરેનાં માન-આદર વધ્યાં. વિક્ટોરિયન યુગ તરીકે એ કાળ ઓળખાય છે. આ પહેલાંનાં સાહિત્ય અને ચિત્રસર્જનોમાં બહુધા યુરોપમાં પ્રચલિત ગ્રીક, રોમન કે બાઈબલના કથાપ્રસંગોનું વિષયવસ્તુ લેવાતું. આ સીમિત ખયાલોના બંધનમાંથી છૂટીને સમકાલીન રોજિંદા લોકજીવનને તથા શેક્સપીઅર, શેલી, વર્ડ્ઝવર્થ વગેરે સાહિત્યકારોની જીવનદૃષ્ટિને એ કાળના કેટલાક ચિત્રકારોએ અપનાવી 'પ્રી-રાફેલાઈટ ચિત્રકારવૃંદ' તરીકે ઓળખાએલા એ ચિત્રકારોએ પ્રજાને ઇંગ્લૅન્ડની સંસ્કૃતિ, સભ્યતા ને ભૂમિના આગવા સૌંદર્યનું ભાન કરાવ્યું. એમાં યે વિક્ટોરિયન યુગનો જ કહી શકાય એવો તો એક સર જૉન એવરેટ મિલે જ હતો. પાછલા કાળમાં સમકાલીન પ્રસંગોથી પ્રજાજીવનમાં એણે કલાપ્રેમ જગાડયો હતો.

રાણી વિક્ટોરિયના એ જાજ્વલ્યમાન યુગમાં ઇંગ્લૅન્ડનું રાજકારણ પણ વિકાસ પામ્યું હોઇને અન્ય ક્ષેત્રોની પેઠે લોકસત્તા પણ પ્રબળ બની હતી. પરિણામે ચિત્રકળા વધુ લોકાભિમુખ બની હતી. લોકોના આદર્શો અને પ્રતિબિંબિત કરવા સાથે એ વધુ ઘરેલુ અને સરળતાથી સમજાય એવી બની હતી. રોજ-બ-રોજ જોવા મળતા પ્રસંગો, દશ્યો ને અનુભવો એમાં ચિત્રિત થવા લાગ્યાં હતાં. કોઈ પણ સામાન્ય જન સમજી શકે એવી એની રજૂઆત થતી. ટેઈટ ગૅલરીમાં સંઘરાએલું ફ્રિથ નામક ચિત્રકારનું ઈ. ૧૮૫૮નું 'રેલવે સ્ટેશન'નું એક ચિત્ર આનું સરસ ઉદાહરણ છે. જેના વડે ઇંગ્લૅન્ડની દુનિયા વસી છે એવા, ત્યાંનો સંસાર ચલાવનારા, લગભગ દરેક પ્રકારનાં માનવ પાત્રો એમાં જોવા મળે છે. એ ચિત્ર ખૂબ હલચલ મચાવીને અતિ લોકપ્રિય થઈ ગયું હતું, કેમ કે એમાં નિરૂપાએલી, લગભગ દરેક પ્રકારના ભાવ અને વિચારોમાં પ્રકટ થતી પરિચિતતાથી સામાન્ય આદમી પણ એ ચિત્ર માણી શકતો હતો.

ઈ. ૧૮૦૨ થી ૧૮૭૩ સુધીનો જીવનકાળ ભોગવી ગએલો લૅન્ડસીઅર પણ આવો જ એક લોકાભિમુખ ચિત્રકાર હતો. પણ એનાં એ લોકગમ્ય ચિત્રોના વિષયો તદ્દન નિરાળા હતા. રૉયલ ઍકૅડેમીશીઅન (શાહી કલા-અકાદમીના સભ્યપદ)નું ઉચ્ચ માન પામેલો એ સર એડવિન લૅન્ડસીઅર રાણીનો ખાસ માનીતો અને લોકપ્રિય પ્રમુખ ચિત્રકાર હતો. વિક્ટોરિયનં યુગના એક શ્રેષ્ઠ એન્ગ્રેવર (જેના વડે છાપી શકાય તેવાં ચિત્રબિંબ–ધાતુની પ્લેટો–ઉપર કલાત્મક ચિત્રોને કોરી ઉતારનાર કલાકાર) જ્હૉન લૅન્ડસીઅરનો આ એડવિન હેવી ત્રીજો પુત્ર હતો. એન્ગ્રેવિંગના કલાકૌશલ પર પિતાએ એક પુસ્તક પ્રકટ કર્યું હતું, એમાંથી માર્ગદર્શન મેળવી એડવિન ને એનો ભાઈ ટૉમસ અચ્છા એન્ગ્રેવર બન્યા હતા.

પરણ્યા પહેલાં એડવિનનાં માતા મિસ પૉટ્સ એ સમયના કલાકાર મંડળમાં સારી પેઠે પરિચિત હતાં. ઇંગ્લૅન્ડની રૉયલ ઍકૅડેમીના સ્થાપક સર જોશુઆ રેનૉલ્ડ્ઝે પોતાના એક વિખ્યાત ચિત્રમાં ભારો ઉપાડી જતી ઝૂંપડાવાસી બાળાના પાત્ર માટે આ કુ. પૉટ્સને જ મૉડેલ તરીકે લીધેલાં. આમ, ઉચ્ચ કલાકારોના વર્તુળમાં ઘૂમતાં કુ. પૉટ્સ જ્હૉન લૅન્ડસીઅરના પરિચયમાં આવ્યાં અને એ બંનેએ લગ્ન કરી લંડનના પૂર્વ ભાગમાં ક્વીન ઍન્ડ સ્ટ્રીટમાં ઘર માંડયું. એમને ચાર્લ્સ, ટૉમસ અને એડવિન એ ત્રણ પુત્રો અને ચાર પુત્રીઓ થએલાં. પિતાને પગલે ત્રણ પુત્રોએ કલાકૌશલમાં પ્રવીણતા દાખવી નામ કાઢેલું.

જ્હૉન લૅન્ડસીઅરે એ જમાનામાં એક મોટી ઝુંબેશ ચલાવેલી. રૉયલ ઍકૅડેમીમાં ઍન્ગ્રેવરને પણ કલાકારની બરોબરનું સ્થાન મળવું જોઇએ એ એમની લડતનો મુદ્દો હતો. ખુદ ચિત્રકારો પણ ફિદા થઈ જાય એટલું સરસ તેઓ એમના ચિત્રનું ઍન્ગ્રેવિંગ કરી આપતા. પરિશ્રમ, કામની લગન અને મૂળ કૃતિને આબેહૂબ ઉતારી આપવાનું કૌશલ એ એમની સિદ્ધિનું રહસ્ય હતું. અનુભવે એમને પાકી પ્રતીતિ હતી કે આ કાર્ય ચિત્રકારના કામ કરતાં જરા પણ ઊતરતું કે સરળ નહોતું. અને એ રીતે એમને પોતાના વ્યવસાય અંગે પૂરું ગૌરવ હતું. એન્ગ્રેવિંગને કલાસર્જનની કક્ષાનું કામ ગણવા માટેની એમની એ માગ ગેરવાજબી પણ



△ સજગ સંત્રી: પોતાના માલિકના સામાનનું રક્ષણ કરતા શ્વાનનું લૅન્ડસીઅરનું આ ચિત્ર હૈદરાબાદ સાલારજંગ મ્યૂઝિયમના સંગ્રહમાં છે.



'ડિગ્નિટી ઍન્ડ ઈમ્પ્યુડન્સ' ▷


ગૌરવ અને બેઅદબી: લૅન્ડસીઅરનું એક વિખ્યાત ચિત્ર. પોતાના આવાસમાં ગૌરવથી બેઠેલા જાતવાન કૂતરાને પડછે તેની બાજુમાં પેસી જઈને એના સમોવડા દેખાવાની ટચુકડા જેવા કૂતરાની ધૃષ્ટતાની સચોટ રજૂઆત

નહોતી. અલબત્ત, અકાદમીએ પ્રથમ તો એમના તરફ બહુ લક્ષ આપ્યું નહિ, બલ્કે એક ભેજાગેપ કારીગર ગણીને એની ઉપેક્ષા પણ કરી. પણ જ્હૉને પોતાની માગ એક લડતની જેમ જારી જ રાખી. લોકો સમક્ષ અને સભાઓમાં એમણે પોતાનો નાદ ગજાવ્યે જ રાખ્યો. આખરે જ્હૉનને મનાવી લેવા માટે કલાક્ષેત્રે શક્તિમાન વ્યક્તિઓની એક સમિતિ દ્વારા એમને 'એસોશીએટ એન્ગ્રેવર ટુ ધી ઍકૅડેમી' બનાવી ખાસ મહેરબાનીની રાહે એમની ઍકૅડેમીમાં નિમણૂક કરી, પરંતુ અકાદમીના બંધારણના કોઈ નિયમમાં ફેરફાર કર્યો નહિ. પણ જ્હૉનની ઝુંબેશ તો જારી રહી. છેવટ એના અવસાન બાદ અકાદમીના જ એક સભ્યની દરખાસ્તથી 'કલાકાર'નું નામ પાડ્યા વિના એન્ગ્રેવરને ઍકૅડેમીમાં કલાકારની બરોબરીના ગણવાનું સ્વીકારાયું. આ દરમિયાન એના પુત્રો તો અચ્છા એન્ગ્રેવર ઉપરાંત ચિત્રકાર તરીકે પણ ખ્યાત થઈ ચૂક્યા હતા.

અનેક વિશિષ્ટ પ્રતિભાઓની જેમ એડવિનને પણ બચપણમાં ભણતરનો અણગમો જ હતો. નિશાળેથી છટકીને એને ચિત્રો કરવાં ગમતાં. પાંચ જ વર્ષની વયથી એના હાથમાં ચીતરવા જેટલી સ્થિરતા કેળવાઈ ચૂકી હતી. દીકરાને ભણવા કરતાં ચીતરવામાં જ રસ અને શક્તિ છે એમ લાગ્યા પછી પિતાએ એને ચિત્રકામ શીખવવા માંડ્યું ને આજુબાજુનાં ખેતરોમાં રખડીને ઘેટાંબકરાં વગેરેનાં ચિત્રો કરતા રહેવાનું સૂચવ્યું. એમના ઘરની નજીક હૉવિટ્સ નામના એક ગૃહસ્થ રહેતા હતા. જ્હૉન લૅન્ડસીઅર ઘણી વાર એમને માર્ગ પર મળી જતા. જ્હૉને એમને એક વાર કહ્યા પ્રમાણે ત્યાંનાં એ ખેતરો એ એડવિનના પ્રારંભિક સ્ટૂડિયો સમાં હતાં. સાતઆઠ વર્ષની વયના એડવિનને અહીં લાવી જ્હૉન ત્યાં ચરતાં ફરતાં પ્રાણીઓ ચીતરવાનું કહેતા અને પછી ત્યાં ને ત્યાં જ એકાદ ઓક વૃક્ષ નીચે બેસી એની ભૂલો બતાવી એનું કામ સુધારતા.

આમ, એડવિન ભાગ્યશાળી હતો કે નિશાળમાં ઠોઠ એવા એને પોતાના ઊછરતા જીવનકાળમાં કલાકાર પિતાનું પ્રેમાળ માર્ગદર્શન મળતું અને પોતાને ગમતા ચિત્રકાર્યના ઘડતરની તક મળતી. બચપણથી જ એ વિવિધ પ્રાણીઓની આગવી ખાસિયતોથી વાકેફગાર બની શક્યો હતો; એટલું જ નહિ, એ પ્રાણીઓની વિનોદ ઊપજાવે એવી ભાવછટાઓ એ બતાવી શકતો. આઠ વર્ષની વયે એણે ચીતરેલાં એ પ્રાણીઓ (ગધેડો, ઘેટું ને બંડ તથા મરઘાં)નાં ચિત્રો લંડનના વિખ્યાત સાઉથ કેન્સિંગટન મ્યૂઝિયમમાં આજે યે જોઈ શકાય છે. પોતાના એ પ્રારંભકાળથી જ એડવિને દિલ દઈને પરિશ્રમ આદર્યો હતો. પ્રાણીઓની ખાસિયતો પર એ અચૂક ધ્યાન આપતો. માત્ર ભરવાડ જ પારખી શકે એવાં ઘેટાંનાં આગવાં લક્ષણો એડવિનની નજર બહાર ન રહેતાં. એણે ચીતરેલું પ્રાણી એની સમગ્ર જાત જેવું નહિ, પણ એ પ્રાણીના પોતીકા નિરાળા વ્યક્તિત્વથી અલગ પડતું એવું ઓળખી શકાતું. માત્ર એકાદ વાર–અને એ પણ કેવળ થોડા સમય પૂરતું જ–જોએલું પ્રાણી પણ એને બરાબર યાદ રહેતું, અને માનવ-તસ્વીરના ચિત્રકારો જેવી રીતે પોતાના પ્રત્યેક પાત્રની ઓળખ સચોટ રીતે રજૂ કરી શકે છે તેટલી જ આબેહૂબતાથી એડવિન દરેક પ્રાણીના પોતાના વ્યક્તિત્વને રજૂ કરી શકતો. જોકે એ યુગના અન્ય ચિત્રકારો પણ પ્રાણીઓ તો ચીતરતા, પણ એ તો કોઈ રાજારાણી કે અમીર-ઉમરાવની છબિ સાથે પાળેલાં પ્રાણી તરીકે અને મૂળ તસ્વીરના એક પૂરક અંગ તરીકે ચીતરતા. એમની એવી પ્રાણીચિત્રણાથી એડવિન લૅન્ડસીઅર ઘણો આગળ હતો. એણે તથા એના ભાઈઓએ એન્ગ્રેવર તરીકે પણ ઘણીસારી કમાણી કરી હતી. લગભગ ૧૦,૮૨,૪૦૦ રૂપિયા જેટલી રકમ તો એમને માત્ર પોતાની કોરેલી કૃતિઓના કોપીરાઈટની ફી તરીકે મળી હતી.

તેર વર્ષની વયથી જ એડવિનની પ્રતિભા પ્રકટ થવા લાગી હતી. એ વયે, ઈ. ૧૮૧૫માં, એણે રૉયલ ઍકૅડેમીના વાર્ષિક ચિત્રપ્રદર્શનમાં સેઈન્ટ બર્નાર્ડ કૂતરાનું એક ચિત્ર રજૂ કરેલું, જેની ચિત્રણાની સબળ હથોટી આશ્ચર્યકારક બની રહેલી. એ ચિત્ર વડે એણે ઇંગ્લૅંડની સમગ્ર ચિત્રકળાના ક્ષેત્રમાં એક નવી જ કેડી પાડી. આ અગાઉની, સર જોશુઆ રેનૉલ્ડ્ઝ, ગેઈન્સબરો અને કૉન્સ્ટેબલે આલેખેલી તસ્વીરોમાં જોવા મળે છે તેમ, માનવપાત્રોના સાથમાં ચિત્રના પૂરક અંગ તરીકે નહિ પણ સ્વતંત્રપણે માત્ર પ્રાણીઓનાં જ ચિત્ર કરીને લૅન્ડસીઅરે એમના આગવા વ્યક્તિત્વને બહાર આણ્યું. ખાસ કરીને કૂતરા પ્રત્યે એને કંઈક વધુ



'ચોકિયાત' : લૅન્ડસીઅરે ઈ. ૧૮૨૫માં કરેલું એક એચિંગ. આંખો અને અંગસ્થિતિ દ્વારા આ ચોકિયાતની સ્વસ્થ સજગતાને પ્રકટ કરવાની લૅન્ડસીઅરની આવી સિદ્ધિ પ્રાણી–ખાસ કરીને કૂતરાથી એ કેટલો પરિચિત હતો. એટલું જ નહિ, પણ એચિંગ જેવા હાથની પૂર્ણ સ્થિરતા માગતા માધ્યમ પર પણ એનો કેવો કાબૂ હતો એનું આ ચિત્ર દ્યોતક છે. જેમ એન્ગ્રેવિંગ ને એચિંગ એમ મેઝોટિન્ટ પર પણ એને એવી જ ફાવટ હતી અને આ માધ્યમોના મિશ્રણથી પણ એણે કેટલીક સુંદર કૃતિઓ રચી છે.

પક્ષપાત હોય તેમ એની સંખ્યાબંધ કૃતિઓ જોતાં લાગે છે. એનાં પ્રાણીઓમાં માનવ પાત્રોની પેઠે જ ભાવના અને લાગણીનાં દર્શન થાય છે. (જુઓ આ સાથેનું કૂતરાનું એન્ગ્રેવિંગ.) ઘણી વાર એમાં વિનોદવૃત્તિ પણ જાગતી દેખાય છે. 'ઈમ્પ્યુડન્સ ઍન્ડ ડિગ્નિટી'—ઉદ્ધતાઈ અને ગૌરવ —નામક એના એક વિખ્યાત ચિત્રમાં એક જંગી માસ્ટિફ કૂતરા જોડે બેસાડેલા નાનકડા સ્કૉચ ટેરીઅરને જોઈ આપણને ચિત્રને અપાએલા નામની સાર્થકતા સમજાઈ જાય છે. માણસના જેવી આવી ખાસિયતો પ્રાણીઓમાં પણ જોવા મળે છે, ને એ ક્યાં ને ક્યારે પ્રકટ થાય છે તેનું લૅન્ડસીઅરને બરાબર જ્ઞાન હતું. આ રીતે પ્રાણીના વ્યક્તિત્વને ઉપસાવવામાં એની હથોટી અનન્ય હતી. એ દિશામાં એ વિરલ કલાકાર હતો. એનું આલેખલું કૂતરું એ માત્ર કૂતરું નહિ, પણ મોતી, ટાઈગર કે ટપુડો જે કોઈ હોય એ જ કૂતરું બની રહેતું. એ જ રીતે અન્ય પ્રાણીઓના આલેખનમાં પણ એની આ અનન્ય શક્તિ પ્રકટ થતી.

એ તેર વર્ષનો હતો ત્યારે પિતાએ એને તથા એના ભાઇને હૅડન નામના એક ચિત્રકારને ત્યાં અઠવાડિયે એક વાર ચિત્રકામના પાઠ લેવા જવાની ગોઠવણ કરેલી. હૅડન તો પરંપરિત રીતે મરેલાં પ્રાણીઓને ચીરીને એના અંગઉપાંગ, સાંધા, હાડકાં ને માંસપેસીઓ તથા તેનાં કાર્ય અને ગતિનો અભ્યાસ કરાવતો. એ કાળે પ્રાણી કે માનવશરીરનો આ રીતે જ અભ્યાસ થતો. લૅન્ડસીઅરના ઘડાએલા હાથને હૅડનની આવી તાલીમની જરૂર તો નહોતી જ, પણ હૅડન પાસેથી એને કેટલીક ધંધાદારી તરકીબો અને રહસ્યનું જ્ઞાન મળ્યું. એડવિનને ચિત્રોના પાઠ લેવાની જરૂર નહોતી એટલે એ તો ત્યારના જાણીતા ચિત્રકાર લેસ્લીના મૉડેલ તરીકે બેસતો. ગુચ્છાદાર વાળવાળા કિશોર તરીકે એડવિન એક અચ્છું મૉડેલ હતો. વળી, વખત મળ્યે એ નજીકના જ એક પ્રાણીબાગમાં પહોંચી જતો ને ત્યાં સિંહ, વાઘ, હરણો વગેરેના સ્કેચ કરતો. ઈ. ૧૮૧૭નું વર્ષ આવતાં, એટલે કે પંદર વર્ષની વયે પહોંચતાંમાં તો એડવિન લૅન્ડસીઅરે ચિત્રકાર તરીકે પ્રતિષ્ઠા મેળવી લીધી હતી.

એ પછી તો સ્કૉટલૅન્ડના મશહૂર નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટ સાથે લૅન્ડસીઅરને ગાઢી મિત્રતા બંધાઈ હતી. એની સાથે ઘૂમીને લૅન્ડસીઅર ત્યાંના હાઇલૅન્ડ પ્રદેશનું પહાડી સૌંદર્ય જોઈ પરમ મુગ્ધ બની ગએલો. બંને મિત્રો ઘણી વાર સાથે શિકારે જતા. લેસ્લી વિલ્સન પણ એમની સાથે જતા. એક વખત એક જગ્યાએ બેસીને તેઓ શિકારની રાહ જોતા હતા એવામાં એક જંગી ઊંચાં શિંગડાંવાળો સાબર આવી ચડ્યો. સ્કૉટે તુરત બંદૂક ઉઠાવવા કહ્યું, પણ લૅન્ડસીઅરે તો બંદૂક હડસેલી દઇને ખિસ્સામાંથી કાગળ-પેન્સિલ કાઢી ઝડપથી પેલા સાબરનો સ્કેચ કરવા માંડ્યો. પાછળથી એના પરથી લૅન્ડસીઅરે એનું 'મૉનાર્ક ઑવ ધ ગ્લેન (ખીણનો બાદશાહ) નામક એનું વિખ્યાત ચિત્ર કર્યું. આમ, પ્રાણીઓને મારવાને બદલે એ એનો પ્રેમી બની ગયો હતો.

ઈ. ૧૮૨૭માં, ૨૪ વર્ષની વયે એને ઍકેડેમીમાં 'એસોસીએટ સભ્ય' બનાવવામાં આવ્યો અને પાંચ જ વર્ષ પછી એને 'ઍકેડેમીશીઅન'નું

'મૉનાર્ક ઑવ ધ ગ્લેન' ખીણનો શહેનશાહ. ▷ સ્કૉટલૅન્ડની પહાડીમાં જેનો શિકાર કરવાને બદલે એને ચિત્રમાં ઉતારવાનું લૅન્સીઅરે વધુ પસંદ કરેલું એ એનું ખ્યાતચિત્ર. નીચેઃ સ્કૉટલૅન્ડના પહાડી પ્રદેશ પર લૅન્ડસીઅર અત્યંત મુગ્ધ બની ગએલો. એ પ્રદેશનાં એણે ચીતરેલાં દૃશ્યચિત્રોમાંનું એક. જમણી બાજુ છેડે: લંડનના ટ્રફાલ્ગર સ્કવેરમાંના નેલ્સન-સ્મારકમાંના લૅન્ડસીઅરે કરેલા ચારમાંનો એક સિંહ. પ્રાણીશરીર રચનાના એના જ્ઞાનની પ્રતીતિ કરાવતું એનું જગવિખ્યાત શિલ્પ.





પદ મળ્યું. આ જ અરસામાં એની ચિત્રશક્તિના શિરપેચ સમું 'હાઈ લાઈફ ઍન્ડ લૉ લાઈફ' નામનું ચિત્ર ચીતરાએલું. વર્નન ખાતેની નૅશનલ ગૅલેરીમાં એ સંઘરાએલું છે. મૃત્યુ પામેલા ભરવાડના શબ પાસે શોકાત બની બેઠેલા કૂતરાનું એનું એક ચિત્ર 'ચીફ મોર્નર' પણ વિખ્યાત છે. એ કૂતરાના ચહેરા પરની કરુણતા જોનારાને પણ આર્દ્ર બનાવી દે છે.

લૅન્ડસીઅરનાં ઘણાં ચિત્રો પરથી સુંદર એન્ગ્રેવિંગ બનેલાં છે. આજના જેવી છપાઈ-પદ્ધતિ તો ત્યારે હતી નહિ. ચિત્રકારોની કૃતિ ઉપરથી ધાતુની તકતી ઉપર એન્ગ્રેવરો એની અવળી છાપ કોરતા અને એના પરથી કાગળ ઉપર સવળી છાપ ઊતરતી બહુ જ કૌશલ ને ધીરજ માગી લે એવું એ કપરું કામ હતું. મૂળ કલાકારને પૂરેપૂરા વફાદાર રહીને, અસલ કૃતિની બધી જ લાક્ષણિકતાઓ, ભાવ, છાયાપલટા વગેરે યથાતથ જાળવીને એન્ગ્રેવિંગ તૈયાર કરવું એ પણ એક કલાકૃતિ સર્જવા જેટલું મહત્ત્વનું ને મુશ્કેલ કાર્ય હતું. એડવિનના પિતા એન્ગ્રેવર તરીકે આ બધી મુશ્કેલીઓથી માહિતગાર જ નહિ, અનુભવી હતા, અને એટલે જ તે ઍકૅડેમીમાં એન્ગ્રેવરને કલાકાર જેટલું જ મહત્ત્વ આપવાના જીવનભર આગ્રહી રહ્યા હતા. એ કાળમાં નામી કળાકારોની કૃતિઓ એન્ગ્રેવિંગની છાપ દ્વારા જ જનસામાન્યને સુલભ થઈ શકતી હતી. લૅન્ડસીઅરની ઘણી કૃતિઓ આ રીતે સંખ્યાબંધ ઘરોમાં પહોંચી હતી. પોતાનાં સજીવસમાં પ્રાણીચિત્રો અને ઉમદા દૃશ્યચિત્રો દ્વારા એ સમયના કલાજગતમાં એડવિન લૅન્ડસીઅરની બોલબાલા હતી, એટલું જ નહિ પ્રાણીઓનાં હૂબહૂ ચિત્રો દોરવામાં એ ખરા અર્થમાં 'અદ્વિતીય' હતો. અને કૂતરાં પરનો એનો પ્રેમ તો માત્ર ચિત્રાલેખન પૂરતો જ સીમિત નહોતો. અનેક નાનાવિધ જાતનાં કૂતરાં એકઠાં કરીને એણે નજીકના જંગલમાં વસાવ્યાં હતાં.

રૉયલ ઍકૅડેમીમાં સ્થાન મળ્યા પછી, એટલે કે ઈ ૧૮૨૬થી એણે



પિતાના ઘરથી અલગ પોતાનો સ્ટૂડિયો સ્થાપ્યો. અત્યાર સુધી એના વ્યાવસાયિક વ્યવહારનું સંચાલન એના પિતા સંભાળતા. લન્સીઅર પાસે ચિત્રો કરાવી એના વેચાણની વ્યવસ્થા એ જ કરતા; એડવિન માત્ર ચિત્રકામમાં જ મચ્યો રહેતો. પણ પુખ્ત થવા સાથે પોતાના વ્યવહારનો બોજ એણે જાતે ચલાવવા માંડયો.:કામ તો એની પાસે પુષ્કળ રહેતું જ.

એક વાર એક જણે એને મધરાતે જગાડયો અને કરગરીને વિનતિ કરી કે 'મારો વહાલો કૂતરો મરી ગયો છે. સવારે તો એના અવલમંજલની વ્યવસ્થા કરવી પડશે, પણ એની યાદ માટે મને એની છબિ ચીતરી આપો.' એડવિને પોતાના પરના કામના દબાણને કારણે પ્રથમ તો ના પાડી, પણ પેલા આદમીની વિનવણી અને એની પાછળના એના કૂતરા પ્રત્યેના પ્રેમને જોઈ એ પીગળ્યો. એણે કૂતરાનું શબ જોવા મંગાવ્યું ને એના પરથી સ્કેચ કરી લીધો. દિવસો પછી જ્યારે એણે એ કૂતરાની તસવીર કરી આપી ત્યારે એમાં જે મરી ગએલો એ જ કૂતરો હતો: અન્ય કૂતરાથી અલગ, પોતાના આગવા વ્યક્તિત્વ સાથે એ પેલા માણસના જ કૂતરા તરીકે ઓળખાતો હતો!


લંડનમાં ફર્સ્ટ જૉહ્ન્સ વૂડ રોડ પર જ્યાં એણે પોતાનો સ્ટૂડિયો સ્થાપેલો ત્યાં જ એણે જીવનભર લાગટ ૫૦ વર્ષ સુધી કામ કર્યું. આજીવન અપરિણિત રહ્યો હોઈ એની બહેન મિસિસ મૅકેન્ઝી એના ઘરનો કારભાર સંભાળતી. ઈ. ૧૮૩૯થી એ રાજકુટુંબના પરિચયમાં આવ્યો હતો અને મહારાણી વિક્ટોરિયા તથા એના પતિ પ્રિન્સ આલ્બર્ટને ચિત્રકામ પણ શીખવતો. રાજપરિવાર માટે એણે ઘણાં પ્રાણીચિત્રો પણ કરેલાં. ઈ. ૧૮૫૦માં મહારાણીએ એને 'સર'નું ઉમરાવપદ આપી એના કલાકૌશલને પ્રમાણ્યું હતું.

ચિત્રકામ સાથે એડવિન એન્ગ્રેવિંગ તો જાણતો જ હતો, પણ એ ઉપરાંત શિલ્પકામની પણ એનામાં સારી આવડત હતી. લંડનના વિખ્યાત ટ્રફાલ્ગર સ્કવેરમાં આવેલા નેલ્સનના સ્મારક સ્તંભની નીચે ચાર બાજુએ જે ચાર સિંહ છે એ આ એડવિન લૅન્ડસીઅરના જ સર્જેલા છે. છ વર્ષ સુધી એણે એના પર કામ કરેલું. અગાઉ હૅડન પાસેથી સિંહવાઘનાં અંગઉપાંગ ને શરીરરચનાની જે જાણકારી મળેલી તે તેને અહીં પૂરી કામ લાગી હતી. રસ્તે જતા સૌ માણસો જોઈ માણી શકે એવી એની આ અમર કૃતિઓથી તે વિશ્વવિખ્યાત થયો. આ સિંહ તૈયાર કરતાં પહેલાં એના માટે એડવિને બનાવેલાં મૉડેલ (નમૂના) પણ સાઉથ કેન્સિંગ્ટન મ્યૂઝિયમમાં સંઘરાએલાં છે.

એના પ્રતિભાવંત કલાકૌશલનો એક પ્રસંગ નોંધનીય છે. લંડનના ચિત્રકારોમાં એક વાર હાથની ઝડપ અને ચોકસાઈની વાત નીકળી. એક રમણી પણ એ વૃંદમાં હતી. એણે કહ્યું: 'એક હાથે તો બધા ચિત્ર કરે છે. પણ બંને હાથે જુદાંજુદાં ચિત્ર કોઈ કરી શકે ખરું?' લૅન્ડસીઅર

આપણી સૌથી નજીકનો તારો ને પ્રચંડ શક્તિના સ્રોત સમા ભડભડતા વાયુઓનો ગોળો સૂર્ય

લેખક · યશવંત ગુ. નાયક



ગ્રહણ સમયે સૂર્યદર્શન કરવામાં જ્યોતિષીઓ ભલે અનિષ્ટ માને, પણ સૂર્યના અભ્યાસ માટેની એ એક ઉત્તમ તક છે. અન્યથા આજના ઉપકરણો વડે પણ જે મુશ્કેલ છે એ, સૂર્યના એક બહિર આવરણ 'કોરોના'-(કિરીટ)નું નિરીક્ષણ ત્યારે જ શક્ય બને છે. ખગ્રાસ સૂર્ય ગ્રહણ વખતે જ્યારે સમસ્ત સૂર્યબિંબ ચંદ્ર વડે ઢંકાઈ જાય છે ત્યારે સૂર્યની સપાટીથી લાખો કિલોમીટર ઊંચે સુધી ફેલાએલું આ અત્યંત પાતળું આવરણ ઝળહળતું દેખાય છે. આ ઝળહળાટ પણ વધતો ઘટતો રહે છે. આ વધઘટનો આધાર એમાંના અણુકણોનું વજન, એ કણોને નીચે તરફ ખેંચતું ગુરુત્વાકર્ષણબળ તથા એ બળથી આ કણોને દૂર રાખતા આ કણોના ઉષ્ણતામાન પર આધારિત છે. આ ત્રણ મુદ્દાઓ પરથી જણાય છે કે આ કણોનું ઉષ્ણતામાન ખુદ સૂર્યની સપાટી પરની ગરમી કરતાં યે સેંકડો ગણું વધુ હશે. ન માની શકાય એવી આ હકીકત છે કોરોનામાં રહેલા અણુઓ એક સેકંડે ૯૬૦૦ કિ. મી.ના વેગે ઘૂમે છે ને એનું ઉષ્ણતામાન ૧૦,૦૦,૦૦૦ અંશ સેન્ટીગ્રેડ જેટલું હોવાનું મનાય છે. ખગ્રાસ સૂર્યગ્રહણ સમયે સૂર્યજ્વાળાઓ પણ જોઈ શકાય છે. જો કે એનું દર્શન ગ્રહણ વિના પણ શક્ય છે.

દૂરબીન વડે સૂર્યની સપાટીની છબી લેવામાં આવતાં માલૂમ પડે છે કે તે અનેક નાનાનાના અને પાસેપાસે આવેલા તેજસ્વી દાણાઓથી ભરેલી છે. દરેક દાણો સૂર્યની ભીતરમાંથી ઉત્સાર પામતા ઉષ્ણ વાયુઓના વાદળનો બનેલો હોય છે, અને તે દરેકની ટોચનું ક્ષેત્રફળ ૨૦થી ૪૦ હજાર ચોરસ માઈલનું હોય છે. દરેક દાણાની આસપાસ કાળો પ્રદેશ જોવા મળે છે અને તે પ્રમાણમાં ઠંડો ને ઊંડા ગર્તોવાળો પ્રદેશ હોય છે. આ ઉપરાંત સૂર્યના ઉપલા સ્તરમાં આવેલા અને કેટલીક વાર નજરે પડતા જે વિશિષ્ટ વિભાગો છે તે છ છે: (૧) ફોટોસ્ફીઅર (તેજાવરણ), (૨) રીવર્સિંગ લેયર (પલટાઉ સ્તર). (૩) ક્રોમોસ્ફીઅર (વર્ણમંડલ), (૪) કોરોના (કિરીટ), (૫) પ્રૉમિનન્સિસ (સૂર્યજ્વાળા), અને (૬) સૂર્યકલંક.

(૧) ફોટોસ્ફીઅર અથવા તેજાવરણ તે સૂર્યની સપાટીનો નરી આંખે તેજસ્વી દેખાવવાળો આશરે ૧૦૦ માઈલ (૧૬૧ કિ. મી.) જાડાઇનો સ્તર છે, અને તે ઉપર જણાવેલી દાણાદાર રચનાનો છે. એનું ઉષ્ણતામાન ૫૭૫૦ ડિગ્રી સે. જેટલું હોય છે.

(૨) રીવર્સિંગ લેયર અથવા પલટાઉ સ્તર એ ફોટોસ્ફીઅરની ઉપરનો અને સૂર્યના વાતાવરણનો નીચલો સ્તર છે. એ આશરે ૨૦૦ થી ૩૦૦ માઈલ (૩૨૨થી ૪૮૩ કિ. મી.) જાડાઇનો છે ને પ્રમાણમાં ઓછા ઉષ્ણતામાનનો હોય છે. સૂર્યનો પ્રકાશ ત્રિકોણ કાચ વડે વિભાજિત થાય છે અને રંગપટ જોવા મળે છે તેમાં જે કાળી રેખાઓ (ફ્રૉનહૉફર રેખાઓ) જોવા મળે છે તે આ સ્તરને કારણે પેદા થાય છે નીચેના વધુ ઉષ્ણ ફોટોસ્ફીઅરમાંથી નીકળતા પ્રકાશમાં આ ઠંડા સ્તરમાં આવેલા પદાર્થના પરમાણુઓ વિશિષ્ટ તરંગ-લંબાઇનો પ્રકાશ શોષી લે છે અને તેથી સૂર્યના રંગપટમાં તે તરંગ-લંબાઇઓની જગ્યાએ કાળી રેખાઓ દેખાય છે. આ કાળી રેખાઓ સૂર્યના ઉપલા વાતાવરણમાં રહેલા પરમાણુનું અસ્તિત્વ બતાવે છે. આ કાળી રેખાઓના અભ્યાસમાંથી હીલિયમ નામના તત્ત્વ (વાયુ)ની શોધ સૌપ્રથમ થઈ હતી અને પૃથ્વી ઉપર તેની શોધ ત્યાર પછી કરવામાં આવી હતી.


(૩) ક્રોમોસ્ફીઅર અથવા વર્ણમંડલ એ રીવર્સિંગ લેયરની ઉપર ૨૦૦થી ૪૦૦ માઈલ (૩૨૨ થી ૬૪૪ કિ. મી.) જાડાઈનું સ્તર છે. એમાં પ્રમાણમાં હલકા વાયુ હાઇડ્રોજન ને હીલિયમ, તથા કેલ્સિયમ તત્ત્વના પરમાણુ હોય છે. આ વાતાવરણમાં રહેલા આ ત્રણ તત્ત્વોના પરમાણુ ઘણા ઉષ્ણ હોવાથી મોટે ભાગે રક્તવર્ણો પ્રકાશ પેદા કરે છે અને તેથી સૂર્યના બિંબની ફરતેનો ભાગ તેજસ્વી રક્તવર્ણનો માલૂમ પડે છે. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે આ લાલ કંકણાકૃતિ રૂપે સ્પષ્ટ દેખાય છે.

(૪) કોરોના અથવા કિરીટ એ સૂર્યની ફરતે આવેલો અતિ મોટા વિસ્તારમાં દેખાતો તેજસ્વી ભાગ છે. આ કિરીટ-વિસ્તાર ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે તેજસ્વી વાદળ જેવો દેખાય છે.

(૫) પ્રૉમિનન્સિસ અથવા સૂર્ય-જ્વાળા કોઈક વાર સૂર્યની સપાટી ઉપરથી ફૂટી નીકળે છે અને ઘણા મોટા વિસ્તારમાં અને ઘણે ઊંચે પ્રસરે છે. આ જ્વાળાઓ ૪૦ થી ૫૦ હજાર માઈલ (૬૪ થી ૮૦ હજાર કિ. મી.) ઊંચે સુધી વિસ્તરે છે. પૃથ્વીમાં જેમ જ્વાળામુખીઓ ફાટે તેવી રીતે એ જ્વાળાઓ ભીતરના સ્ફોટમાં ઉદ્ભવે છે અને અતિ ઉષ્ણ હોય છે. એનું ઉષ્ણતામાન ૧૦ થી ૨૦ લાખ ડિગ્રી સે હોય છે. ખાસ કરીને દર અગિયાર વર્ષે સૂર્યકલંકોની પ્રવૃત્તિ વેગ પકડે ત્યારે આ જ્વાળાઓનો સ્ફોટ પણ વધુ પ્રબળ બને છે. કેટલીક વાર પ્રમાણમાં પાતળી જ્વાળા ૫ લાખ માઈલ (આઠ લાખ કિ. મિ.) ઊંચે સુધી નોંધાએલી માલૂમ પડે છે. આ જ્વાળાઓનો સ્ફોટ બહુ ઝડપી હોય છે ને સેકન્ડની ૨૦૦ માઈલ (૩૨૨ કિ. મી.)ની ઝડપે ઊંચે વધે છે.

(૬ સૂર્ય-કલંકો ઘણી વાર કાળાં ધાબાંરૂપે સૂર્યના બિંબ ઉપર દેખાય છે. એની સંખ્યા મોટે ભાગે મર્યાદિત હોય છે, પરંતુ દર અગિયાર વર્ષે જ્યારે સૂર્ય બહુ ક્રિયાશીલ બને છે ત્યારે એ સંખ્યા તથા દરેક ધાબાંનો વિસ્તાર પણ વધે છે. આ વર્ષોમાં જ્વાળાઓ પણ વધુ પ્રમાણમાં અને વધુ પ્રબળ હોય છે. સૌપ્રથમ ઈ. સ. પૂર્વે ૨૮ના વર્ષની આસપાસ સૂર્યકલંકો ચીનમાં નોંધાએલાં હતાં. ત્યાર પછી પશ્ચિમમાં સત્તરમી સદીમાં ટેલિસ્કોપ વડે ગૅલિલિયોએ આ કલંકો જોઈ નોંધ કરી હતી.

જેમ રાંધવાના કૂકરમાં વરાળનું દબાણ વધે ત્યારે તેના વાલ્વમાંથી વરાળ છૂટે છે તેમ સૂર્યની ભીતરમાં પણ એના વાયુમય ઉષ્ણ પદાર્થોનો કોઈક વાર સ્ફોટ થાય છે અને તે બહાર પડે છે. આ ઘટનામાં અંદરનાં પ્રચંડ દબાણોથી બહાર પડતો અતિ ઉષ્ણ વાયુ પ્રમાણમાં ઠંડો પડે છે અને તેથી આસપાસની અતિ ઉષ્ણ સપાટીની ભૂમિકામાં તે કાળો દેખાય છે. આમ દેખાતા સૂર્યકલંકો પણ તે ઘૂમરી ખાતા ઉષ્ણ વાયુના પ્રદેશો છે અને જો આસપાસની વધુ તેજસ્વી સપાટી ન હોય તો તે પણ પ્રકાશિત લાગે. આ ઉષ્ણ અને આયનીકરણ (વીજભારવાળા) વાયુની ઘૂમરીને કારણે તે દરેક મહાન ચુંબકક્ષેત્ર પેદા કરે છે. વળી દરેક





◁ સૂર્ય પરથી પ્રસરતી તેજોમય શક્તિનો મુખ્ય સ્રોત છે એની સપાટી પરનું 'ફોટોસ્ફીઅર'. ગ્રીક 'ફોટોસ' એટલે તેજ પરથી એનું આ નામ પાડયું છે. આપણે એને તેજાવરણ કહી શકીએ. સૂર્યનું આ જ આવરણ આપણને નરી આંખે દેખાય છે. ફોટોગ્રાફમાં આ આવરણ દાણાદાર જેવું દેખાય છે. (જુઓ ડાબી બાજુનું ચિત્ર) જમણી તરફ આ ફોટોસ્ફીઅરના થોડાશા ભાગનું વિપુલ દર્શન આપ્યું છે. જેને આપણે એક દાણો કહીએ છીએ તે હકીકતે તો લગભગ ૧૧૨૭ કિ.મી. જેટલો લાંબો-પહોળો ને લગભગ ૩૨૨ કિ.મી. જેટલો ઊંડો એવો, સૂર્યના અંતરાળમાં ધસી આવેલો ભડભડતા વાયુનો ઉભાર છે. થોડીક મિનિટમાં જ એ પાછો શમી જાય છે. આમ દૂરબીન વડે જોતાં ઊકળતા દૂધપાકમાં ઉપરતળે થતા ચોખાના દાણા જેવો દેખાવ જોવા મળે. આ પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે.

સૂર્યકલંક જોડમાં પેદા થાય છે અને એકમાં સમઘડી તો બીજામાં વિષમઘડી ધૂમરીઓ પેદા થાય છે. આથી સૂર્યકલંકોની એક જોડ ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેવા લોહચુંબક રૂપે વર્તે છે. આમાંથી પેદા થતાં પ્રચંડ ચુંબકક્ષેત્રની અસર પૃથ્વી ઉપર પણ થાય છે અને દુનિયાભરની વેધશાળામાં રહેલાં ચુંબકક્ષેત્ર માપતાં સાધનોમાં મોટા ફેરફારો નોંધાય છે. પૃથ્વી ઉપરના હવામાન ઉપર પણ આની ઘણી અસર થાય છે. એક અમેરિકન વૈજ્ઞાનિકે પુરવાર કર્યું છે કે ઝાડના છેદમાં જોવા મળતાં વર્તુલો દર અગિયાર વર્ષે જાડાં હોય છે, અને તે સૂર્યનાં ક્રિયાશીલ વર્ષ સૂચવે છે.

આ સૂર્યકલંકનાં ધાબાં સામાન્યરીતે ટૂંકજીવી હોય છે અને એકથી ત્રણચાર દિવસ સુધી દેખાય છે. કોઈક જ કિસ્સામાં એક માસ ઉપરાંતનાં સૂર્યકલંકો નોંધાયાં છે. આ કલંકો સૂર્યના વિષુવવૃત્તની ઉત્તરે અને દક્ષિણે ૫° થી ૪૦° અક્ષાંશમાં જ જોવા મળે છે. આ કલંકોનો વિસ્તાર ૧૫૦ માઈલથી માંડીને ૪૦ થી ૫૦ માઈલ વ્યાસનો હોય છે ઈ. ૧૯૪૭માં દેખાએલા એક સૂર્યકલંકનો વિસ્તાર એવડો મોટો હતો (આશરે ૬ અબજ ૩૦ કરોડ ચોરસ માઈલનો) કે તેમાં ૧૦૦ પૃથ્વી સમાઈ જાય! મોટા ભાગની જ્વાળાઓ સૂર્યકલંકમાંથી નીકળતી માલૂમ પડે છે.

સૂર્યનો તેની અક્ષ ઉપરનો ચક્રગતિનો આવૃત્તિકાળ આ સૂર્યકલંકોની મદદથી શોધવામાં આવ્યો હતો.

સૂર્યનું ચુંબકત્વ

જેમ પૃથ્વીની આસપાસ ચુંબકક્ષેત્ર છે તેવી જ રીતે સૂર્યની આસપાસ પણ ચુંબકક્ષેત્ર માલૂમ પડયું છે અને તેની પ્રબળતા લગભગ પૃથ્વીના જેટલી જ છે. આ કાયમી ચુંબકત્વ ઉપરાંત સૂર્યકલંકો વડે પેદા થતું ચુંબકત્વ ઘણું જ પ્રબળ હોય છે અને તે કલંકો અદૃશ્ય થતાં અદૃશ્ય થાય છે. સૂર્યનું ચુંબકક્ષેત્ર પૃથ્વી કરતાં વધુ નથી એ એક કોયડો છે, કારણ કે સૂર્ય પૃથ્વી કરતાં લાખો ગણો મોટો હોવાથી બીજા મોટા તારાની જેમ એનું ચુંબકક્ષેત્ર ઘણું પ્રબળ હોવું જોઈએ. ઘણા તારાઓનું ચુંબકક્ષેત્ર પૃથ્વીના કરતાં હજારોઘણું પ્રબળ હોય છે.

સૂર્યગ્રહણ વખતે સંશોધન

આપણા વાતાવરણને કારણે સૂર્યનું બિંબ પૃથ્વી ઉપરથી સ્પષ્ટ જોઈ શકાતું નથી. આશરે ૧૫૦ થી ૨૦૦ માઈલ ઊંચે જતાં સૂર્યનું બિંબ સ્પષ્ટ દેખાય છે. આથી ખગ્રાસ સૂર્યગ્રહણ વેળાએ અનેક દેશો સૂર્યના કિરીટ, જ્વાળા વગેરેની છબી મેળવવા મોટી યોજના કરે છે. છેલ્લે ૨૦ જૂન ૧૯૬૪માં થએલા ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે અનેક દેશોએ ઑસ્ટ્રેલિયામાં ટુકડીઓ મોકલી હતી અને ભવિષ્યમાં ૨૩ ઑક્ટોબર ૧૯૭૬માં ફરીથી મોકલશે. ઈ. ૧૯૭૪માં ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે જ સૂર્ય વાદળથી ઢંકાઈ જવાના કારણે છબીઓ લઈ શકાઈ નહિ. તે વખતે છોડેલાં રૉકેટો મારફતે છબી લેવાઈ હતી પરંતુ તેમાંનો એક ખંડ હાથ આવ્યો નહિ. બીજામાં થોડીક છબીઓ મળી હતી. ઈ. ૧૯૭૬માં વધુ સફળતા પ્રાપ્ત થવાની આશા છે અને અનેક દેશો તેમાં ભાગ લેશે.

સૂર્ય અને આંતરરાષ્ટ્રીય ભૂં-ભૌતિક વર્ષ

ઈ. ૧૮૪૩માં જર્મન વૈજ્ઞાનિક હાઈનરિક સ્વાબેએ પહેલવહેલી વાર બતાવ્યું કે સૂર્યકલંકો તથા સૌરજ્વાળાઓ સૂર્ય ઉપર નિયમિત ક્રમે પ્રબળ બને છે અને તેનો આવૃત્તિકાળ ૧૧ વર્ષનો છે આથી ત્યાર પછી દર અગિયાર વર્ષે સૂર્યની આ ઘટનાનો અભ્યાસ છેલ્લા એક સૈકાથી ચાલુ થતો આવે છે. આમ છતાં સૂર્યની વિવિધ ઘટનાઓનો મોટા પાયા ઉપર અભ્યાસ કરવાની યોજના આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષમાં થઈ. આ વર્ષનો ગાળો ૧૯૫૭–૫૮નો હતો અને ત્યારે દુનિયાના ચારે ખૂણે આવેલી અનેક વેધશાળાઓમાંથી સૂર્યનાં અવલોકન અને અભ્યાસ કરવામાં આવેલાં. એ સંશોધનમાં ભાગ લેતી પ્રયોગશાળાઓ ૨૦૦૦ ઉપર હતી ને તેમાં પણ ૧૩૩ તો મોટી સંશોધન-સંસ્થાઓ હતી. તેમણે અવનવાં અદ્યતન વૈજ્ઞાનિક સાધનો—રેડાર, રેડિયો-ઍસ્ટ્રૉનૉમી, રૉકેટ અને કૃત્રિમ ઉપગ્રહો—ની મદદથી સંશોધન કરેલું. આંતરરાષ્ટ્રીય સહકારથી અને દિનપ્રતિદિન દરેક મુખ્ય સંશોધન કેન્દ્ર વચ્ચેની સંદેશાની આપલેથી સૂર્ય વિષે આગળનાં સૈકડો વર્ષોમાં જે માહિતી નહોતી મળી તે

મેળવી શકાઈ વળી, પૃથ્વીના વાતાવરણ, ચુંબકબળ, હવાના સ્તરો, સમુદ્રો તથા બરફના સ્તરોમાં થતા ફેરફારોનો પણ અભ્યાસ થએલો કારણ કે સૂર્યની પ્રબળ સક્રિયતા વખતે આ દરેક ઉપર ઘણી મોટી અસર થાય છે. સંશોધનોમાં જે નવી માહિતીઓ મળી છે તે ટૂંકમાં નીચે પ્રમાણે છે:

૧) સૂર્યની સપાટીનું ઉષ્ણતામાન આશરે ૬૦૦૦ ડિગ્રી સે. છે અને સૂર્યકલંકોનું ઉષ્ણતામાન ૪૦૦૦ ડિગ્રી સે. જેટલું હોય છે. જ્વાળાઓનું ઉષ્ણતામાન ૨૦,૦૦૦ ડિગ્રી સે. હોય છે. બહારનું કિરીટ-આવરણ જે સૂર્યથી લાખો માઈલ દૂર સુધી પ્રસરે છે તેનું ઉષ્ણતામાન ૧૦,૦૦,-૦૦૦ ડિગ્રી સે. જેટલું હોય છે. આ એક આશ્ચર્યકારક ઘટના છે.

૨) જે જ્વાળાઓ નીકળે છે તે સૂર્યનાં હાઈડ્રોજન અને હેલિયમ વાયુનાં વાદળો છે અને તેના પરમાણુના ૯૯ટકા વીજભારી બનેલા હોય છે.

૩) સૂર્યમાંથી દૃશ્ય અને અદૃશ્ય પ્રકાશ ઉપરાંત રેડિયોના તરંગો પણ નીકળે છે, જે નિયમિત તેજ અને મંદ બન્યા કરે છે. જ્યારે જ્વાળાનો સ્ફોટ થાય ત્યારે એની પ્રબળતા સેંકડો કે હજારોગણી થાય છે. આ તરંગો મોટે ભાગે સપાટીના બુંદો અને કિરીટમાંથી પેદા થાય છે.

૪) સૂર્યમાંથી દૃશ્ય અને અદૃશ્ય પ્રકાશ ઉપરાંત એક્સ-રેનાં કિરણો તથા કૉસ્મિક કિરણો પણ બહાર પડે છે. આની નોંધ રૉકેટો અને ઉપગ્રહો મારફતે મળી હતી. આ ઉપરાંત સૂર્યમાંથી વીજભારી હાઈડ્રોજનના કણો (પ્રોટોન)નો તથા ઈલેક્ટ્રોનનો પ્રબળ પ્રવાહ આવ્યા કરે છે, અને તે પૃથ્વીના ચુંબકક્ષેત્રમાં વંકાઈને વાતાવરણમાં શોષાય છે. ઈલેક્ટ્રોનના કણો ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાં રંગબેરંગી ઑરોરા (સુમેરુ અને કુમેરુ જ્યોતિ) પેદા કરે છે. પૃથ્વીની ફરતે ૬૨૫ થી ૬૨૫૦ માઈલ સુધીનો એક નવો વીજભારી પટ આ વર્ષમાં શોધાયો હતો.


સ્કાઇલૅબ

ઈ. ૧૯૭૩ની ૧૪મી મેના દિવસે અમેરિકાએ એક સ્કાઈ લૅબ નામનો ઉપગ્રહ છોડયો હતો. આ ઉપગ્રહ એટલે અવકાશમાં ભ્રમણ કરતી એક પ્રયોગશાળા! એમાં નવ અવકાશયાત્રીઓએ વારાફરતી ત્રણ-ત્રણના જૂથમાં પૃથ્વીની ૨૪૭૬ વખત પ્રદક્ષિણા કરી હતી અને ૭ કરોડ માઈલની મુસાફરી કરી હતી. એ દરમિયાન તેમણે પૃથ્વીનું અવલોકન કરવા ઉપરાંત સૂર્યની અનેક છબીઓ લીધી હતી, જેમાં કોરોના, જ્વાળા અને સૂર્યકલંકોની બહુ જ છબીઓ આવી હતી. વાતાવરણની બહારથી ફોટો લેવાના કારણે સૂર્યની આ છબીઓમાં નવીન દૃશ્યો જોવા મળ્યાં છે. ત્રણ લાખ માઈલ ઊંચી જ્વાળાની એક છબિ અદ્ભુત છે. એ ઉપરાંત સૂર્યકલંકો, એક્સ-રે, રેડિયો તરંગો, કૉસ્મિક કિરણો તથા વીજકણોની માહિતી પણ મળી હતી.

સૂર્યનું ભવિષ્ય


ખગોળશાસ્ત્રીઓના માનવા મુજબ સૂર્ય પાંચ અબજ વર્ષો પહેલાં વાયુ અને ધૂળ જેવા પદાર્થોના નિહારિકા જેવા ઘૂમરી ખાતા સ્વરૂપે પેદા થયો હતો. કાળ જતાં એમાંનું દ્રવ્ય ગુરુત્વાકર્ષણ બળને કારણે ભેગું થવા લાગ્યું અને તેની સાથે તે ઉષ્ણ પણ બનવા લાગ્યું. ત્યાર પછીનાં થોડાં લાખ વર્ષોમાં (વિશ્વની કાળગણનામાં તો બહુ નાના કાળમાં) આ દ્રવ્યનો ગોળો બન્યો અને તેની ભીતરમાં લાખો ડિગ્રી જેટલી ગરમી પેદા થઈ. આ ગરમી અને પ્રચંડ દબાણ પરમાણુ-પ્રક્રિયા પેદા કરવા માટે પૂરતાં થયાં. આથી ભીતરમાં હાઈડ્રોજનના પરમાણુ સંલગ્ન થવા લાગ્યા અને હીલિયમ વાયુના પરમાણુ પેદા થવા લાગ્યા. આ પ્રક્રિયામાં થોડાં દ્રવ્યનો વિનાશ થઈ પ્રચંડ ઉષ્ણતાશક્તિ પેદા થવા લાગી ને સૂર્યની સપાટીમાંથી બહાર પડવા લાગી. આથી સૂર્ય તેજસ્વી બનીને તેની સપાટી પરથી તેજ અને ગરમી બહાર પડવા લાગ્યાં. આ પ્રક્રિયા હજી આશરે પાંચ અબજ વર્ષો સુધી ચાલુ રહેશે, અને સૂર્યમાં કોઈ મહત્ત્વનો ફેરફાર થશે નહિ. આટલો કાળ વીત્યા બાદ સૂર્યમાંનો હાઈડ્રોજનવાયુ ખલાસ થઈ જશે અને બહારના સ્તરોનો વિસ્તાર થવા લાગશે.

આ પછી પૃથ્વી ઉપરની જીવંત સૃષ્ટિને માટે મોટી સમસ્યા ઊભી થશે. સૂર્યનું કદ મોટું થવા લાગશે, અને તે ઠંડો પડવા લાગશે અને રક્તવર્ણો બનશે. અંતે સૂર્યનો વિસ્તાર એટલો મોટો થશે કે તે આકાશના ચોથા ભાગને આવરી લેતો દેખાશે. એનો વ્યાસ સોગણો મોટો થયો હશે. આ કારણે એની નજીકના ગ્રહો બુધ અને શુક્ર તેમાં સમાઈને ઓગળી ગયા હશે. પૃથ્વીની સપાટી ઉપરનું વનસ્પતિ અને પ્રાણીજીવન




▷ સૂર્યજ્વાળાના પ્રસારના લગભગ ચારેક કલાક દરમિયાનના તબક્કાની ત્રણ છબિઓ ▷

કેટલીક વાર સૂર્યની સપાટી પર સૂર્યજ્વાળા (પ્રોમિનન્સિસ) ફૂટી નીકળે છે. અને ઘણા મોટા વિસ્તારમાં ને લાખો કિ.મી. ઊંચે સુધી એ ફેલાય છે. ઉપરનાં ત્રણ ચિત્રમાં એના પ્રસરણના ત્રણ તબક્કા દર્શાવ્યા છે. ચિત્ર ૧માં જમણી તરફ મથાળે મૂકેલું સફેદ ટપકું એ પૃથ્વીનું કદ છે એના પરથી આ જ્વાળાઓના કદની કલ્પના થઈ શકશે. એનું કારણ હજી અસ્પષ્ટ છે. એની તાસીર વિદ્યુત્કીય હશે. એના વડે બહાર અવકાશમાં ફેંકાતા વીજળીભારવાળા કણો છેક પૃથ્વી સુધી યે પહોંચે છે ને એવે વખતે રેડિયો-પ્રસારણમાં ડખલ થાય છે અને ચુંબકીય સોય ધ્રૂજે છે. પૃથ્વીના ધ્રુવ પ્રદેશોમાં દેખાતા ધ્રુવપ્રકાશ-ઓરોરા સાથે પણ આ જ્વાળાઓ સંબંધિત છે.



△ ઈ. સ. ૧૯૪૭માં દેખાએલાં સૂયકલંકો. નીચે કલંકોની એક જોડનું વિગતે દર્શન. આવાં કલંકો આમ તો અવારનવાર દેખાય છે, પણ દર અગિયાર વર્ષે એનું પ્રમાણ સવિશેષ રહેતું જણાય છે. આ કલંકોમાં વચ્ચેનો ભાગ ઘેરો તથા તેની આજુબાજુનો ભાગ તેજ દેખાય છે. ઘૂમરી ખાતા ઉષ્ણ વાયુનો કેન્દ્ર ભાગ તે આ કલંકો. વાયુની સમ-વિષમ-ધરી ઘૂમરી આ ચિત્રમાં સ્પષ્ટ દેખાય છે. આવા કલંકો વડે સૂર્યની પોતાની ધરી પરની ગતિનો ક્યાસ મળે છે.






△ સુયની સપાટી અને તેના પરના સ્તરો વગેરે. એમાં (૧) ભડભડતા વાયુઓથી બુદબુદ સમા દખાણવાળું ફોટોસ્ફીઅર–તેજાવરણ. (૨) ક્રૉમોસ્ફીઅર; મુખ્યત્વે એ હાઇડ્રોજનનું બનેલું છે. પ્રચંડ પણ અલ્પજીવી સૂર્ય-જ્વાળાઓ (૪) આ સ્તરમાં પ્રકટ થતી જોવા મળે છે. ક્રૉમોસ્ફીઅર ને ફોટોસ્ફીઅરની વચ્ચે રીવર્સિંગ લેયર (પલટાઉસ્તર) છે જે સમુદ્રની સપાટીએ આપણા વાતાવરણની જે ઘટતા હોય છે એના યે ૨૦૦મા ભાગ જેટલું પાતળું હોય છે. ક્રૉમોસ્ફીઅરથી ઉપર સૂર્યસપાટીથી લાખો કિ.મી. દૂર સુધી ફેલાતો સ્તર કોરોના (૩) છે. (૫) સૂર્યકલંકના ઘૂમરાતા વાયુ. જ્વાળામુખી ફાટવા જેવો આ એક સ્ફોટ છે. આ ઘૂમરાતા વાયુઓની તેજસ્વિતાને કારણે એના કેન્દ્રનો ભાગ ઘેરો દેખાય છે જે આપણને સૂર્ય કલંક રૂપે દેખાય છે. આ કલંકો ક્યારેક તો નરી આંખે યે પરખાય એટલા પ્રચંડ કદનાં હોય છે. સૂર્યને યે પોતાનું વાતાવરણ છે. એમાં મુખ્યત્વે હાઇડ્રોજન. હેલિયમ અને સહેજ ઑક્સિજન તથા અલ્પાંશે કેટલીક ધાતુઓ અને પૃથ્વી પર નહિ એવા તત્ત્વોનો છે.

ભસ્મ થવાને કારણે અને સમુદ્રોના પાણીનું બાષ્પીભવન થઈ જવાથી, પૃથ્વીએક ગરમ ખડકોનો બનેલો ગોળો બની રહેશે. મનુષ્યો, જો કદાચ બચ્યા હશે તો, તે ગુરુના કોઈક ઉપગ્રહ ઉપર અથવા અવકાશમાં બીજા કોઈ સ્થળે હિજરત કરી ગયા હશે!

પછીનાં બીજાં દસ કરોડ વર્ષ સુધી આ રક્ત દૈત્ય જેવો વિપુલ થએલો સૂર્ય તેમાંની ગરમી અવકાશમાં ઉત્સારિત કરતો રહેશે. બહારનું વાતાવરણ પણ અવકાશમાં વેડફાઈ જશે અને અંતે એક નાનું ઠંડુ કેન્દ્ર અવકાશમાં વિચરતું થશે. આ વખતે પૃથ્વી એક શ્વેત વામન પ્રકારના સૂર્યની ફરતે બરફોથી છવાઈ કાયમી હિમયુગમાં પ્રવેશી નિશ્ચેતન સૃષ્ટિ લઈ સૂર્યની પ્રદક્ષિણા કરતી હશે.

જે ધરતીએ જીવનને પોષ્યું છે તે મરુભૂમિ બની જશે એ ખયાલ કરીએ તો આપણને આ ગૂઢ વિશ્વની સમસ્યા મૂંઝવી નાખે છે. □



અનેકમુખી કલાકાર

દેવીપ્રસાદ રાયચૌધરી

'**શ્રી** રાયચૌધરી સાહેબને મળી શકાશે કે?'


મદ્રાસ સરકારી કળાશાળા જોવા અને તેના આચાર્ય શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીને મળવા આવેલા એક સજ્જને ઉપરનો પ્રશ્ન પૂછતાં, માટીમાં રગદોળાએલા હાથ અને ચડ્ડી-બનિયન પહેરેલા ભૈયાજી જેવા લાગતા એક હૃષ્ટપુષ્ટ આદમીએ આચાર્યના સ્ટુડીઓમાં દેખા દીધી અને કહ્યું: 'આવો બેસો. પ્રિન્સિપલ સાહેબ હમણાં આવે છે.' એટલું કહી તે વ્યક્તિ સ્ટુડિયોના અંદરના રૂમમાં જઈ, હાથમોં ધોઈ, જરા વાળ સરખા કરીને પાછી આવી, અને કહ્યું: 'હા, બોલો, હું રાયચૌધરી. શું કામ હતું?' અને ઘડીભર તો પેલા મુલાકાતીનું મન, આ પહેલવાન જેવા આદમીને, મહાન કલાકાર રાયચૌધરી પોતે જ છે એમ કહેવા છતાં, તેમ માનવા નાકબૂલ થતું હતું.

આપણા દેશના સરકારી કળાશાળાના આચાર્ય જેવા ઉચ્ચ હોદ્દા પર બેઠા પછી, વ્યક્તિ પોતાનું કામ કરતી અટકી જતી હોય છે અને વહીવટી જંજાળના ઓઠા હેઠળ લગભગ નિષ્ક્રિય થઈ જતી હોય છે, એવી છાપ લઈને આવેલો માણસ જ્યારે આચાર્યશ્રીને માટી સાથે કુસ્તી કરતા ભૈયાજી જેવા સ્વરૂપમાં જુએ ત્યારે સ્વાભાવિક રીતે જ તેનું મન, હકીકત હોવા છતાં, તે સ્વીકારવાની ના પાડે જ.

નિવૃત્તિ લેવાનો સમય થયો ત્યારે પણ લગભગ સાઠ વર્ષની વય સુધી તેઓ સતત કાર્યશીલ જ રહેલા; અને તે પછી પણ, સાંભળવા મળ્યું છે તે પ્રમાણે, જિંદગીના છેલ્લા કલાક સુધી કલકત્તામાં તેમણે સતત પ્રવૃત્તિમય જિંદગી ગુજારેલી.

તેમની કારકિર્દીને મધ્યાહ્ને મદ્રાસની સરકારી કળાશાળાના આચાર્યપદે નિમાયા ત્યારે ગુજરાતના સદ્ભાગ્યે, તેમના શરૂઆતના શિષ્યવૃંદમાં શ્રી રસિકલાલ પરીખને સ્થાન મળતાં શ્રી રાયચૌધરીની આગવી શૈલીનાં અવનવાં રૂપ ચિત્ર-શિલ્પ મારફત શીખવાનો લ્હાવ તેમને મળેલો; અને તેમની નિવૃત્તિ પહેલાંનો વિદ્યાર્થીઓનો જે છેલ્લો ફાલ એ કળાશાળામાંથી નીકળ્યો તેમાં શ્રી દશરથ પટેલ અને આ લેખકને સ્થાન મળેલું.

મદ્રાસની સરકારી કળાશાળામાં ઉચ્ચ અભ્યાસ માટે હું સાતેક વર્ષ રોકાયો, તે દરમ્યાન આચાર્યશ્રી રાયચૌધરીને કદી નિરાંતે બેઠેલા જોયા નથી. 'સતત કાર્ય' એ તેમનો સ્વભાવ બની ગએલો. કળાશાળાના આચાર્ય તરીકેની જવાબદારી તેમણે આશરે ત્રીસેક વર્ષ સંભાળી હશે, પણ તેઓએ વહીવટી કામ માટે અર્ધા કલાકથી વધુ સમય કોઈ દિવસ આપ્યો નથી. અને તે પણ ફાઈલો ઉપર સહી કરવા પૂરતો જ. તેઓ કહેતા: વર્ગમાં શિક્ષક તેના વિદ્યાર્થીઓ વચ્ચે સાથે જ કામ કરે તેના જેવું શિક્ષણ



▽ ભીષણ પરિશ્રમ : શરીરની નસેનસને ખેંચીને ભેગું બળ પથ્થર ઉપર કેન્દ્રિત કરી રહેલા મજૂરોના આ શિલ્પમાં દેવીપ્રસાદે પરિસ્થિતિનાં પરિબળો સામે ઝૂઝતા માનવીના સનાતન સંગ્રામનું પ્રતીક રચ્યું છે.



△ 'તરતી સ્ત્રી', અને સામેના પાના પર નીચે 'શ્રમજીવી' : શિલ્પમાં કઠિન એવા સમતોલ-સંયોજનનાં બે સુંદર દૃષ્ટાંત ▷

બીજું એકે નથી. કળાશાળાના બધા જ વર્ગોમાં તેના બધા શિક્ષક-કલાકારો જાતે કામ કરતા જ હોય. તે પ્રકારે તેઓ પણ આચાર્યના સ્ટૂડિયોમાં સતત કાર્ય કરતા જ રહેતા. ચિત્રમાંથી થાકે એટલે શિલ્પમાં કામ ચલાવે, ને તે બંનેમાંથી પરવારીને પાછા કોઈક નવલિકા લખવા બેસી ગયા હોય! તે કહેતા: મારી એક પ્રવૃત્તિનો થાક હું બીજી પ્રવૃત્તિ કરીને ઉતારી લઉં છું.

લીઓનાર્દો દ વિન્ચી માટે એમ કહેવાય છે કે તે અનેક પ્રકારની વિદ્યાઓમાં પારંગત સર્વતોમુખી પ્રતિભા હતો. એવું જ કંઈક શ્રી રાયચૌધરી વિષે પણ કરી શકાય. કુસ્તીબાજ હોય તે શિકારી ન હોય, શિકારી હોય તે બંસીવાદક ન હોય, સંગીતનો જાણકાર નવલિકાઓ ન લખતો હોય, સાહિત્યકાર ચિત્રકાર નથી હોતો, અને ચિત્રમાં પ્રદાન કરનાર શિલ્પમાં નિષ્ણાત હોય એવું નથી બનતું; પણ આ સઘળી વિદ્યાઓમાં કુશળતા પ્રાપ્ત કરી પારંગત કહી શકાય એટલી સિદ્ધિ તો કોઈક વિરલ જ પ્રાપ્ત કરી શકે. દેવીપ્રસાદ રાયચૌધરી એક અચ્છા શિકારી, નિષ્ણાત કુસ્તીબાજ (મદ્રાસની કળાશાળામાં શરૂઆતના વર્ષોમાં તેમણે એક અખાડો ચલાવી કલાના વિદ્યાર્થીઓને કુસ્તી પણ શીખવી હતી), કાબેલ બંસીવાદક, નામી વાર્તાલેખક, મશહૂર શિલ્પી અને એક અજોડ ચિત્રકાર તરીકે જાણીતા છે.

આટલા વિરોધાભાસી વિષયોમાં આવી નિપુણતા મેળવવા માટે તેમણે ઠીકઠીક તપશ્ચર્યા પણ કરી હશે. પણ માત્ર તપશ્ચર્યાથી આવી બહુમુખી પ્રતિભા પાંગરી ન શકે; તે માટે તો જગતનિયંતા તરફથી માત્ર દાન નહીં વરદાન હોય તો જ શક્ય બને.

આવા અપ્રતિમ પ્રતિભાશાળી ગુરુ પાસે તેમની સેવા કરતાં કરતાં થોડા પાઠ ભણવાના મળ્યા છે તે જિંદગીનું એક મોટું સદ્‌ભાગ્ય ગણું છું. મદ્રાસમાં તેઓ અન્યભાષી અને પરપ્રાંતના હોવાથી અમે જે અહીં ગુજરાતથી ગએલા તેમની ઉપર સ્વભાવિક રીતે જ તેમને વધુ મમતા હતી; અને ભાઈ દશરથ અને હું પણ તેમના સાન્નિધ્યમાં આવવાની એકે તક ચૂકતા નહિ. તેઓએ કંઈક નવું કામ શરૂ કર્યું હોય અને અમને બતાવવા માટે બોલાવ્યા ન હોય એવું બન્યું નથી. તુરત જ પટાવાળાને મોકલે કે 'જાઓ પટેલ ઔર શાંતિકો બુલાઓ.' ને વળી પાછા પ્રેમથી અમને કહે: 'દેખો, અબ હમ તુમકો હમારા પચાસ સાલ કા કીમિયા પાંચ મિનિટમેં દિખાતે હૈ.' ને અમારી રૂબરૂમાં જ તેઓ પેઇન્ટિંગ પર કાર્ય કરતા ત્યારે તેમનો જે અવનવો કસબ જોવા મળતો તેથી ધન્યતા અનુભવતા. તેમના મશહૂર શિલ્પ 'ટ્રાયમ્ફ ઑવ લેબર'માં (જુઓ ચિત્ર 'ભીષણ પરિશ્રમ') તેની માટી ગૂંદવાથી માંડી શિલ્પના શરૂઆતના તબક્કાઓમાં બધાં માનવ પાત્રોમાં અમે માટી ભરી આપી છે. તેમનાં અનેક શિલ્પોમાં સહાય કરતાં કરતાં ઘણું જાણવાનું મળતું. કામ ચાલુ હોય ત્યારે તેમને વારંવાર ચા જોઈએ, (અને સાંજના દિવસને અંતે કામ જ્યારે આટોપાયાં હોય ત્યારે વરંડામાં આરામ ખુરશીમાં લેટીને સુરાપાન પણ અવશ્ય જોઈએ જ!) તેમની ટ્રેમાંથી ચા બનાવીને તેમને આપતાં દરમિયાન પણ અમને ઘણું નવું જાણવાનું મળતું. સતત ભીની માટીમાં ગૂંદણકામ કરવા માટે સારા એવા કૌવતની જરૂર પડે. (આપણી જાતની 'માટી' પણ પાણીદાર જોઈએ.) તેઓ કોઈવાર મૂડમાં આવી કહેતા પણ ખરા 'પચીસ પચીસ સાલ કી ઉમર કે તીન જવાન મેરી સાથ કામ કરેંગે, તો વો તીનો કો ટી.બી. શુરુ હો જાયગા!' આવી તો પોતાની કાર્યશક્તિ માટે તેમને ખુમારી હતી. મારા સાત વર્ષના મદ્રાસના વસવાટ દરમિયાન તેમને શરદી થએલી જાણી નથી. તેમની ખડતલતા ને ખાણીપીણી પણ એવાં જ. વળી એવા જ કોઈક મૂડમાં હોય ત્યારે કહે: 'દેખો, યે 'ટ્રાયમ્ફ ઑવ લેબર' કા શિલ્પ જબ દિલ્હી મેં રખ્ખા જાયગા તબ દિલ્હી કી આર્ટ સ્કૂલ કે સ્ટુન્ડન્ટ અનૅટમી સીખને કે લીએ ઉસ કે સામને બૈઠ કે ઉનકા સ્કેચિંગ કરેંગે.' આવો એમનો વસ્તુના હૂબહૂપણા માટેનો આગ્રહ હતો. ચાલુ કાર્ય વખતે પણ મજૂર અને બાગના માળીને બેસાડી તેમના સ્નાયુઓ અને નસો સુધ્ધાં શિલ્પમાં ઉતારવાનો તેમનો આગ્રહ રહેતો. શિલ્પમાં તેમના માનસ-ગુરુ તરીકે મશહૂર ફ્રેન્ચ શિલ્પી રૉદાંને ગણતા. શિલ્પમાં તેમનાં પાત્રો સ્થિર નથી હોતાં. કૂચ કરતાં, તરતાં અથવા સમૂહમાં બળપૂર્વકની મથામણ કરતાં માનવપાત્રોનું તેઓ બહુધા સર્જન કરતા. વિધવિધ પ્રકારનાં 'ટેક્ષ્ચર' ઉઠાવવા માટે તેઓ જાતજાતના કીમિયા લડાવીને ધારેલી અસર ઉપજાવતા.

જીવનના ઉત્તરાર્ધમાં તેઓએ અનેક શિલ્પો કર્યા છે, તેથી તેઓ શિલ્પી તરીકે વધુ જાણીતા થયા છે. પણ ચિત્રો, અને ખાસ કરીને જળરંગી ચિત્રોમાં પણ તેઓ એટલા જ સિદ્ધહસ્ત હતા. એમાં યે જ્યારે તેઓ ચિત્રમાં માનવપાત્રોનું આલેખન કરતા ત્યારે તો કમાલ જ કરતા. હિમાલયની પુત્રી 'હિપ્પી ગર્લ' હોય કે 'મદ્રાસનો માછીમાર' હોય, એકસરખી સફળતાથી તેઓનું પાત્રાલેખન હૃદયસ્પર્શી બની રહેતું. શહેરી ગૌરાંગનાની કુમાશ ને ગ્રામીણ શ્યામા મજૂરણ બાઈનું બરછટપણું એકસરખી આસાનીથી ચિત્રફલક ઉપર તે નિપજાવી શકતા. ઉમરે ચાસ પાડયા હોય તેવા વૃદ્ધ ચહેરાઓ, માછીમારો, સાંઈ ફકીરો, પહાડી તરુણીઓ,

એમ દરેકનું વ્યક્તિત્વ, તેમના લાક્ષણિક પહેરવેશ ને તેના સ્થાનિક વાતાવરણ સાથે ચીતરીને તેમણે તે પાત્રોને ચિત્રોમાં અમર કર્યાં છે.

શરૂઆતમાં અવનીન્દ્રનાથ ટાગોર પાસે ચિત્રની તાલીમ પામ્યા બાદ કલકત્તામાં કોઈક યુરોપીઅન કલાકાર પાસેથી પશ્ચિમની શૈલીનો પણ તેમણે અભ્યાસ કર્યો. શ્રી અવનિબાબુએ શરૂ કરેલા ભારતીય કલાના પુનરુત્થાનકાળમાં તેમના અને નંદબાબુના અનુયાયીઓ દ્વારા વિકસેલી બંગાળ ચિત્રશૈલીએ ભારતીયપણાના આવેગમાં માત્ર જે જૂની કલાપ્રણાલીઓને જ વળગી રહેવાનું કર્યું. તે રાયચૌધરીને માન્ય ન હતું. એમણે તત્કાલીન એ રસમનો ભંગ કરીને, પૂર્વ-પશ્ચિમની શૈલી સર્જી, જેમાં માનવપાત્રો પૂર્ણ ભારતીય ઢબે છાયા પ્રકાશની મદદ લીધા વિના પોતીકા રૂપે જ મઢાયાં હોય અને સાથેસાથે એ જ ચિત્રની પીઠિકાનું નિસર્ગદૃશ્ય પૂર્ણ રીતે વાસ્તવિક છાયા પ્રકાશમાં પથરાએલું હોય. આવી વિરોધાભાસી પદ્ધતિઓને એક જ ચિત્રમાં રાખવાનો કીમિયો બહુ વિરલ જ સાધ્ય કરી શકતા હોય છે.

કળાશાળામાં જ્યારે વિદ્યાર્થીઓ સુસ્ત લાગે ને કામ ન થવાના કારણમાં જ્યારે જણાવે કે 'સાહેબ, વિષય મળતો નથી; શું ચીતરવું તેની મૂંઝવણમાં છું' ત્યારે રાયચૌધરી તેનો એક સચોટ ઉપાય બતાવતા. તે કહેતા: 'દેખો મેરા સ્ટૂડિયોકી યે સિર્ફ ખિડકી (બારી) મેં સે મૈંને પંદરાહ પેઇન્ટિંગ પાયેં હૈં'. તમારી આજુબાજુ રસપૂર્વક અવલોકન કરો, જીવતા જીવનને સહાનુભૂતિપૂર્વક નિહાળો તો તમને ચિત્ર કરવા માટે અસંખ્ય વિષયો આપોઆપ મળી જશે.

શ્રી રાયચૌધરી તેમનાં ગતિશીલ શિલ્પોની જેમ ચિત્રોમાંનાં માનવપાત્રોને પણ અમર–ચિરંજીવ કરી ગયા છે. તદ્દન સામાન્ય લાગતાં પાત્રો કે વિષયોને તેમણે અલૌકિકપણું બક્ષ્યું છે. ઉંમરના ભારથી વાંકાં વળેલાં પણ શ્રમના ગૌરવથી શોભતાં એમનાં પાત્રોની એકેએક રેખા જીવંત હોય છે. વૃદ્ધ ચહેરાની કરચલીઓમાં વીતેલાં વર્ષો વાંચી શકાતાં હોય છે. જરૂરપૂરતી આલેખાએલી, પહેરણ-ખેસની ગણતરીની રેખાઓ પણ ઘણુંઘણું વ્યક્ત કરતી હોય છે. અલંકારો પણ માનવપાત્ર જેટલા જ ઘસાએલા છતાં ચમકીલા હોય છે. મજૂરણોની આંગળીઓને અજન્તાની રાજકુંવરીઓ જેવી ચીતરેલી જોતાં તેઓ અકળાઈ ઊઠતા. શ્રમજીવી વર્ગોને પણ તેમનું એક આગવું સૌન્દર્ય હોય છે એ તેમનાં ચિત્રો જોતાં તુરત જણાઈ આવે છે. બલિષ્ઠ ખરબચડાપણું પણ એક નયનરમ્ય ચિત્ર સર્જાવી શકે છે એ તેમનું આગવું પ્રદાન છે.

સિદ્ધહસ્ત શિલ્પી, મશહૂર ચિત્રકાર, વંદનીય કલાગુરુ, સચોટ શિકારી, તાલીમબદ્ધ કુસ્તીબાજ, સફળ નવલિકા-લેખક અને મનહર બંસીવાદક, એવા શ્રી રાયચૌધરી હવે આપણી વચ્ચે નથી એનો શોક શો કરીશું? ભારતદેશના એક રત્નસમાન શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સારી યે જિંદગી સર્જનો કરીને થાક્યા નથી. પણ કુદરતે પૂરાં છોંતેર વર્ષનું આયુષ્ય આપીને હવે, બલિષ્ઠ પણ શરીરથી ભાંગેલા તે આત્માને ઉચિત રીતે જ આરામ આપવા માટે પોતાની સોડમાં સમાવી લીધો છે.

આવું સાફલ્યપૂર્ણ જીવન જીવી જનાર માટે શોક શાને હોય? હવે તે મુક્ત આત્મા માટે, જો આપણા મનની મૌન વાણી પહોંચતી હોય તો, તેમણે ભારતીય કલાપરંપરામાં કરેલા આગવા પ્રદાન માટે અંજલિનાં બે પુષ્પો તેમને પહોંચતાં કરીએ.

શાન્તિ શાહ

સ્વ. કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરી

બંગાળના એક લુપ્તવૈભવ જાગીરદારના એ પુત્ર. જન્મ ઈ. ૧૮૯૯માં બંગાળના રંગપુર ગામમાં. એમના ચોથી પેઢીના પૂર્વજ કેશવચંદ્ર મુદગાછાના જાગીરદાર, અને દાદા હરિપ્રસાદ સંસ્કૃત તથા અરબીના મહાપંડિત હતા. પિતા ઉમાપ્રસાદે બચપણમાં જ માની છાયા ગુમાવી બેઠેલા પુત્ર દેવીપ્રસાદને વાત્સલ્ય તથા સજગ પણે ઉછેર્યો. કુસ્તી અને અખાડાની તાલીમ સાથે એમણે પુત્રને બહાદુર અને નેકદિલ બનાવ્યો. એમનો શિકાર-શૉખ પણ પુત્રમાં ઊતર્યો. જોકે શાળાના ભણતરમાં દેવીપ્રસાદને રસ પડતો નહિ, છતાં આપમેળે જ્ઞાન મેળવવાની તાલીમ અને દૃઢ શક્તિ એમનામાં હતી. બહોળા અને પ્રતીતિપૂર્વકના વાચન વડે એમણે પોતાની બુદ્ધિની સવીર્યતા કેળવી હતી.

ભારતીય કલાના પરખંદા અને ચાહક મિ. હૅવેલની પ્રેરણાથી ટાગોર પરિવારના 'જોરાસાંકો'માંથી અભિનવ કલાજાગૃતિનાં જે નવાં વહેણ પ્રકટ્યાં એનું આકર્ષણ યુવાન દેવીપ્રસાદને પણ થયું, પરંતુ આ દરમિયાન હિરણ્મય ચૌધરી પાસેથી યુરોપીય પદ્ધતિની તાલીમ મેળવી એમણે જે ચિત્રો કરેલાં એને અવનીબાબુએ 'રદ્દી' ગણાવી પોતાના શિષ્યત્વમાં એમનો સ્વીકાર ન કર્યો. દેવીપ્રસાદ હવે બૉઇએ નામના એક પ્રસિદ્ધ ઇટાલિયન કલાકાર પાસે ગયા. આ ગુરુશિષ્યનો સંબંધ ઘણો ઘનિષ્ઠ રહ્યો. કલાની સ્થાપિત પ્રણાલિકાઓમાં બૉઈએએ શિષ્યને ઉમદા ઓપ આપ્યો, એટલું જ નહિ અહીં દેવીપ્રસાદ શિલ્પકામમાં પણ પ્રવીણ બન્યા.

હજી એમને કોડ તો હતા વિલાયત જઈને ત્યાંની ઍકેડેમીની તાલીમ લેવાના, પણ ઘરમાં સૌ તેઓ ચિત્રકાર બનીને મુફલિસી સ્વીકારે એ કરતાં વકીલ, ડાક્તર કે ઇજનેર બને એમ ઈચ્છતા હતા. અને આ મતભેદ પર યુવાન દેવીપ્રસાદે ઘર છોડ્યું. ત્યાર પછીના એમના અનુભવો અજબગજબ રહ્યા. સર્કસમાં ટ્રિક-સાઇકલિંગના એમણે ખેલ કર્યા, નવરાશે બંસીવાદન અને ગાયનની તાલીમ લીધી, નજીકની પોલીસ-બરાકમાં કુશ્તીના દાવ પણ લડાવ્યા, કલકત્તાના કૉરિંથિયન થીએટરમાં પર્દા પણ ચીતર્યા, એક ચિતારાને ત્યાં છાપેલાં રેખાચિત્રોમાં રંગ ભરી એને મઢીને બજારમાં એ વેચવા ફેરી પણ કરી, અને અંતે આ બધાંથી ત્રાસી સર આશુતોષ મુખરજી પાસે પહોંચી જઈ નોકરી માગી—ચિત્રકાર તરીકે નહિ પણ ડ્રિલ-માસ્તર તરીકેની! સર આશુતોષ એમના વડીલોને ઓળખતા હતા. એમણે દેવીપ્રસાદને ભવાનીપુરની એક શાળામાં ડ્રૉઇંગ માસ્તર તરીકે ગોઠવી દીધા, જ્યાં ચિત્રકળા શીખવવા કરતાં ત્યાંના દાંડ છોકરાઓને સીધા કરવાનું કામ વિશેષ રહેતું. પણ દેવીપ્રસાદ આ બંને કામમાં પારંગત હતા જ.

બીજી બાજુ એમની નિજી કલાસાધના પણ ચાલતી જ હતી. ચિત્ર અને શિલ્પ–પ્રદર્શનોમાં એમને હવે ચંદ્રકો ને પારિતોષિકો મળવા લાગ્યાં અને એમની મૌલિકતા સ્થાપિત થઈ ગઈ. ડૉ. સ્ટેલા ક્રૅમરિશ, ડૉ. કાલિદાસ નાગ, શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, મિ. પર્સી બ્રાઉન વગેરે જેવા એમની કળાના પ્રશંસકો હતા. પણ દેવીબાબુ અવનીન્દ્રનાથ ટાગોરે પ્રકટાવેલી







△ લેપ્ચા સુંદરી: પહાડી સ્ત્રીઓની ઝટ પકડમાં ન આવે એવી ચારુતાને ચિત્રમાં ઉતારવી બહુ મુશ્કેલ છે. રાયચૌધરીએ એના ભરાવદાર ચહેરા પર બીડેલી કળી શા ઓઠ, યૌવનનો મધુગંધ ફોરતાં નસ્કોરાં ને ખુમારભરી આંખો પર કટાર શી ભ્રમર જેવી થોડી સામગ્રી વડે એ અસાધ્ય સૌંદર્યને કૌશલથી ઉતાર્યું છે. અને એવી જ ચોકસાઈ દાખવી છે એનાં આભૂષણોની ઝીણી વિગત ઉતારવામાં.

◁ સ્નાન પછી: બે હાથમાં ભીના કેશના છેડા ધારીને, પગ પર પગ ચડાવી ઊભેલી નારીનાં વસ્ત્રોમાંથી ડોકાતું દેહલાલિત્ય દર્શાવતી શ્રી રાયચૌધરીની એક મનોરમ શિલ્પકૃતિ.

નવોદિત કલાની જ્યોત્સના અને આહ્લાદને પારખી શકતા હતા. ફરી એક વાર એમણે અવનીબાબુ સાથે નાતો જોડવા પ્રયાસ કર્યો. પ્રથમ તો મચક ન મળી, પણ અંતે એમનું કામ જોઈ અવનીન્દ્રનાથે એમનો સ્વીકાર કર્યો. પરિણામે પૂર્વના આદર્શો અને પશ્ચિમના કૌશલના સંલગ્નથી રાયચૌધરીની આગવી કળા પ્રકટી.

એવામાં એમની કળાના પ્રશંસક શિક્ષણખાતાના એક વડાને, એમને પોતાની જ હકૂમતની એક શાળામાં મામૂલી 'ડ્રૉઇંગ માસ્તર' તરીકે કામ કરતા જાણીને આશ્ચર્ય થયું. એમણે વસંત દેવીબાબુને 'ઇંડિયન સોસાએટી ઑાવ ઑારીઍન્ટલ આર્ટ'માં ચિત્રકળાના પ્રાધ્યાપકનું સ્થાન અપાવ્યું અને ત્યાંથી પછી રાયચૌધરી મદ્રાસની કલાશાળાના આચાર્યપદે ગયા.

એમની કલાનાં અનેક પાસાં છે. અનેક રીતે પ્રકાશેલી એમની પ્રતિભાનું મૂલ્ય એમની ચિત્રશૈલીની વિલક્ષણતામાં નહિ, પણ જે કલાત્મક રહસ્યો એમણે અપનાવ્યાં ને પ્રકટાવ્યાં તેમાં છે. પોતાના નિશ્ચિત માર્ગે પ્રગતિ સાધી અને પશ્ચિમની તાલીમ પૂરી કરી જરાયે પશ્ચાત્તાપ વિના એમણે વધુ સમુજ્જ્વલ, સંપૂરક ને પરિપક્વ એવી નિજી શૈલી નિપજાવી. એમને મન કળા પારિતોષિકો જીતવા કે ભગ્ન હૃદયની તૂટેલી આશાઓ ઠાલવવાનું પાત્ર નહિ પણ જીવનની એક મહાન સાધના હતી—કળાનાં રહસ્યો ઢૂંઢવા ઊઠેલી આત્માની આરઝૂ હતી. એમની કળામાં પૌરુષ છે, ને પૌરુષ ભાવે એમણે ભારતના વિવિધ પ્રદેશોની સુંદરીઓનાં રૂપ આલેખ્યાં છે. પૂર્વજોના અમીરી સંસ્કારો છતાં તેઓ જનસમાજની નજીક રહ્યા છે. એમની શક્તિમાં થાક નથી. આક્રમક જીવનદૃષ્ટિ અને પ્રબળ સંકલ્પો સાથે ભૂતકાળના ભવ્ય વારસા તથા આધુનિક કલાશૈલીઓનો સુમેળ કરી, આજની ભારતીય કળાના ઇતિહાસમાં પ્રકાશવાન સૌંદર્યકૃતિઓ ઉભરાવતા મૌલિક પ્રતિભાના એ એક કલાવીર હતા.

ગયા ઑક્ટોબરની ૧૫મી તારીખે વહેલી સવારે કલકત્તામાં એમનું અવસાન થયું. –સં.

ભારતના વિપ્લવિક ઇતિહાસનું એક પ્રેરક પ્રકરણ • સરફરોશી માટે થનગનતા યુવાનોની કથા

વિનય-બાદલ-દિનેશ

મૂળ લેખક: શૈલેશ દે • અનુવાદક: સુકન્યા ઝવેરી

બાદલ ગયો. રાજકુંવરે ગયા. એને ય પાંચ દિવસ પૂરા થઈ ગયા. બાકી કેવળ દિનેશ રહ્યો; સાથી વિહોણો, પૃથ્વી પર એકલો. તેથી શું દુઃખ થતું હતું? ના રે. દુઃખ શાનું? આ તો વિપ્લવનો પથ, અનિશ્ચિતતાનો પથ. આ પથ પર ચાલનારના સર્વાંગમાં વહી હતી રક્તની વસુધારા. બંને સાથી ચાલ્યા ગયા; હવે હતો એનો વારો. એને ય એક દી તો જવાનું જ હતું. પછી દુઃખ શાનું? શોક શાનો?

દુઃખ અને અફસોસ હતો કેવળ અંગ્રેજ સરકારને. બબ્બે જણ આમ હાથમાંથી છટકી ગયા. ઠીક; એક તો છે! એને ડૉક્ટર અને નર્સ સિવાય કોઈ મળી શકતું નહિ. મહામહેનતે અનુમતિ મળી દિનેશના દાદા જ્યોતિષ ગુપ્તને. નસુ (દિનેશ) તેમનો ખૂબ જ લાડકો. તેથી તેઓ ઝાઝો વખત દૂર રહી શક્યા નહિ. દાદાને જોઈને દિનેશનું મુખ આનંદે ઉદ્‌ભાસિત. 'મા કેમ છે? અને ભાભી? નાની બહેનના શા સમાચાર? મારા માટે કોઈને ફિકર કરવા દેતા નહિ. હું ખૂબ સારો છું.'

અને સાચે જ દિનેશ સાજો થઈ ગયો. એના કેસમાં ડૉક્ટર અને નર્સની મહેનત હતી અસાધારણ. ધૈર્ય, સહાનુભૂતિ, સાહચર્ય દઈદઈને દિનેશને સ્વસ્થ કરવામાં તેમણે જરા યે ઊણપ નહોતી રાખી. એની સાથે એક પરદેશી નર્સની વાત આજ પણ ઇતિહાસના પાને જીવતી છે. ભલે હતી વિદેશિની, તો ય તે નારી. તેથી જ અણજાણ્યે જ આ દુરંત, દુઃસાહસી દામાલ છોકરા માટે સ્નેહ અને મમતા વડે મન એનું છલછલ છલકાઈ રહ્યું હતું. કોઈ પ્રત્યાશા નહોતી, કોઈ માગણી કે દાવો નહોતો. કેવળ વચ્ચે વચ્ચે એ બંદીને એક નજર એક પલક આંખે જોવો હતો. એ શિવાય કોઈ કામના યે નહોતી. એની મમતા પિછાણી દિનેશે એક દી મશ્કરીમાં કહ્યું: 'સૉરી નર્સ, આઈ ઍમ સ્ટિલ બ્રીધિંગ.'

'મે ગૉડ ગ્રાન્ટ યુ લૉંગ લાઈફ.' આજુબાજુ નજર નાખી પાસે આવી આસ્તેથી નર્સ બોલી: 'વ્હાઈ ડિડ યૂ ટેઈક પૉઈઝન ઍન્ડ શૂટ યૉરસેલ્ફ?'

હસીને દિનેશે જવાબ દીધો: 'જસ્ટ ટુ ફિનિશ માઇસેલ્ફ આફ્ટર ધ કમ્પ્લીશન ઑવ વર્ક.'

'કમિટિંગ સૂઈસાઈડ ઈઝ અ ક્રાઈમ, નો?'

'ઈટ વૉઝ નથિંગ ઑવ સૂઇસાઇડ. ઇટ વૉઝ સેલ્ફ-ઇમોલેશન—અ વૉલન્ટરી ડેથ—અ ડેથ ઑવ ફુલફિલમેન્ટ, ઍન્ડ નોટ ઑવ ડિસ્પેર.'

એક મિનિટની દ્વિધા, બીજી પળે વ્યાકુળતાથી પ્રશ્ન પૂછી બેઠી વિદેશિની: 'ડૂ યૂ હેઈટ મી? ડૂ યૂ હેઈટ ઑલ બ્રિટિશર્સ?'

'નો, આઈ હેઈટ ધોઝ હૂ વૉન્ટ ટૂ રૂલ ઓવર અસ—ડાયરેક્ટલી ઑર ઈન્ડાયરેક્ટલી.'

'વિશ યુ લૉંગ લાઈફ. ગુડ નાઈટ બ્રેઇવ બૉય!' વાક્ય પૂરું કરી ભાગી ગઈ વિદેશિની. બહાર કોઈનાં પગલાંનો અવાજ સંભળાતો હતો. કોઈ આ તરફ આવી રહ્યું હતું. પ્રાણુપ્રાચુર્યે ભરપૂર આ રાજદ્રોહી પ્રતિ કોઈ પ્રકારે સહાનુભૂતિ દર્શાવવાનો કોઈને ય અધિકાર ક્યાં? ને એ તો પાછી શાસક સંપ્રદાયની એક વ્યક્તિ.

ત્રણેક સપ્તાહમાં તો સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો દિનેશ. હવે શરૂ થઈ કોર્ટની ઊલટતપાસ. પ્રશ્નોની ઝડી. આને ઓળખો છો? આને પિછાણો છો? જવાબ દઈને ય છુટકારો નહોતો. ફરી ફરીને એક જ પ્રશ્ન—અસતર્ક પળે, ગમે તે ભોગે સાચી વાત તો બહાર નીકળી જ આવશે. કેવા મોટામોટા ખુઠ્ઠાખુઠ્ઠા માણસ પણ ઊલટતપાસે ઘાયલ થઈ ગયા હતા, તૂટી પડ્યા હતા. તો આં તો વીસ વર્ષનો નાદાન છોકરો! એના શા ભાર?

વચ્ચે વચ્ચે રંગ બદલાય. 'ઓહ! તારું મોં તો જો! કેવું સુકાઈ ગયું છે! કંઈક ખાઈશ...?' 'કેમ ના? શરમાય છે શું? અમે પણ આ જ દેશના છીએને? શું અમને આઝાદી ખપતી નથી? પણ શું કરીએ બાપુ, ચાકરી એવી કરીએ છીએ કે કંઈ બોલી ન શકાય...અમને કહેવામાં કંઈ વાંધો નથી. જ્યોતિષ જોઆરદારે તમને લડવાના આ જે કાયદાકાનૂન શિખવાડ્યા છે એમ કોઈને કહેવાનું નહિ; બરાબર છે ને?' આમ ને આમ દિવસોના દિવસો તપાસ ચાલી, તો ય ભેદ ખૂલ્યો નહિ. શાનો ખૂલે? દિનેશ હતો અલગ માટીથી ઘડાએલો. એવા લોખંડી જવાનને ફોસલાવવો સહેલો નહોતો. વળી, અગ્નિયુગના ઇતિહાસમાં દિનેશ જાતે જ એક નાનો ઇતિહાસ હતો. ખાસ કરીને સંગઠન કરવામાં એ એકે સો જેવો. એનું સાક્ષી મેદિનીપુરનું સંગઠન. પોતાના જલદ નેતૃત્વથી જાણે કોઈ ઊંઘતા દૈત્યને જાદુલાકડીથી જગાડી દીધો! અને સ્થિતિ એવી થઈ ગઈ કે એને શાંત કરવી મુશ્કેલ બની ગઈ. ઉન્મત્ત તરુણ રક્ત અસહ્ય આવેગે જાણે ફાટ્યું કે ફાટશે: 'કામ દો, કામ દો. અમે બેસી રહેવા નથી માગતા. કામ આપો.' કાર્યના નશાએ પ્રત્યેક કાર્યકર ઉન્માદ-ઉદ્દીપ્ત: 'કાજ દો, સુયોગ દો; કેવળ એક સુયોગ—એક તક'.

મલ્લિકા! આજ દેશ સ્વાધીન થયો છે. મનુષ્યોની વિચારધારા પણ બદલાઈ ગઈ છે. પણ ક્યાં એ કામ કરવાની ધગશ અને ઉન્માદ! ક્યાં ચારિત્ર્યની દૃઢતા? ક્યાં એ આદર્શવાદ? ક્યાં એ દુઃસાહસી યુવક-યુવતીનું વૃંદ? આજ યુવાન-યુવતી ચાહે છે સિનેમામાં કામ કરવાની એક સોનેરી તક!—કોઈ પણ મૂલ્યે, કોઈ પણ ભોગે! અને તે દી? હજુ થોડાં જ વર્ષ પૂર્વે તેઓએ પણ સોનેરી તક ચાહી હતી. એને માટે એ શી આકુળતા-વ્યાકુળતા! એ રુદન! એ રીસ! પણ તે દી સોનેરી તકનો અર્થ હતો અવધારિત મૃત્યુ! અને એ મૃત્યુનો પરવાનો મેળવવા કેટલાં સાધ્ય-સાધના! દિનેશ પણ એમ જ રિસાઈને બોલ્યો'તો: 'કામ દો; નહિ તો ના પાડો, એટલે ઘર ભેગા થઈ જઈએ.' જવાબ મળ્યો હતો: 'અબૂઝ થા મા, દિનેશ; શાંત થા, અવસર આવ્યે તને જ કામ માટે બોલાવશું.' અંતે અવસર આવ્યો હતો અને એણે એ દીપાવ્યો હતો, મલ્લિકા.

સાજો થતાં જ મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાંથી એને લઈ ગયા અલીપુર જેલના કન્ડેમ્ડ સેલમાં. સાધારણરીતે ફાંસીના આસામીનું આ જ રહેઠાણ. આખરે શરૂ થઈ અલીપુર સેશન જજ ગાર્લિકના સભાપતિત્વ નીચે સ્પેશ્યલ ટ્રાઇબ્યુનલ. દિનેશને એમાં બિલકુલ રસ નહોતો; 'એ બધું જાણી મારે શું કામ? મને જે યોગ્ય લાગ્યું તે મેં કર્યું; હવે એમને ગમે તે એ કરે!'

ભલે દિનેશને રસ નહોતો, પણ બંગાળના લાખ્ખો લોકોને રસ હતો. ફેંસલાના દિવસે અદાલતના પ્રાંગણમાં એ શી વિરાટ ઉત્તેજના! અભાવનીય ચંચળતા! બધા જ સ્વાધીનતાના વીર વીપ્લવી દિનેશની ઝાંખી કરવા ઝંખતા; એક વાર પોતાના અંતરની અભ્યર્થના, શ્રદ્ધા જણાવવા ઈચ્છતા. પણ દિનેશ નિર્વિકાર. કન્ડેમ્ડ સેલની અંદર એનું જીવન તો વીતે એક જ તાલે. ત્યાં એક જ રંગ લઈ આવે પ્રભાત-સૂર્ય, સ્તબ્ધ બપોર અને શાંત સંધ્યા. ઊંચી દીવાલથી ઘેરાએલી એ વિચિત્ર સૃષ્ટિમાં બધું જ જાણે વર્ણહીન, સ્વાદહીન, વિવિધતા હીન. કેટલી બધી વાતો

યાદ આવે—એક પછી એક! યાદ આવે માવડી, નાનકડી બહેનડી, હોંશીલી ભાભલડીની વાતો. અનેક વાતો, અનેક આવેગ. યાદ આવે મેદિનીપુરના અનેક મિત્રો. અને પછી અચાનક ગણગણવા માંડે ગીત :

ત્યારે કોણ કહેશે કે એ જ પ્રભાતે નહિ રહું હું?
સકલ રમતની રમત રમીશ આ જ હું,
નૂતન નામે બોલાવશે મને,
બાંધશે નૂતન બાહુને બંધને;
આવીશ જઈશ ચિરકાળનો એ જ હું. (રવીન્દ્રનાથ)

મૌન તપસ્વિની રાત્રી! કોઈ જાગતું નહોતું. લાગતું જાણે સંપૂર્ણ પૃથ્વી ડૂબી ગઈ હતી શાંત, નિઝુમ નિદરના અતલાન્તમાં. કેવળ વચ્ચે વચ્ચે સંભળાય છે પ્રહરીનાં પગલાંનો રવ : ખટ્ ખટ્—ખટ્, ખટ્. આ બાજુ બરાબર નિરીક્ષણ કરી, અચાનક કંઈક વિચારી દિનેશ બેઠો થયો અને એક પથ્થરના ટુકડા વડે પથ્થરના સેલની દીવાલ પર ઠોકવા માંડયો : ઠક-ઠક; ઠક-ઠક. આશ્ચર્ય! સામેથી—સામે છેડેથી પણ અવાજ સંભળાયો ઠક-ઠક; ઠક-ઠક!

ખેલ નહોતો, મલ્લિકા. કંઈ ભૌતિક ઘટના પણ નહોતી. આ હતી વિપ્લવીઓની અતિ પરિચિત સાંકેતિક લિપિ. બાજુના સેલમાં હતો પ્રાણદંડાજ્ઞા પ્રાપ્ત-ફાંસીની સજા પામેલો (કેદી ચટ્ટગ્રામનો) રામકૃષ્ણ વિશ્વાસ. તેની સાથે દિનેશ આમ જ વાત કરતો. હમણાં જ માંદગીને બિછાનેથી ઊઠયો હતો રામકૃષ્ણ. તેથી દિનેશે પૂછ્યું : 'કેમ છે હવે રામકૃષ્ણ?'...... 'સારો છું દિનેશદા.'

બીજો કોઈ પ્રશ્ન નહિ; કોઈ ઉત્તર નહિ. બધા જ પ્રશ્નો, બધા જ ઉત્તરો ખોવાઈ ગયા મૌન રાતના અંધકારમાં.

નિસ્તરંગ નદીમાં તરંગ ઉઠાવ્યો સુભાષચંદ્રએ અલીપુર જેલમાં—કે બધા જ અમે સરસ્વતી-પૂજા કરીશું. દિનેશ, રામકૃષ્ણ, બધાને જ સુયોગ દેવો પડશે. જેલર મિ. સોયાન તો અવાક! કંડેમ્ડ સેલના આસામીને બહાર આવવા દેવાય શી રીતે? પોતે હતા જાતે આઈરિશ. બેલફાસ્ટ જેલમાં એમણે બહુ વિપ્લવી જોયા હતા. પણ આવો અદ્ભુત દાવો આજ સુધી કોઈએ કર્યો નહોતો. આ અસંભવ. પણ દાવો કરનાર હતા સુભાષચંદ્ર સ્વયં. અને તે કંઈ સીધા માણસ નહિ. ના પાડે તો ધમાલ કરી બેસે. બીચારા જેલરસાહેબ કહે : 'જે કરવું હોય તે કરો, પણ જોજો મારી નોકરી ન જાય.' જેલર હોવા છતાં પણ સોયાન સાહેબનું અંતર હતું સાચે જ વિશાળ. આઈરિશ વિપ્લવીઓ પ્રતિ તેમની શ્રદ્ધા હતી અપરિસીમ. ભારતના વિપ્લવીઓ તો એના જ સગોત્ર.

રામકૃષ્ણ અને દિનેશને લઈ ને પૂજા કરવા મંડપ ભણી જતાં જતાં અચાનક સુભાષચંદ્ર એક કાંડ કરી બેઠા! સામે એક નંબર વૉર્ડ. તેમાં હતા સુનીલ સેનગુપ્ત. ત્યાં જ દિનેશને ધકેલી દીધો : 'આવી બીજી તક મળશે નહિ; કંઈ વાત કરવી હોય તો કરી લે.' દીર્ઘકાળ પછી પોતાના પરિચિત મિત્રને મળીને તેદી શો આનંદ થયો હતો દિનેશનો! સુનીલબાબુને ભેટી પડયો! મુક્તિનો આનંદ! આમ કંડેમ્ડ સેલમાંથી કયારે ય મુક્તિ—ભલેને થોડી વાર માટે પણ—કયાં? એણે સ્વપ્નામાં પણ ધાર્યું નહોતું. 'બડોદાને કહેજો હું મજામાં છું. મારા જીવનનો જીવંત આદર્શ બાદલ અને વિનયદા. એ હું જીવનની અંતિમ પળ સુધી સાચવીશ.'

બડોદા એટલે સર્વાધિનાયક હેમચંદ્ર ઘોષ. અત્યંત ધર્મભીરુ માણસ. મુખે અહિંસાની વ્યાખ્યા સિવાય કશું જ નહિ. પણ અસલમાં ૧૯૩૦ થી માંડી અંત સુધી શક્તિમાન બ્રિટિશ સામ્રાજ્યના પાયા ને બુનિયાદને કંપાવનાર હતો આ જ શાંત, શિષ્ટ નિર્વિરોધી માણસ! વૈપ્લવિક સંસ્થા 'બૅંગાલ 'વૉલંટીઅર્સ'ના સર્વાધિનાયક! પોલીસ તો ઠીક પણ દળનાંયે જૂજ માણસ સિવાય કોઈનેય એ વાતનો અણસાર નહોતો. એવી કઠોર હતી દળની મંત્રગુપ્તી. હજુ આજ પણ હેમદા જીવતા છે. કશું યે ભૂલ્યા પણ નથી. એ અતીતની કથા! મનની કિતાબનાં પાનાં ફેરવતાં આજ પણ પળે પળે નજરે ચડે છે એ અતીતની ધૂસર પાંડુલિપિ—અસ્પષ્ટ કિંતુ અવિસ્મરણીય.

દિવસ પછી રાત. ફરી રાત ખોવાઈ જાય નૂતન દિનના સમારોહમાં.

વળી એક દી રામકૃષ્ણે સાંકેતિક ભાષામાં દિનેશને કહ્યું : 'સાંભળો છો દીનેશદા?'

'હા, શી વાત છે?'

'ભારે અદ્‌ભુત વાત.' વૉર્ડરે કહ્યું કે મારી બહેન અમિતા દાસ મને મળવા માગે છે. પણ મજાની વાત તો એ છે કે મારી બહેન તો બાજુએ રહી, પણ એ નામની કોઈ સ્ત્રીને ય હું તો ઓળખતો નથી. પોલીસની કોઈ ચાલ તો નહિ હોય ને?'

'શી ખબર, ભાઈ! મળવા જા ત્યારે ધ્યાન રાખજે, ચેતીને વાતચીત કરજે.'

થોડા દિવસ પછી વળી પાછું એ જ ઠક—ઠક, ઠક—ઠક.

'કેમ શું છે?'

'ભારેલો અગ્નિ!'

'શું કહે છે? મળવાનો ઉદ્દેશ?'

'ખબર નહિ, લાગે છે, ધીરે ધીરે સમજાશે?'

અમિતા દાસને તું નહિ ઓળખી શકે, મલ્લિકા. તું શું કોઈ નહિ ઓળખી શકે. પોલીસ પણ નહિ. ઓળખી શકત તો આતંકે ધ્રુજી ઊઠત. એ હતાં ચટ્ટગ્રામ યુરોપીઅન કલબ પરના સાર્થક આક્રમણનાં અધિનાયિકા શહીદ પ્રીતિલતા વાદ્દેદાર. એ જ મળવા ગયાં હતાં રામકૃષ્ણને, એક વાર નહિ અસંખ્ય વાર, પણ પોલીસને ખબર પડી ત્યારે બધું પૂરું થઈ ગયું હતું.

અંતે એક દિવસ મામલાનો ચુકાદો આપ્યો ન્યાયાધીશ ગાર્લિકે. જોકે મામલાનું પરિણામ સૌને વિદિત તો હતું જ. તો ય બધાના મનમાં એક જ કામના હતી કે દિનેશને એ ચરમ સજા ન મળે—પ્રાણદંડ. માત્ર પ્રિવી કાઉન્સિલના હુકમની જ વાર હતી. સાથે સાથે ઝંઝાવાત ઊઠયો સમગ્ર બંગાળમાં. આ આદેશ અમે માનશું નહિ. લોકોની ભાષા રૂપ પામી વિપ્લવી નાયિકા વિમલપ્રતિભાદેવીના કંઠમાં. પાર્કે પાર્કે, સભા–સમિતિમાં, મૅન્યુમેન્ટ તળે, સર્વત્ર તેમણે આહ્વાન કર્યું તરુણ સમાજને : 'બંગાળના તરુણો! યુવાનો! ભારતના નવલોહિયાઓ! સામ્રાજ્યવાદી અંગ્રેજના હાથે તમારી મજ્જાની મજ્જા ને રક્તના રક્ત જેવા એ વીર સાધકનું મૃત્યુ તમે કાયરની જેમ કબૂલશો નહિ.' દુર્વાર કંઠે અવાજ ઉઠાવ્યો : 'દિનેશનું મૃત્યુ અમે સહીશું નહિ, દિનેશ દીર્ઘજીવી હો.' અને જવાબ દીધો સમસ્ત બંગાળે. લાખ લાખ કોટિ કોટિ નિપીડિત મનુષ્યોએ—ખાસ કરીને દિનેશના હાથે ઘડાએલા મેદિનીપુરે : 'બદલો અમે લઈને જ રહીશું! એક વાર એ રક્તશોષક જાતિને નેસ્ત નાબૂદ કરી દઈશું.'

પણ દિનેશ નિશ્ચિંત, નિર્વિકાર. સેલના નિર્જન કક્ષમાં અધિકાંશ સમય તેનો વીતવા માંડયો ગીતા અને રવીન્દ્રકાવ્યના પઠનમાં. કેવળ વાચન અને વાચન. બે દી પછી તો એ પૃથ્વી પરથી વિદાય લેવાનો હતો. તે પહેલાં જેટલું જ્ઞાન મેળવી શકાય! વચ્ચે વચ્ચે કલાન્તિ આવે ત્યારે મરજી પ્રમાણે નજરને લંબાવી દે બહારની દિશાભણી, ભીંત વટાવીને આકાશના દૂર દિગંત ભણી. હવે કોઈ કાર્ય બાકી નહોતું કેવળ અપેક્ષા; શેષ વિદાય પહેલાંના કેટલાક અલસ મંથર દિન...

અચાનક દિનેશના એકધારા બંધિયાર જીવનમાં આવી આકસ્મિકતાની ચમક. મારાત્મક ખબર આવ્યા મેદિનીપુરથી. સાતમી એપ્રિલે અત્યાચારી જિલ્લા મૅજિસ્ટ્રેટ કુખ્યાત પૅડી ખતમ! મરનારનો કોઈ પત્તો નહોતો. ખબર સાંભળી દિનેશ આત્માહારા! પોતાના હાથે ઘડેલા મેદિનીપુરે બરાબરનો જવાબ દીધો હતો! એ આનંદ દર્શાવવા એની પાસે શબ્દો નહોતા. એ પછી મેદિનીપુરે અનેક જવાબ દીધા

હતા, મલ્લિકા. શોણિતથી રંગી દીધી હતી તેમણે મેદિનીપુરની ધરતી.

દિવસ પાસે આવી રહ્યો હતો. બે દિવસ પછી તો ફાંસી! એવામાં દિનેશે એના દોસ્ત સુનીલ સેનગુપ્તને ચિઠ્ઠી મોકલી વોર્ડરની સહાયથી. ખાનગી એક ચિઠ્ઠી. પણ એમાં દિનેશે શું લખ્યુ હતું, ખબર છે? 'જરાક પૂરી ને માંસ ખવડાવી શકશો?'

તું કલ્પી શકે છે મલ્લિકા? મૃત્યુ સંબંધે કેટલો નિર્વિકાર દિનેશ! મૃત્યુની મજાક આથી વધુ કોઈ ઉડાવી શકે ખરું? સાંભળ્યું છે ક્યાંય? વિપ્લવી જીવન અતિ કઠિન–કઠોર. તુચ્છ ભાવાવેગને એમાં સ્થાન નહિ. તો યે સુનીલબાબુની આંખો છલકાઈ ઊઠી હતી તે દી. દિનેશે ચાહ્યુ હતું કે પૂરી ને માંસ ખવડાવે. પણ એ શી રીતે કરવું? પોતે પણ હતો કેદી! એવામાં વીસ વર્ષની સજા ભોગવતો ખૂની આસામી મોતી આગળ આવ્યો. બે આંખોમાં સપ્રશ્ન જિજ્ઞાસા. 'શું થયું છે સ્વદેશી બાબુ? કંઈક જાણે મનમાં મૂંઝવણ છે!' સ્વદેશી બાબુ સુનીલે બધી જ વાત ખુલ્લેખુલ્લી કહી દીધી. બંદી જીવનના પરમ મિત્ર મોતીનો અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નહોતું. અસહાય મૂગી નજરે નીરખી રહ્યો મોતી. થોડી વાર વિચારમાં પડી ગયો. પછી બોલ્યો: 'પૂરીનો ભાર મારે માથે, બાબુ.' સુનીલબાબુ તો સ્તબ્ધ: 'તું? તું અહીં કેદમાં ક્યાંથી લાવીશ પૂરી?' 'એ તમે મારા પર છોડી દો. તમારા આશીર્વાદે જેલ કૅન્ટીનના બધાના જ માર પર ચાર હાથ છે. નહિ દે ને ક્યાં જશે? પણ માંસ? માંસ ક્યાંથી લાવવું? એમાં મારું કંઈ નહિ ચાલે.'

હવે શું કરવું? માંસ ક્યાં મળે? આખો દિવસ વિચારમાં વીતી ગયો. કંઈક કરવું જોઈએ નહિ તો આ દુ:ખ જીવનભર સાલશે. વિચાર કરતા આંટા મારી રહ્યા હતા. એવામાં સામેથી આવ્યા યુરોપીયન વોર્ડના બૅનરજી બાબુ.

યુરોપીયન વૉર્ડમાં ભારે સગવડ. જે જોઈએ તે મળી શકે. ત્યાં કાયદા કાનૂનની ઝાઝી કડાકૂટ નહિ. સુખ-સુવિધા ખૂબ. બોલ્યા: 'કોણ?'

'હું સુનીલ.'

'વાત શી છે? કંઈ ભારે ચિંતામાં લાગો છો?'

દિલ ખોલીને વાત કરી: 'જુઓને મૃત્યુપથયાત્રી દિનેશે માગીમાગીને શું માગ્યું? પણ એ ય દઈ શકું એમ નથી. એ દુ:ખ હું ક્યાં સંઘરીશ.'

બૅનરજી બાબુ બોલ્યા: 'સુનીલબાબુ એ જવાબદારી મારી. હું તમારા વૉર્ડમાં માંસ મોકલી દઈશ, તમે નિરાંત રાખો.'

આખરે બંનેએ વચન પાળ્યું હતું, મલ્લિકા.

પૃથ્વી કોઈનું યે મુખ જોઈ પોતાની ભ્રમણગતિ થંભાવતી નથી. અંતે આવી એ ૧૯૩૧ની છઠ્ઠી જુલાઈ. સવારથી જ અલીપુર જેલમાં ધાંધલ ધમાલ. પ્રિવી કાઉન્સિલે દિનેશની દંડાજ્ઞાને બહાલી આપી હતી. કાલ પરોઢીએ એને ફાંસી! તૈયારી પણ થઈ ગઈ હતી, મલ્લિકા. દોરડાને મીણ લગાડાઈ ગયું હતું. સરખા વજનના રેતીના કોથળા લટકાવી પરીક્ષણ પણ પૂરુ થઈ ગયું. હવે કેવળ અમલ માત્ર.

દિનેશ તો એવો જ નિશ્ચિંત, નિર્વિકાર. મૃત્યુને એ મિત્ર જ સમજતો આવ્યો છે. તેથી આ તો એને માટે રમત જેવું જ ને?

સંધ્યા નમવા આવી, પશ્ચિમ આકાશ લાલમ લાલ. જાળિયામાંથી એક સાંકડી પટ્ટી જેવાં સૂર્યનાં કિરણો આવીને વીખેરાઈ પડતાં હતાં કંડેમ્ડ સેલની ભીતરમાં. અપલક દૃષ્ટિએ તાકી રહેલા દિનેશનું સમસ્ત મન સહસા અપાર્થિવ આનંદના હિલ્લોળે ભરાઈ ગયું. કિરણોથી અંગ નવડાવી એ તન્મય થઈ ગીતના સૂર ગુંજવા માંડ્યો.

રંગી દઈને જા આ ફેરે જતાં પહેલાં,
તારા રંગે, ગોપન રંગે
તરુણ હાસ્યનાં અરુણ રંગે,
અશ્રુજલના કરુણ રંગે
જતાં પહેલાં જા હે મને જગાડીને,
લોહીમાં તારા ચરણદોલા લગાડીને.

જોતજોતાંમા સૂર્યરશ્મિ અદૃશ્ય થઈ ગયાં. કંઠ પણ નીરવ થઈ ગયો. પણ એનો ઝંકાર ક્યાંય સુધી ગુંજી રહ્યો મનમાં—વાતાવરણમાં.

'હે અસ્તગામી દિવાકર, તને મારા અંતિમ જુહાર. બધું જેમનું તેમ જ રહેશે. બધું જ ચાલતું રહેશે, પૃથ્વીના અપરિવર્તનીય નિયમના નિર્દેશે. કેવળ હું જ નહિ રહું. પણ તેથી કોઈ દુ:ખ નથી, કોઈ અફસોસ નથી. કશું ચાહતો પણ નથી. કેવળ તારાં આ શેષ રશ્મિ વડે મારા સર્વાંગને વધુ નિબિડતર ભાવે મારા અંગ પર લેપન કરી જા. જતાં પહેલાં એ જ મારી અંતિમ વિનતી.'

શબ્દહીન મથરતાથી એમ જ કરીને એક પછી એક ઘડીઓ વીતતી ચાલી અચાનક એણે કંઈક યાદ આવતાં લખવા માટે કાગળ પાસે તાણી લીધા. માને પત્ર લખવો પડશે—ભાભીને, બહેનને, બધાંને.

જેલમાંથી લખેલા દિનેશના એ પત્રો આજ પણ બંગાળી સાહિત્યમાં અમર અક્ષય બનીને રહ્યા છે, મલ્લિકા. માત્ર વીસ વર્ષના યુવક માટે આ પરિણતી શું સંભવ હતી? એ પત્રો વાંચીને બધાંની જ આંખો આંસુથી છલકાઈ ઊઠી હતી. 'આ તો પત્રો નથી, આ તો મહામૂલ્યવાન જીવનદર્શન છે!'—એમ કોણ આ બોલ્યું'તું. જાણે છે મલ્લિકા? સ્વયં સુભાષચંદ્ર. એ પત્રો 'વેણુ' માસિકમાં પ્રગટ થયા ત્યારે વિસ્મયે સ્તબ્ધ થયો હતો બંગાળનો સમસ્ત વિદ્વાન વર્ગ! (સંપૂર્ણ)

લઘુકથા

'સ્ત્રી'

રમેશ ત્રિવેદી

છોકરાનો દાંત હાલતો હતો, અને એ બારીએ ઊભો રહીને નીચે પાણીના નળ પાસે ઝગડી રહેલી એની મા સામે વ્યથિત ચહેરે તાકી રહ્યો હતો. મા એના સ્વભાવ પ્રમાણે ગરજતી હતી; જ્યારે સામે પક્ષે સ્વભાવનાં શીળાં ને ક્યારેય કોઈની સાથે ઊંચા સાદે ન બોલતાં રમાબહેન રડમસ સાદે એની મા સાથે બોલતાં હતાં. રમાબહેનની સામે લાંબો હાથ કરીને બોલતી માના કર્કશ શબ્દો છોકરાના કાને પડ્યા: 'બહુ મોડું થતું હોય અને રમાબેન, તો ઘરમાં ચકલી લઈએ, હા; ને તમે કોના સારુ બધું ભેગું કર્યાં કરો છો?...પાછળ તો...' અને બાકીના શબ્દો એ ગળી ગઈ. રમાબહેન તો આ શબ્દો કાને પડ્યા ન પડ્યા કે ઘરમાં દોડી ગયાં—ખાલી ડોલ લઈને. ઝગડો શમી ગયો.

છોકરાનો હાલતો દાંત પડી ગયો. હાથમાં દાંત લઈ, દાદરો ઊતરી છોકરો રસોડામાં ગયો. તપેલીમાં ઊકળતી દાળ સામે તાકતી બેઠેલી મા સામે જોતાં એણે કહ્યુ: 'મારો દાંત પડી ગયો, મમ્મી!'

'તે એમાં મને શું બતાવવા આવ્યો છે? જા ફેંકી દે....' લુખ્ખા સાદે બોલતી છોકરાની માના કપાળે કરચલીઓ પડી ગઈ.

છોકરો વિચારમાં પડી ગયો. થોડાક દિવસો અગાઉ જ્યારે પહેલી જ વાર એનો દાંત પડી ગએલો ત્યારે પડોશના બોખા મોંવાળા ઘેલા દાદાએ હસતાંહસતાં એને કહેલું: 'લ્યા છોકરા, તારું મોં ય મારા જેવું થઈ જશે!...' ને ત્યારે એ રડી પડેલો. એની માએ એને કહેલું: 'લ્યા, ગાંડા ભે, આ તો દૂધિયા દાંત છે. ફરી આવશે બીજા...' અને હસીને ઉમેરેલું: 'જા, નાખી આવ દાંતને રમાબહેનને છાપરે.'

એણે પૂછેલું: 'શા માટે રમાબેનને છાપરે?' ત્યારે મોં મલકાવીને કહેલું: 'રમાબેનને ત્યાં તારા જેવો દીકરો આવે ને, એટલે...'

વિચારમાંથી જાગેલા છોકરાએ વિષાદ મઢ્યા ચહેરે બેઠેલી માને ઢંઢોળી: 'મમ્મી, કોના છાપરે ફેંકુ દાંતને?...'

'રમાબેનના...' અને એટલું બોલી એની મા નીચું જોઈ ગઈ. □

અંગ્રેજી સાહિત્યનું આચમન (અનુ. પૃ. ૩૦થી) એમાં વેરતૃપ્તિ મળતી હોય તો. વેર સિવાયનું કોઈ સ્વર્ગ છે જ નહિ. મેં તારા પર વેર લેવા માટે જે જહેમત ઉઠાવી તેટલી હું સ્વર્ગપ્રાપ્તિ માટે પણ ઉઠાવત નહિ...' અને જ્યારે કટવુલ્ફનો પોતાનો મૃત્યુકાળ આવે છે ત્યારે પણ તેના ઉદ્ગારો એ જ પ્રકારના છે...વેરનો આનંદ અને મહિમા પ્રગટ કરતો તે મોતને ભેટે છે. એ આખા રોમાન્સમાં શૈલીની દૃષ્ટિએ આ અંત ભાગ એટલો બધો નિરાળો લાગે છે કે કોઈકને એ ખડ નૅશનો રચેલો હશે કે કેમ તે વિષે શંકા થાય. નૅશની એ એક રોમાન્સ. રચના અને બીજાં થોડાં ચોપાનિયાંએ તેને સારી એવી કીર્તિ રળી આપી. તેની રચના અને શૈલીનું અનુકરણ થવા માંડ્યું.

ટૉમસ ડિલૉની

શેક્સપીઅરના સમકાલીન ગદ્ય-લેખકોમાં ટૉમસ ડિલૉની (Thomas Deloney: ૧૫૪૩?–૧૬૦૦?) એની ૧૫૯૦ની આસપાસ રચાએલી વાસ્તવલક્ષી કથાત્રયી—'જૅક ઑવ ન્યૂબરી', 'ધ જેન્ટલ ક્રૅફ્ટ', અને 'ટૉમસ ઑવ રીડિંગ'—દ્વારા ખ્યાતનામ બન્યો છે. વ્યવસાયે એ વણકર હતો. તેની 'જૅક ઑવ ન્યૂબરી' (Jack of Newbury) કૃતિમાં એક યુવાન વણકરના ભાગ્યોદયનું મનોહર ચિત્ર તેણે આલેખ્યું છે. એ યુવાન વણકર એના માલિકની વિધવા સાથે લગ્ન કરે છે, તેનો વણકરનો વ્યવસાય ખૂબ વિકસે છે, સેંકડો નરનારી તેના કારખાનામાં કામ કરે છે, અને લેખક દર્શાવે છે તેમ આ સમૃદ્ધ વણકરને મહારાજા હેન્રી ટમાની મુલાકાતનું પણ ગૌરવ મળે છે.

'ધી જેન્ટલ ક્રૅફ્ટ'માં એક મોચીના ભાગ્યોદયની કથા છે છેક જૂના જમાનાથી માંડીને અર્વાચીન કાળ સુધીના મોચીના વ્યવસાયની રસપ્રદ ઘટનાઓ એમાં તે વર્ણવે છે, અને એ જાતિમાં થએલા કેટલાક મહિમાવંત પુરુષોનાં ચિત્રો આલેખે છે તેમાં સાયમન આયરનું ચિત્ર ખાસ નોંધપાત્ર છે. તેણે ગ્રામઉદ્યોગોનું બજાર સ્થાપેલું, તે નગરનો મેયર બનેલો અને એને ત્યાં કામ કરનારા મોચી એના ખર્ચે રજાનો ઉપભોગ કરતા—આ બધી કથા રસપ્રદ છે. આ કથામાળખામાં ડિલૉનીએ સ્થાનિક રંગો આબેહૂબ ઉપસાવ્યા છે. તેણે ઇતિહાસને ઉવેખીને પણ ચર્માલયમાં કામ કરતા મોચીઓના મઝાના વાર્તાલાપો, તેમના સ્વચ્છંદે પ્રગટતાં ગીતો, દુકાનમાં આવેલી નોકરડીઓ સાથેની તેમની મીઠી લટપટ—એ સર્વનું સુરેખ ચિત્રણ કર્યું છે. આ પ્રકારનાં દૃશ્યોના નિરૂપણમાં તેનું ગદ્ય સરળ, પ્રાસાદિક અને રસપ્રદ બની રહે છે. અલબત્ત ડિલૉની કવિ નથી, પણ તેનામાં હાસ્યવૃત્તિ સારા પ્રમાણમાં છે. મઝાનો વિનોદ પૂરો પાડનારી આ કથા તેની લેખક તરીકેની આગવી વિશેષતા દર્શાવે છે. આ કથાઓ ત્રણસો વર્ષ સુધી ભલે અંધકારમાં રહી, પણ તેના સમકાલીનોમાં તે ખૂબ પ્રશંસા પામી હતી અને ટૉમસ ડેકરે તો પોતાના નાટક 'શૂ મેકર્સ હૉલીડે' (Shoemakers' holiday) માટે આ કથાનો વિપુલપણે લાભ લીધો હતો, ડિલૉનીની આ કથાઓમાં કસબી–કારીગરોનાં ચિત્રોનું જે સુરેખ અને તાજગીભર્યું જે ચિત્રણ છે તે એ યુગમાં કદાચ જવલ્લે જ જોવા મળે. (ચાલુ)

કે. મહારાજા સયાજીરાવ ત્રીજા ઈનામી: નિબંધ સ્પર્ધા (૧૯૭૪-૭૫નું પરિણામ

શ્રી હિંમતલાલ વાડીલાલ શાહનો 'ગુજરાતમાં છેલ્લાં પચાસ વર્ષમાં થએલાં સામાજિક પરિવર્તનો' એ વિષય પરનો નિબંધ ઉપર્યુક્ત નિબંધ-સ્પર્ધામાં શ્રેષ્ઠ ઠર્યો છે, અને રૂપિયા પાંચસોનું પારિતોષિક મેળવે છે.


કનિષ્ક

સમ્રાટ અશોકના અવસાનથી તે ગુપ્ત યુગ સુધીના તિમિરાચ્છન્ન ઇતિહાસની એક અજોડ વિભૂતિ. પામીરથી વિંધ્યાચલ અને બકત્રથી છેક પાટલીપુત્ર સુધી જેનું વિશાળ મહારાજ્ય પ્રસરેલું હતું એ બૌદ્ધ રાજાધિરાજ



કનિષ્કની ખંડિત શિલ્પમૂર્તિ

અશોકના અવસાન પછી મગધના દૂરના વાયવ્ય પ્રાંતો સ્વતંત્ર બની ગયા. એના ભાગલામાંથી જે ત્રણ નાનાં ગ્રીક રાજ્યો રચાયાં તેને ઈ. પૂર્વે ૧૭૦માં 'યુહ-ચી' નામની બલિષ્ઠ જાતિએ હરાવતાં તેઓએ આ તરફ મીટ માંડી. આ શક લોકો ઈ. પૂ. ૧૨૦ લગભગમાં ભારતમાં આવ્યા. એકાદ સદી પછી યુહ ચીની એક કુષાણ જાતિ પ્રબળ બની ને તેના રાજા પહેલા કદફિસિએ કાબુલ ને પંજાબ જીતી ઈરાનથી ઝેલમ સુધીનું મહારાજ્ય સ્થાપ્યું. હિંદી-ગ્રીક અને હિંદી-પાર્થિયન રાજ્યોને એણે એમાં ભેળવી દીધાં. એના પુત્રને ચીને હરાવીને ખંડિયો બનાવ્યો પણ એના પછી ગાદીએ આવેલા કનિષ્કે એ કલંક ધોઈ નાખી તિબેટ, ચીન ને મંગોલિયાની પુરાણકથાઓમાં પણ માનભર્યું પદ મેળવ્યું. ચિનાઈ તુર્કસ્તાનના કાશગર, યારકંદ, ખોતાન વગેરે પ્રાંતો એણે જીતી લીધા અને ઉત્તર દક્ષિણ છેક પામીરથી વિંધ્યાચળ સુધી અને પૂર્વ પશ્ચિમ છેક ઈરાનથી પાટલિપુત્ર સુધીનું એક અત્યંત વિશાળ મહારાજ્ય સ્થાપ્યું. ચીનના સમ્રાટનો પુત્ર એને ત્યાં એલચી તરીકે રહેતો. મગધ પર એની શેહ પડતી ને ઉજ્જૈનીની એને ખંડણી ભરતું. હિંદનો વાયવ્ય પ્રાંત ત્યારે ગાંધાર કહેવાતો. એનું મુખ્ય નગર પુષ્કલાવતી (આજનું પેશાવર) તે કનિષ્કની રાજધાની. કનિષ્ક વિષે વધુ વિગતો તો ઉપલબ્ધ નથી પણ એ વાઝેષ્કનો પુત્ર હતો એટલું જાણવા મળ્યું છે. કુશાણવંશી રાજાઓમાં કનિષ્કના સિક્કાઓ સૌથી વધુ મળ્યા છે. એના પર વિવિધ ધર્મનાં દેવદેવીઓની આકૃતિઓ એની સમભાવશીલતા બતાવે છે. પણ બૌદ્ધ ધર્મના વિવિધ ફિરકાઓનો સમાવેશ કરતા સંસ્કારિત 'મહાયાન' પંથનો એ પ્રખર પુરસ્કર્તા હતો. ગ્રીક પ્રેરણા સહિત તેના કલાકારોએ ખીલવેલી અનોખી અદ્ભુત કલાશૈલી આજે પણ 'ગાંધાર શૈલી' તરીકે ખ્યાત છે. રોમન



કનિષ્કનો એક લાક્ષણિક સિક્કો. એના અગ્ર ભાગ પર કનિષ્ક ને પૃષ્ઠ ભાગ પર ચન્દ્ર દેવનું આલેખન છે.

પ્રાચીન સિક્કા ૧૩

લેખક
ડૉ. હરિપ્રસાદ
શાસ્ત્રી

કુષાણ રાજાઓના સિક્કા



ચીનની સરહદ પાસે વસતા યુઈશી જાતિના લોકો ઈ. પૂ. બીજી સદીમાં સ્થળાંતર કરીને ત્યાંથી બાહ્લિક દેશમાં આવેલા અને ત્યાં લગભગ એક સદી ગાળી હતી. એ જાતિની કુષાણ શાખાએ કાબુલ પ્રદેશ સુધી પોતાની સત્તા પ્રસારી. કુષાણ રાજા કુજુલ કદફિસે ત્યાંના છેલ્લા ભારતીય ગ્રીક રાજા હરમેયસના તથા પોતાના નામવાળા તાંબાના સિક્કા પડાવ્યા હતા. એના પૃષ્ઠ ભાગ પર 'કુષાણ-યવુગ (અગ્રણી) ધર્મસ્થિત કુજુલ-કસ'નું નામ લખેલું છે; અને ગ્રીક દેવ હરક્યૂલીસની આકૃતિ છે. રોમન ઢબના આ સિક્કાના અગ્ર ભાગ ઉપર તેણે ગ્રીક ભાષામાં પોતાનું નામ લખાવ્યું. 'કસ' અને 'કદફિસ' પર્યાયવાચક છે.

આ રાજાના કેટલાક સિક્કાઓના અગ્ર ભાગ પર વૃષભ (નંદિ)ની અને પૃષ્ઠ ભાગ પર ઊંટની આકૃતિ હોય છે. બધા સિક્કા દ્વિભાષી છે.

કુજુલ કદફિસ કુષાણોના ઇતિહાસમાં કદફિસ પહેલા તરીકે અને એનો પુત્ર વિમ કદફિસ કદફિસ બીજા તરીકે ઓળખાય છે. કદફિસ બીજાએ (લગભગ ઈ. સ. ૫૫-૭૫) ગંધાર પ્રદેશમાં પોતાનું રાજ્ય વિસ્તાર્યું. એણે પિતાના તાંબાના સિક્કાની પરંપરા ચાલુ રાખવા ઉપરાંત સોનાના સિક્કાની નવી પરંપરા ચાલુ કરી. આ સિક્કા રોમન સમ્રાટોના સોનાના 'દીનાર' જેવા હતા. વેપાર દ્વારા ભારતમાં એવા ઘણા સિક્કા આવતા એ ત્રણ મૂલ્યના છે: દ્વિ-દીનાર, દીનાર અને પાદ-દીનાર. એના અગ્ર ભાગ પર રાજાની વિવિધ આકૃતિ અપાતી.

આ રાજાના ઘણા સિક્કાઓ પર યજ્ઞકુંડમાં આહુતિ આપતા રાજાની ઊભી આકૃતિ હોય છે. એના વંશજોના સમયમાં આ આકૃતિ રૂઢ બની.

કદફિસ બીજાનો ઉત્તરાધિકારી કણિષ્ક હતો. કુષાણ વંશનો એ સહુથી વધુ પ્રતાપી રાજવી હતો. ઉત્તર ભારતમાં એનું રાજ્ય છેક વારાણસી પર્યંત વિસ્તૃત હતું. એણે બૌદ્ધ ધર્મના મહાયાનના ઉદયમાં સક્રિય પ્રદાન કરેલું. એને રોમ, ચીન વગેરે સામ્રાજ્યો સાથે સંબંધ હતો. એની રાજધાની પુરુષપુર (પેશાવર)માં હતી.

આ કણિષ્કએ પણ સોનાના તથા તાંબાના સિક્કા પડાવ્યા છે.

કણિષ્કના સિક્કાના પૃષ્ઠ ભાગ પર જુદાજુદા ગ્રીક, ઈરાની અને ભારતીય દેવદેવીની આકૃતિ આપવામાં આવતી. તે દેવતાનું નામ ઈરાની ભાષામાં પણ ગ્રીક લિપિમાં લખાતું. એના રાજ્યારોહણના વર્ષથી સળંગ સંવત ગણાયો. એ પ્રાયઃ ઈ. સ. ૭૮માં શરૂ થએલો.

પછીના રાજા હુવિષ્કે પણ સોનાના તથા તાંબાના સિક્કા પડાવ્યા ને એના પૃષ્ઠ ભાગ પર ગ્રીક, ઈરાની ને ભારતીય દેવદેવીઓની આકૃતિ રખાવી. ભારતીય દેવોમાં વૃષાંક (શિવ), ઉમા-મહેશ્વર, સ્કન્દકુમાર-મહાસેન–વિશાખ અર્થાત્ કાર્તિકેય (શિવના પુત્ર) જોવા મળે છે. એના સોનાના ઘણા સિક્કા પર રાજાનું ઉત્તરાંગ (bust) હોય છે. બંને બાજુ પરનાં લખાણ ગ્રીક લિપિમાં હોય છે.

વાસુદેવના સિક્કાના અગ્ર ભાગ પર યજ્ઞકુંડમાં આહુતિ આપતા રાજાની આકૃતિ અને પૃષ્ઠ ભાગ પર ઈરાની દેવી નાનાની કે ભારતીય દેવ વૃષાંક (શિવ)ની આકૃતિ હોય છે. તે પછી કણિષ્ક બીજાના તથા વાસુદેવ બીજાના સિક્કાઓ પર બ્રાહ્મી અક્ષરો જોવા મળે છે.

જેમ કુષાણ સિક્કાઓ પર શરૂઆતમાં રોમન સિક્કાઓની અસર પડી હતી, તેમ આરંભમાં ગુપ્ત સમ્રાટોના સિક્કાઓ પર કુષાણ સિક્કાઓની અસર પડી.

(ચાલુ)

△ કુષાણ રાજાઓના સિક્કા: મથાળે ડાબી બાજુ પહેલો સિક્કો કુજુલ કદફિસનો છે. ચાંદીના આ સિક્કા પર રોમન સિક્કાનું અનુકરણ કરી મુકુટધારી રાજાનું મુખ અને ગ્રીક લખાણ છે. બાજુમાં એની પાછલી બાજુ બતાવી છે, જેના પર વેત્રાસન પર બેઠેલો રાજા અને ખરોષ્ઠી લિપિમાં પ્રાકૃત ભાષામાં 'અડગ ન્યાયનિષ્ઠ, કુષાણોનો રાજા' એ મતલબનું લખાણ છે. બીજો (જમણી બાજુનો) સિક્કો સોનાનો દ્વિ-દીનાર છે. એના પર જમણા હાથમાં વજ્ર અને માથા પર કલગીવાળા ટોપ સાથે પલાંઠી મારી બેઠેલા રાજાનું આલેખન છે. ફરતું ગ્રીકમાં 'રાજા વિમ કદફિસનો' (સિક્કો) એવું લખાણ છે. એની પાછલી બાજુ (જમણી બાજુ છેડે) પર નંદીને અઢેલીને ઊભેલા ત્રિશૂલધારી શિવની આકૃતિ તથા ખરોષ્ઠી લિપિને પ્રાકૃત ભાષામાં લખ્યું છે: 'મહારાજ રાજાધિરાજ સર્વલોકેશ્વર મહેશ્વર (કે માહેશ્વર) વિમ કદફિસનો' (સિક્કો). બીજી હારમાં પહેલો સિક્કો એ સોનાનો દીનાર છે. એના પર ટોપી, લાંબો અંગરખો, સુરવાલ અને પગરખાં પહેરેલા તથા જમણા હાથે યજ્ઞકુંડમાં આહુતિ આપતા તથા ડાબા હાથે ભાલો ધારણ કરેલા રાજાની આકૃતિ સાથે ગ્રીક લખાણમાં 'શહેનશાહ કનિષ્ક કુષાણનો' એવું લખાણ છે. એની પાછલી બાજુએ પ્રભાચક્રવાળા બુદ્ધ તથા ગ્રીકમાં 'બુદ્ધ' (બોદ્દો) લખેલું છે. ચોથો સિક્કો પણ સોનાનો છે. એના અગ્ર ભાગે યજ્ઞકુંડમાં આહુતિ આપતો રાજા દર્શાવ્યો છે, પણ અહીં ડાબા હાથમાં ત્રિશૂલ છે. એની સાથે ગ્રીકમાં 'શહેનશાહ વાસુદેવ કુષાણ' લખ્યું છે, એના પૃષ્ઠ ભાગ પર નંદીને અઢેલીને ઊભેલા બહુમુખી શિવની આકૃતિ તથા ગ્રીક લિપિમાં 'વૃષ' લખેલું છે.

શહેનશાહો પેઠે પોતાની અઢળક સમૃદ્ધિને કારણે એણે સોનાના સિક્કા પાડવા માંડેલા. એને ન આવડે એવો કોઈ વિષય નહોતો. પ્રકૃતિના એના શોખે એને કાશ્મીરમાં 'કનિષ્કપુર' (આજનું કનિસપોર?) વસાવવા પ્રેર્યો. પેશાવરમાં એણે જબરો બૌદ્ધ વિહાર બંધાવેલો. એની અદમ્ય વિજિગીષાને કારણે એના સૈનિકોને ઘર છોડી અત્યંત દૂર સુધી જવું પડતું. એની આ વિજયૈષણાને લીધે જ કહાય, એક વાર એ માંદો પડ્યો ત્યારે એના મોં પર રજાઈ દાબી એને ગૂંગળાવીને એના પર ચડી બેસી એના જ યુદ્ધત્રસ્ત માણસોએ એનું ખૂન કર્યું. □

સાહિત્યસંપર્ક

નવી નવલકથાઓ

મનુષ્યનાં રૂપ : લડાઈમાં પતિનું મૃત્યુ થતાં યુવાન વયે વિધવા બનીને રૂપવતી પહાડી સ્ત્રી સોમા સાસુ-સસરા અને જેઠાણીઓનો અસહ્ય જુલ્મ સહન કરી શકતી નથી. પણી ભરવા જતાં રસ્તામાં એ ખચ્ચર સાથે અથડાઈ પડે છે અને ડ્રાઈવર ધનસિંહના પ્રેમમાં પડે છે. ધનસિંહ એને ત્યાંથી છોડાવે છે, પણ માર્ગમાં પોલીસના હાથે પકડાઈ જતાં છ મહિના જેલમાં જાય છે. સોમાને સમાજસેવક લાલાજીના ઘરમાં આશ્રય મળે છે. ધનસિંહ જેલમાંથી પાછો ફરી લાલાજીની ગાડીનો ડ્રાઈવર બને છે અને સોમા સાથે લગ્ન કરે છે. પણ એક દિવસ સોમાને એકલી માની રાતે એની પાસે આવેલા બે ડ્રાઈવરો પર હુમલો કરી ધનસિંહ એકનું ખૂન કરી ભાગી જાય છે.

લાલાજીના પુત્ર બૅરિસ્ટર સરોલાની તહેનાતમાં રહેતી સોમા એની સાથે પ્રેમ કરવા લાગે છે, ને કુટુંબકલેશના કારણે એને ત્યાંથી યે જાકારો મળે છે. હવે ડ્રાઈવર બરકત સાથે ભાગેલી સોમા મુંબાઈ આવી સિનેમાની વિખ્યાત ઍક્ટ્રેસ બને છે. જેલમાંથી છૂટીને એને શોધવા આવેલા ધનસિંહને એ 'ઓળખતી નથી' એમ કહી વિદાય કરે છે ત્યાં કથા પૂરી થાય છે.

સોમાની આ કરુણ અને લાંબી કથા સાથે બૅરિસ્ટર સરોલાના બહેન મનોરમા અને સામ્યવાદી કાર્યકર ભૂષણની પ્રેમકથા, મનોરમાનું વિખ્યાત વેપારી સૂતલીવાલા સાથેનું દુઃખી લગ્નજીવન, ધનસિંહ જેમાં જોડાય છે એ સ્વાતંત્ર્ય માટેની ચળવળ, ટ્રક હાંકતા ડ્રાઈવરોનું ગલીચ જીવન, દેશનું આઝાદી પૂર્વેનું વાતાવરણ ઈત્યાદિનું સુભગ મિશ્રણ કરવામાં આવ્યું છે.

આ દીર્ઘકાય નવલકથામાં એના વિખ્યાત હિન્દી લેખક યશપાલજીએ એક જ મનુષ્યનાં વિવિધ રૂપો અને વિવિધ મનુષ્યોનાં રૂપોનાં આહ્લાદક દર્શન કરાવવા ઉપરાંત આઝાદી પૂર્વેના ભારતમાં કૉંગ્રેસ, સામ્યવાદી ઈત્યાદિ પક્ષોની લડત અને એમાં રહેલી તકલીફો અને મર્યાદાઓનું પણ વાસ્તવિક ચિત્રણ કર્યું છે.

આખી નવલકથા આરંભથી અંત સુધી એક પછી એક બનતા બનાવો, પાત્રાલેખન, ભાષાનો સમુચિત ઉપયોગ, વિવિધ સ્થળો અને નગરોનાં વર્ણનો ઈત્યાદિના કારણે વાચકને સતત જકડી રાખી શકે એવી છે. અનુવાદ મૂળને વફાદાર રહી ઉત્તમ રીતે કરવામાં આવ્યો છે, રૂ૬ ('કુમાર' અંક ૬૨૫)

શબ્દકથા : લવારું

કોશમાં લવારુંના બે અર્થ આપ્યા છે: 'બકરીનું બચ્ચું' અને 'ધાવણું બાળક'. હિંદીમાં लवारा એટલે 'ગાયનું વાછડું'. જોડણીકોશે આ શબ્દ 'લવવું' સાથે સંકળાએલો હોવાની સાશંક અટકળ કરી છે. પરંતુ બીજી ભાષાઓના આની સાથે સંકળાએલા શબ્દોને ધ્યાનમાં લઈએ તો જ શબ્દના મૂળને શોધવાની સાચી દિશા મળે. હિંદીમાં लवाई 'તાજી વીંઆએલી ગાય'ના અર્થમાં મળે છે. પહાડી ભાષાઓમાંથી નેપાળી અને કુમાઊનીમાં लैनी એટલે 'તાજી વીંઆએલી (ગાય)'. ટર્નરે लवाईના મૂળ તરીકે સં. नवजात આપ્યો છે. नवजातिका ઉપરથી लवआइआ અને પછી लवाई; તે જ પ્રમાણે नवजाति ઉપરથી लैनी. આને અનુસરીને लवारुના મૂળ તરીકે नवतरक 'તાજું (જન્મેલું)' સૂચવી શકાય. नवतरक ઉપરથી लवअरअ અને પછી लवारु. શબ્દના આરંભે રહેલા 'ન'કારનો 'લ'કાર કરવાનું વલણ निंबू–लींबु, निंब–लीमडो, नवनीत–(મરાઠી) लोणी, અને સૂરતી नास्वुं–लाखवुं જેવામાં જોઈ શકાય છે.

હરિવલ્લભ ભાયાણી

જેમાં સરલા જગમોહનની હથોટીનો આસ્વાદ મળી રહે છે. (પ્ર. નૅશનલ બુક ટ્રસ્ટ. પ્રાપ્તિ–સ્થાન વોરા ઍન્ડ કં. ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૩૦૮, કાચું પૂઠું, રૂ. ૧૦.)

કૃષ્ણાવતાર : ખંડ ૭-૮ : આઠમા ખંડથી અપૂરી રહેલી સ્વ. કનૈયાલાલ મુનશીની લોકપ્રિય બનેલી સુદીર્ઘ પૌરાણિક નવલકથા 'કૃષ્ણાવતાર'ના આ છેલ્લા ગ્રંથમાં યુધિષ્ઠિરના સત્યપાલક અને યુદ્ધવિરોધી માનસના પ્રકટીકરણ દ્વારા એમના વ્યક્તિત્વને સાકાર કર્યું છે.

દ્રૌપદીને સ્વયંવરમાંથી જીતી લાવ્યા પછી ઈન્દ્રપ્રસ્થમાં ગાદી સ્થાપી પાંડવો રહેવા લાગ્યા એ ઘટનાથી આરંભી આ ગ્રંથમાં રાજસૂય યજ્ઞ. જરાસંઘનો વધ, ઘટોત્કચનું આગમન, શિશુપાલનો સંહાર, દ્યૂતની રમત, દ્રૌપદીનું વસ્ત્રહરણ ઈત્યાદિ પ્રસંગો રસાત્મક રીતે આલેખવામાં આવ્યા છે. આ કથાને લંબાવીને લેખક કુરુક્ષેત્રના યુદ્ધનું આલેખન કરી કૃષ્ણનો દેહોત્સર્ગ થયો ત્યાં સુધીના પ્રસંગો નું આલેખન કરવા ઈચ્છતા હતા પરંતુ દુર્ભાગ્યે એમના અવસાનથી એ શક્ય બન્યું નહિ.

મુનશીજીની લેખિનીનો જાદુ આ કૃતિમાં પણ હજી અખંડ વહેતો જોઈ શકાય છે. (પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧; પૃ. ૩૦૧, પાકું પૂઠું, રૂ ૧૨.)

તરણા ઓથે : શ્રી કરસનદાસ માણેકની છવીસ વાર્તાઓના આ સંગ્રહમાં વાર્તાશૈલી પ્રણાલિકાગત છે, પરંતુ એમાં વ્યક્ત થતો ધ્વનિ માનવતાવાદી છે અને વિવિધ પાત્રોના ઉચ્ચ હૃદયભાવો દર્શાવે છે. આપણા જૂના જીવનમાં રહેલી દિલાવરી, ઝિંદાદિલી, ત્યાગભાવના આદિ દર્શાવતી અને માનવીના મનના વિવિધ ખૂણાઓનું દર્શન કરાવતી આ વાર્તાઓ વાંચવી ગમે તેવી રસાળ છે. (પ્ર. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર અમદાવાદ-૧; પૃ. ૨૮૦, કાચું, રૂ. ૫)

—બહાદુરશાહ પંડિત

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીમાર્ગ અમદાવાદ–૧

અભિક્રમ : અંગ્રેજીના મૂર્ધન્ય અધ્યાપક ચી. ના. પટેલના સાહિત્યવિષયક ચોંત્રીસ લેખોનો આ સંગ્રહ એમની અભ્યાસવૃત્તિ, વિચારસંપત્તિ, વિશાળ વાચનપ્રવૃત્તિ અને વિવેકપૂત નિરૂપણરીતિનો ખયાલ આપી રહે છે. આ લેખોમાં અંગ્રેજી, સંસ્કૃત તેમજ ગુજરાતી સાહિત્યનો વિશાળ વ્યાપ કોઈ પણ અભ્યાસીને સંતર્પક લાગ્યા વગર નહિ રહે. એમણે પ્રસ્તાવનામાં જણાવ્યું છે : 'સૌંદર્યના અનુભવમાં માનવહૃદયની આનંદક્ષમતાને સંસ્કારવાની જે શક્તિ રહેલી છે તેનું દર્શન કરવા–કરાવવાનો મારો આ અભિક્રમ, મને આશા છે કે, તદ્દન નિષ્ફળ નહિ જાય.' તેમની આ 'આશા'ની પ્રતીતિ આ અભ્યાસલેખોના વાચકને થયા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૨૭૪, રૂ ૧૮.)

સંસ્કૃતિસંગમ (સંક્ષિપ્ત) : મા દત્તાત્રેય કેશવ કેળકરના મૂળ મરાઠી પુસ્તકના, જાણીતા અનુવાદક ગોપાળરાવ વિદ્વાંસે કરેલા આ અનુવાદમાં સંસ્કૃતિ, પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિનો ભેદ, બન્ને સંસ્કૃતિઓનો પૂર્વનો ઈતિહાસ, આપણી સંસ્કૃતિની શ્રેષ્ઠતા, આપણી ગુલામ અવદશા વગેરે બાબતના ઊંડા મનનીય વિચારો રજૂ થયા છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૦. રૂ. ૧૨–૫૦.)

ગુરુદેવ અમારે આંગણે : કવિવર રવીન્દ્રનાથ ટાગોર ઈ. ૧૯૩૮થી ૧૯૪૮ સુધીમાં ચારવાર હિમાલયની તળેટીમાં આવેલા મંગપુ નામક નાનકડા ગામમાં, પ્રસ્તુત પુસ્તિકાની લેખિકા મૈત્રેયીદેવીને ત્યાં રહેલા ત્યારે ગુરુદેવની

દિનચર્યાનો આનંદ લેતાં લેતાં લેખિકાએ જે બધાં સ્મરણો ટપકાવી લીધેલાં તેને આ સ્મરણગ્રંથમાં પ્રકટ કરવામાં આવ્યાં છે. રસળતી શૈલીમાં આલેખાએલાં આ સ્મરણો ગુરુદેવની કાવ્ય-સર્જન-પ્રક્રિયા, વ્યવહાર-વર્તન, વ્યંગ-વિનોદ વગેરે ગ્રંથનાયકના વ્યક્તિત્વ અને માનસ પાસાંને નજીકથી નિહાળવાની તક પૂરી પાડે છે. શ્રી રમણિક મેઘાણીનો મૂળ બંગાળી પરથી કરેલો આ ગુજરાતી અનુવાદ મૂળનાં રસસ્થાનોને સુભગ રીતે છતાં કરી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૪૬૦, રૂ. ૧૪.)

વ્યક્તિઘડતર : પ્રભાવશાળી વ્યક્તિત્વ ઘડવાના ઉદ્દેશથી 'કુમાર'માં મૂળ શરૂ થએલી ને અત્યંત લોકચાહના પામેલી ફાધર વાલેસની પ્રસ્તુતનામી લેખમાળાનું પુસ્તકાકારે આ પાંચમું સંસ્કરણ છે. (કાચું, પૃ. ૧૪૬, રૂ. ૮.)

કિશોરોને : કિશોરાવસ્થાએ પહોંચતાંજ મગજમાં અનેક પ્રકારની ગડમથલો ઊભી થાય છે-જીવન, જગત વગેરે વિષેની. કિશોરોને ઊંધે માર્ગે ન ચડી જવા અનુરોધતા અને સહી માર્ગે આગળ ધપી સ્વ અને સમાજ–સમસ્તને ઉપકારક થવા માર્ગદર્શન આપતા ફાધર વાલેસના એમની લાક્ષણિક ઢબે લખાએલા લેખોનો સંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૪૬, રૂ. ૬.)

ગુજરાતમાં પંચાયતીરાજ : પંચાયતી રાજની સમજ આપી ગુજરાતમાંના તેના ઈતિહાસની સમ્યક્ પર્યેષણા કરતું પીતાંબર પટેલનું પુસ્તક. (પાકું પૂઠું, પૃ. ૨૬૨, રૂ. ૧૪.)

પંચાયતીરાજ ભાગ ૧ થી ૫ : પંચાયતી રાજ ગ્રંથાવલિમાં સામાન્ય જનને પણ સમજાય એવી સરળ ભાષાશૈલીમાં પ્રસ્તુત લેખકે પંચાયતી રાજનાં વિવિધ અંગોનો પરિચય કરાવતી જે પાંચ પુસ્તિકાઓ લખી છે તે આ પ્રમાણે છે : ૧) પંચાયતીરાજ (પૃ. ૪૮, રૂ. ૨; ૨) ગ્રામ પંચાયત (પૃ. ૫૨, રૂ. ૨–૨૫); ૩) ન્યાયપંચાયત (પૃ. ૫૨, રૂ. ૨–૨૫); ૪) સરપંચ (પૃ. ૪૦, રૂ. ૨); ૫) તલાટી-મંત્રી (પૃ. ૭૦, રૂ. ૩–૨૫); પ્રત્યેકનું કાચું પૂઠું.

બાલરંજન વાર્તામાળા : પ્રસ્તુત વાર્તામાળામાં બાલસાહિત્યના લેખક યશવન્ત મહેતાની પાંચ સચિત્ર પુસ્તિકાઓ **ફેફફળશાનો ફકીરચંદ, કાળીકૂબડી એક રાજકુમારી, મેડકરાણી, સળગતો પહાડ અને ત્રણ તોફાની તિરિયા** પ્રકટ થઈ છે તે બાળકોને વાંચવી ગમશે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૪૮, પ્રત્યેકના રૂ. ૨–૧૦.)

સંપૂર્ણ ગાંધીવાઙ્મય ખંડ ૫૫ : ગાંધી-વાઙ્મયના આ ખંડમાં ૨૩મી એપ્રિલથી ૧૫મી સપ્ટેમ્બર ૧૯૩૩ સુધીના ગાળાને આવરી લેતી સામગ્રી રજૂ કરવામાં આવી છે, જે સવિનય કાનૂનભંગના આંદોલન વિષેના મહાત્માજીના વિચાર-વિમર્શો તથા ગલ્ન માટે સદ્બુદ્ધિપ્રેરક અને નવી સંકલ્પશક્તિ દાયક વિશેષ કાર્યક્રમની શોધ વિષેનું ચિંતન પ્રકટ કરે છે. આ સાથે અસ્પૃશ્યતાવિષયક એમનો પુણ્યપ્રકોપ ને તે સારુ આત્મશુદ્ધિસૂચક ઉપવાસની એમની જાહેરાત આદિ પણ અહીં અપેક્ષ રીતે રજૂઆત પામ્યાં છે. અહીં એમનો આશ્રમપ્રેમ પણ સુપેરે અભિવ્યક્ત થયો છે. એમની રાજનીતિ વિષે કેટલાક નેતાઓમાં જાગેલી શંકા અને તેના પ્રચારની બાબતો

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી કૃષ્ણવીર દીક્ષિત

વડનગરા નાગર બ્રાહ્મણ · જન્મ: સુરતમાં તા. ૧૨ જુલાઈ ૧૯૧૫ · બી.એ. ઑનર્સ · છેલ્લાં ૩૦ વર્ષથી 'જન્મભૂમિ'માં કાર્ય કરે છે, જેમાં ૨૬ વર્ષથી એના સાહિત્યવિભાગ 'કલમ અને કિતાબ'નું સંપાદન કરે છે. એમના રસના વિષય સાહિત્ય અને શાસ્ત્રીય સંગીત. રેડિયો અને ટેલિવિઝન પર પ્રસંગોપાત્ત ભાગ લે છે. વર્ષનાં બાવન અઠવાડિયાં ને ૨૬ વર્ષથી ચાલુ 'કલમ અને કિતાબ'માં સાહિત્યસર્જકો ને પ્રકાશનો પર તલસ્પર્શી અવલોકન એ એમના જીવનનું આગળપડતું પાસું છે.

૧ વર્તમાન ગુજ. સાહિત્યસર્જન અંગે આપનો શો અભિપ્રાય છે?

ઉ. ગુજરાતી સાહિત્યક્ષેત્રે લગભગ દરેક વિષયને લગતાં સંખ્યાબંધ પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. એ બધું જ તો હું વાંચી શકતો નથી. પણ લાગે છે કે હાલ સાહિત્યસર્જનની પ્રવૃત્તિમાં પ્રેરક બળ, કલાઉપાસના કે સૌન્દર્યની સાધના નહિ પરંતુ અર્થપ્રાપ્તિ અને યશની આકાંક્ષા વિશેષ વર્તાય છે. સાહિત્યસર્જનમાં વૈશ્યવૃત્તિ નિષિદ્ધ ન લેખીએ, પરન્તુ એમાં ઈમાનદારીનો અભાવ ચિંતાપ્રેરક છે. સાહિત્ય, સાહિત્યકાર અને સમાજ ત્રણેયને માટે પ્રશિષ્ટ કોટિની કે ચિરાયુ ભોગવી શકે એવી કૃતિના સર્જનમાં અત્યારે ઓટની સ્થિતિ છે.

૨ સાહિત્યપદાર્થનાં ક્યાં સામયિકોમાં આપને સવિશેષ રસ છે?

ઉ. સાહિત્યપદાર્થથી વત્તેઓછે અંશે સમૃદ્ધ અનેક સામયિકો પ્રસિદ્ધ થાય છે. તે બધાં જ વાંચી જવાં શક્ય નથી. છતાં જે વાંચી શકું છું તેમાં 'સમર્પણ', 'સંસ્કૃતિ', 'બુદ્ધિપ્રકાશ', 'કુમાર', 'પ્રબુદ્ધ જીવન', 'સ્વાધ્યાય', 'કવિતા', 'કવિલોક', 'સંજ્ઞા' વગેરે મને વિશેષ રુચે છે; કારણ મારી આંતરિક જરૂરિયાત આ સામયિકો ઠીકઠીક પ્રમાણમાં સંતોષે છે.

૩ આપના પ્રિય ગુજરાતી નવલકથાકાર ને કવિ કોણ કોણ?

ઉ. મારા પ્રિય ગુજરાતી નવલકથાકારો તો ઘણા છે, પણ સવિશેષ પ્રિયનાં નામ ગણાવવાં હોય તો ગોવર્ધનરામ, મુનશીજી, રમણલાલ વસંતલાલ, મેઘાણીભાઈ, પન્નાલાલ પટેલ, 'દર્શક' તથા રઘુવીર ચૌધરી એટલા અવશ્ય ગણાવી શકું. જ્યારે કવિઓમાં તો ઘણાની અનેક કૃતિઓ મને સંતર્પક લાગી છે. બધાં નામ કઈ રીતે ગણાવી શકું?

૪ 'ને સાક્ષરોમાંથી આપને ત્રણ કોનાંકોનાં વ્યક્તિત્વ સવિશેષ ગમ્યાં? અને શાથી?

ઉ. અનેકનાં. મને સવિશેષપણે ગમ્યું હોય એવું વ્યક્તિત્વ કોઈ એક જ સાક્ષર પૂરતું મર્યાદિત નથી. પણ આપને ત્રણ જ નામ આપવાં હોય તો મુરબ્બી શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સ્વ. રામનારાયણભાઈ તથા શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે—આ ત્રણના વ્યક્તિત્વથી હું વધુ પ્રભાવિત થયો છું. વ્યક્તિત્વના પ્રધાન ઘટક અંશોમાં હું પ્રતિભા, વિમલ બુદ્ધિ, ઋજુ ભાવતંત્ર, માણસાઈ, ઉચ્ચ સંસ્કારિતા, જીવનમૂલ્યો માટે આગ્રહ અને તેની પ્રતિષ્ઠા વગેરેનો જ સમાવેશ કરું છું.

કૃષ્ણવીર દીક્ષિત

પણ અહીં સમ્યકતયા જોવા-જાણવા મળે છે. (કાચું પૂઠું, પૃ. ૫૧૬, રૂ. ૭-૫૦.)

સંપૂર્ણ ગાંધી-વાઙ્મય–ખંડ-૫૬ : પ્રસ્તુત ખંડમાં ૧૬મી સપ્ટેમ્બર ૧૯૩૩થી ૧૫મી જાન્યુઆરી ૧૯૩૪ સુધીના ગાળાને આવરી લેવાયો છે, જેમાં ગાંધીજીના અસ્પૃશ્યતા વિષેનાં દૃઢ અને સ્પષ્ટ મંતવ્યો પ્રકટ થયાં છે. વળી, એમણે રાજકીય કાર્યક્રમોથી તેમજ સવિનય કાનૂનભંગથી અલગ રહી અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં જ બધો સમય સમર્પિત કર્યો તેની ઝાંખી પણ આ વિભાગ કરાવી આપે છે. (કાચું પૂઠું, પૃ. ૫૭૭, રૂ ૭-૫૦.)

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-ખંડ ૫૭ : ૧૬મી જાન્યુઆરીથી ૧૭મી મે ૧૯૩૪ સુધીના ચાર માસના ગાળાને આવરી લેતા આ ખંડમાં પણ તેના પુરોગામી ખંડની જેમ જ અસ્પૃશ્યતાનિવારણની ઝુંબેશ જ ગાંધીજીની પ્રધાન પ્રવૃત્તિ હતી તે દર્શાવવામાં આવ્યું છે. એઓ રાજનૈતિક કાર્યોથી દૂર રહી સામાજિક-ધાર્મિક સુધારણા જેવા આ કાર્યમાં સવર્ણોને સાથ આપવા જે સમજાવી રહ્યા હતા, તે જનસંપર્કની તેમની અમોઘ શક્તિનો અને શ્રદ્ધાનો અખંડ પરિચય કરાવી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૫૯૨, રૂ. ૭-૫૦.)

હવા કી બેટી : શ્રી ચન્દ્રદત્ત 'ઇન્દુ' લિખિત આ સચિત્ર સામાજિક લઘુ નવલકથા કલ્પનાપ્રચુરતાથી અને રંગદર્શી આલેખનથી ખાસ કરીને કિશોરોને ગમી જાય તેવી બની છે. (કાચું પૂઠું, પૃ. ૬૬ રૂ. ૨-૫૦.)

લોકમિલાપ ટ્રસ્ટ

૧૫૬૫ સરકારનગર • ભાવનગર-૧

ઉપર્યુક્ત સંસ્થા તરફથી 'આપણો સાહિત્ય-વારસો' નામક ખૂબ જ આવકારાયેલી પ્રકાશનશ્રેણીમાં અગાઉ જે બે સંપુટો પ્રગટ થઈ ગયા છે તેને પગલે પગલે આ ત્રીજા સંપુટમાં સસ્તી કિંમતે ગુજરાતી સાહિત્યની નીચેની પાંચ મૂલ્યવાન કૃતિઓ પ્રકટ કરવામાં આવી છે, તે સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે વાચકોને પણ ખરીદવી પરવડે તેમ હોઈ આવકારપાત્ર છે: ૧) **ટૉલ્સ્ટૉયની વારતાઓ** (અનુ૦ ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, સંપા. યશવન્ત શુક્લ) ૨) **અલગારી રખડપટ્ટી** (રસિક ઝવેરી) ૩) **માણસાઈના દીવા** (ઝવેરચંદ મેઘાણી) ૪) **જનમટીપ** (ઈશ્વર પેટલીકર) ૫) **પ્રહ્લાદ અને શ્રીધરાણીનાં કાવ્યો** (સંપા. જુગુરાય અંજારિયા'; પ્રત્યેકનું કાચું પૂઠું; પાંચ પુસ્તકના સેટની કિં. રૂ ૧૫, ટ. ખ. રૂ ૨ ૫૦.)

—ધીરુ પરીખ


પચ્ચીસ વર્ષ પહેલાં



જાન્યુઆરી ૧૯૫૧ · સળંગ અંક ૩૨૫

પચ્ચીસ વર્ષ પહેલાંના અંકોમાં જે વિવિધ માહિતીપદ લેખમાળાઓ આપી ગઈ તેમાં એક 'ટિકિટ-સંગ્રહ' ઉપર પણ હતી એનો આસ્વાદ આપવા આ નીચે એ શોખ કેળવનારે રાખવાની કાળજીમાં ઉપયોગી એક નાનકડા સાધનનો પરિચય અને ટપાલની ટિકિટની શોધ કેવી રીતે થઈ તે દર્શાવતો ટચુકડો કિસ્સો (જાન્યુઆરી ૧૯૫૧ના અંકમાંથી) ઉતારીએ :

ટિકિટ-સંગ્રહમાં ઉપયોગી સાધનોમાં એક સસ્તી લાગતી વસ્તુ પણ ખાસ અગત્યની છે. એ છે ટિકિટોને હેરવવા-ફેરવવા માટેનો નાનકડો ચીપિયો. ટિકિટોને સાફ કરવાની હોય એ સિવાય એને બનતાં સુધી હાથ ન લગાડશો. તેને પકડવા માટે હમેશાં એક નાજુક ચીપિયો જ વાપરવો. દાક્તરો કે ઘડિયાળી વાપરે છે તેવો અણીવાળો નહિ. એથી તો ઊલટું ટિકિટને નુકસાન પહોંચે. આ નીચેના ચિત્રમાં



બતાવ્યા મુજબના ચપ્પટ છેડાવાળા નાના ચીપિયા બજારમાં મળે છે. અને તે ન કટાય તેવી ધાતુના લેવા; નહિતર કટાએલો ચીપિયો પણ ટિકિટને ડાઘ પાડશે.


કોઈ ને કદાચ આમાં ચાંપલાઈ લાગે. પણ એની પરવા ન કરશો. જેને ટિકિટની અખંડિતતાની કિંમત છે તે સમજુ, અનુભવી ને નિષ્ણાત સંગ્રાહકો તો જાણે છે કે હાથનો ઘસારો પણ ટિકિટને કેવું નુકસાન પહોંચાડે છે. બધા માણસોના હાથ એકસરખા નથી હોતા. ઘણાનાં આંગળાં ખરછટ કે ખરબચડાં હોય છે. એથી ટિકિટની સપાટીને કે તેની છાપના રંગને, નરી આંખે ન દેખાય તેવો પણ ઘસારો પહોંચે જ છે. કોઈ વાર તેના પરફોરેશનની એકાદ કાંગરી પણ ખંડિત થઈ જાય છે. વળી, આપણા હાથ ગમે તેટલા મુલાયમ ને સ્વચ્છ હોય તો પણ તેમાં અંશતઃ ભેજ તો હોય જ છે. સૂકી ખરછટ આંગળીઓનો જેમ ઘસારો લાગે છે તેમ ભેજવાળાં આંગળાંનો ભેજ પણ ટિકિટોના રંગની તાજપને હણે છે. એટલે, ટિકિટની સલામતીને ખાતર ચીપિયો રાખવો જરૂરી છે. અને તમને જાણીને નવાઈ લાગશે કે ટિકિટોની હેરવફેરવ હાથેથી કરવા કરતાં ચીપિયા વડે વધુ ઝડપી ને સલામતીથી થાય છે. શરૂમાં થોડો વખત લાગશે, પણ ફાવટ આવી ગયા પછી તે સરળ અને સત્વર બનશે.

ટપાલટિકિટની શોધ કેમ થઈ?

એ વિષે આ વાત પ્રચલિત છે: ઇંગ્લંડમાં ટપાલના દર ઘટાડી પહેલવહેલી 'પેની પોસ્ટ' ને દાખલ કરાવનાર મિ. રોલૅન્ડ હિલને એ વિચાર એક છોકરી ઉપરથી સૂઝ્યો હતો. બનેલું એવું, કે એ છોકરીને ટપાલીએ આવીને તેનો એક કાગળ આપ્યો. તે હાથમાં લઈને તેના તરફ ધ્યાનપૂર્વક ઘડીક જોઈ રહીને છોકરીએ તેનું પોસ્ટેજ કેટલું આપવાનું તે પૂછ્યું. એ વેળા આજની જેમ પોસ્ટેજ અગાઉથી ચોડવાનું ન હતું. પણ કાગળ મળે ત્યારે રોકડું આપવાનું હતું. ટપાલીએ કહ્યું કે પોસ્ટેજનો એક શિલિંગ આપવાનો છે, ત્યારે છોકરીએ કાગળ તેને પાછો આપ્યો અને કહ્યું કે હું ગરીબ હોવાથી એટલા બધા પૈસા ભરવાનું મારું ગજું નથી. ટપાલીના ગયા પછી હિલે પૂછપરછ કરતાં છોકરીએ સાચી હકીકત કબૂલી દીધી કે એ પરબીડિયાની અંદર કાગળ-બાગળ કશું બીડેલું હતું નહિ, પણ પરબીડિયાની બહારની બાજુએ નાનાં મીંડાંની સંજ્ઞામાં સંદેશો લખેલો હતો તે મેં જોઈ લઈને કાગળ પાછો આપી દીધો! હું ને મારો ભાઈ એટલાં ગરીબ છીએ કે એક શિલિંગ જેટલું પોસ્ટેજ ખર્ચી શકીએ તેમ નથી, તેથી અમે પરસ્પરને ખબરઅંતર મોકલવા આ યુક્તિ શોધી કાઢી છે. આ ઉપરથી હિલે વિચાર કર્યો કે જે મોંઘી ટપાલ-પદ્ધતિ મારા દેશના માણસોને આવી લુચ્ચાઈ અને અનીતિ કરવા પ્રેરે તે જવી જ જોઈએ. ત્યારથી તેણે ટપાલ-સુધારણાની પોતાની જાણીતી ઝુંબેશ ઉપાડી અને કટ્ટર વિરોધનો સામનો કરીને પણ સસ્તામાં સસ્તા પોસ્ટેજના દર નિર્માણ કરાવ્યા, જે અગાઉથી જ ભરવાના; અને તે ભર્યાની સાબિતિ દર્શાવતી નાની ટિકિટ પત્ર પર ચોટડવાની પદ્ધતિ યોજી. આજે જગતવ્યાપી સસ્તા દરના પોસ્ટેજની પદ્ધતિ અને તેની સંજ્ઞા રૂપ 'ટિકિટ'ના જન્મની આ કથા છે. ઈ. ૧૮૪૦ના મે માસમાં એનો જન્મ થયો. □

અદૃશ્ય શાહીના પ્રકાર તો જાણીતા છે. લીંબુનો રસ, ડુંગળીનો રસ, દૂધ, સરકો વગેરેથી સ્વચ્છ ટાંક વડે લખેલાં લખાણ નરી આંખે દેખાતાં નથી, પણ કાગળને જરા ગરમ કરવાથી સ્પષ્ટ વંચાય છે. એ જ રીતે અરધા કપ પાણીમાં એક ચમચો મીઠું ઓગાળીને તે વડે લખેલું લખાણ સુકાયા પછી તેના પર પોચી પેન્સિલ હળવે હાથે ઘસવાથી કાળા અક્ષરો ઊઠી આવશે.

સાઈઝમોગ્રાફ: પૃથ્વીના પેટાળમાં કોઈ પણ સ્થળે થતા જરા સરખા પણ ભૂકંપની આપોઆપ નોંધ કરતા આ યંત્રના ત્રણ પ્રકારો નીચે દર્શાવ્યા છે. એ બધામાં સિદ્ધાંત એક જ છે: સોયવાળો હાથો જોડેલા એક ભારે વજનને, તીણી અણીઓને આધારે અતિશય નાજુકાઈથી તોળી રાખ્યું હોય છે, અને સોયને મેશિયો કાગળ લપેટેલા તથા યંત્રની મદદથી ગોળ ફરતા એક નળાકાર પર ટેકવી હોય છે, જે વડે એક સીધી રેખા અંકિત થતી રહે છે. ભૂકંપ થતાં પેલા તોળાએલા વજનથી જકડાએલી સોય તો સ્થિર જ રહે છે, પણ નાજુકાઈથી ફરતો નળાકાર ધ્રૂજી ઊઠે છે, અને તેના કાગળમાં અંકાતી સીધી સળંગ રેખા ધ્રુજારીના પ્રમાણમાં વાંકીચૂંકી અંકાય છે. કલમને હાથમાં સ્થિર પકડી રાખી કાગળને હલાવીને લખવા જેવી આ ક્રિયા થઈ. અતિશય સૂક્ષ્મ કંપનોની પણ સ્પષ્ટ નોંધ લઈ શકાય તે માટે તેમાં ઉચ્ચાલનોની રચના કરી હોય છે. નીચે ડાબા તથા જમણા ખૂણામાં દર્શાવેલાં બે યંત્રો દ્વારા કેવળ ભૂકંપનાં આડાં કંપનો જ નોંધાય છે. પરંતુ વચલું યંત્ર આડાં-ઊભાં બંને પ્રકારનાં કંપનો નોંધી શકે છે. વળી, તેમાં સાઈઝમોસ્કોપની વિશિષ્ટતા ઉમેરાઈ છે, જેમાં તીણી અણીને આધારે ટેકવાએલા વજનની સાથે એક લાંબી ઊભી સોય જોડેલી હોય છે. ભૂકંપ વેળા વજન સ્થિર રહે છે પણ બાકીનો ભાગ હલી ઊઠતાં પેલી સ્થિર રહેલી સોયનો છેડો તેના વીજળીના કૉઈલ્સને સ્પર્શે છે. તેથી સતત વીજળીનો પ્રવાહ વહેતો થઈ મેશિયા થાળીને ફેરવતા યંત્રની ચાલ રોકતું ઉચ્ચાલન ઊંચકાય છે. આથી યંત્ર ચાલુ થતાં તેની સાથે જોડાએલી મેશિયા-થાળી ફરતી થઈને તેના પર કંપનોની નોંધ અંકાય છે.



અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૮મું

શેક્સ્પીઅર-યુગનું ગદ્ય-સાહિત્ય

નવજાગૃતિના સમગ્ર કાળ દરમિયાન સાહિત્યક્ષેત્રે કવિતાનું જ વર્ચસ વરતાય છે, અને તે એવું, કે ગદ્યસાહિત્ય નિર્માલ્ય ભાસે છે. સાદું, વિશદ, સંયમી ગદ્ય તો ક્યારેક અપવાદ રૂપે જ જોવા મળે છે. ગદ્ય પણ કવિતામાંથી જ પ્રેરણા લઇને રચાતું દેખાય છે. લીલી અને સિડનીની કૃતિઓ ગદ્યકારોને નમૂના પૂરા પાડે છે. વાર્તાકારોના ગદ્યમાં તો કાવ્યના અંશો સહેજે પ્રતીત થાય છે.

રૉબર્ટ ગ્રીન

રૉબર્ટ ગ્રીન(Robert Greene: ૧૫૬૦–૯૨)ના ગદ્ય-રોમાન્સમાં તો લીલી (Lyly)નાં 'યુફુઈસ' (Euphues)ની પ્રબળ અસર છે. એ લીલીનો શિષ્ય અને અનુગામી હતો. કેમ્બ્રિજનો એ શિક્ષિત યુવાન સ્પેઈન, ઈટાલી અને બીજા અનેક પ્રદેશોમાં ઠીકઠીક ફરેલો અને પછી લંડનમાં ઠરીઠામ થએલો. એની જિંદગીના રંગ પાર વિનાના છે. ક્યારેક ધનવાન, વળી અકિંચન, ક્યારેક વેશ્યાવિહારી—પત્ની અને બાળકને રખડતાં કરી મેલનારો,—અને છતાં પ્રકૃતિએ રોમૅન્ટિક કવિ. એના એક પુસ્તક મૅમિલિયા (Mamillia)માં તેણે શુદ્ધ દેખાતો પ્રેમ કામ-વાસનામાં સરી ન પડે તે માટે યુવાનોને સજાગ કર્યા છે. એણે રચેલાં બીજાં રોમાન્સમાં આર્બૅસ્ટો (Arbasto) ને પૅન્ડૉસ્ટો (Pandosto) જાણીતાં છે. તેને વિષયની કૌતુકરાગિતા સિડની કૃત 'આર્કેડિયા' (Arcadia)એ અને શૈલીનો નમૂનો લીલીના 'યુફુઈસ' પુસ્તકે પૂરાં પાડયાં છે. 'આર્બૅસ્ટો' એ રોમૅન્ટિક પ્રેમની કથા છે. ડેન્માર્કનો રાજા ફ્રાન્સના રાજાની બે કુંવરીની સંગતમાં આવે છે. એક કુંવરીને તે ચાહે છે, જે તેના પ્રેમને સ્વીકારતી નથી; બીજી કુંવરી તેને ચાહે છે તેના પ્રત્યે તે પોતે ઉદાસીન છે. અંતે બંનેનાં મૃત્યુમાં તે નિમિત્ત બને છે. એની 'પૅન્ડૉસ્ટો' કૃતિ પણ અત્યંત રોમૅન્ટિક છે અને શેક્સ્પીઅરે 'ધ વિન્ટર્સ ટેઈલ' માટે તેનો ઉપયોગ કર્યો હતો. મેનાફોન (Menaphon) એ 'આર્કેડિયા'-ની શૈલીમાં રચાએલો ગોપજીવનનો રોમાન્સ છે.

ગ્રીને રોમાન્સ ઉપરાંત બીજી કેટલીક કથાઓ 'ધ કૉની-કૅચિંગ ટ્રૅક્ટ્સ' (The Conny-catching Tracts) નામથી રચી છે. તેમાં તેનો લંડનના નીચલા થરના લોકો સાથેનો, ગઠિયા, ડાકુ, રસ્તે રઝળતી વારાંગનાઓ, બદમાશો એ બધાં સાથેના સંપર્કનો અનુભવ તેને ખૂબ ખપ લાગ્યો છે. એ કથાઓમાં ગઠિયાગીરીની અને બદમાશીની ઘટના-ઓનું નિરૂપણ તે એવા ઉત્સાહથી કરે છે કે ગ્રીન પોતે એનો પક્ષકાર હશે-એવો સંશય જાગે છે, અને પોતે નિર્દોષ છે, ને સજ્જનોને સાવધ કરવા માટે આ કથાઓ લખી છે તેવું તેનું મંતવ્ય સ્વીકારતાં ચિત્તને તાણ પડે છે. કોઈ વફાદાર વૃત્તાન્તનિવેદકની જેમ તે ઘટનાઓને આલેખે છે. અહીં તે વાગ્છટા તજીને સીધીસાદી શૈલી અજમાવે છે. અને ડીફો (Defoe) ભવિષ્યમાં જે માર્ગે લેવાનો હતો તે માર્ગ પર તેનો પ્રવેશ થાય છે. એની સન્નિષ્ઠા માટેનો ખાસ પ્રશ્ન તો એનું 'કન્ફેશન્સ' (Confessions) પુસ્તક વાંચતાં થાય છે. ગરીબાઈથી અને વેશ્યાગમનથી થાકેલો-હારેલો ગ્રીન એમાં પોતાનાં પાપનો એકરાર કરતો, પશ્ચાત્તાપ કરતો અને આત્મતિરસ્કારમાં રાચતો દેખાય છે. એના આ એકરારોમાં તે પીલ, નૅશ અને માર્લોને પણ પોતાનાં પાપની ભાગીદારીમાં સંડોવતો જાય છે અને તેમનાં જીવનપરિવર્તન માટે પણ અતિ ઉત્સુકતા દાખવે છે. પોતાના નાટ્યક્ષેત્રમાં નવા પ્રતિસ્પર્ધી તરીકે ઉદય પામતા શેક્સ્પી-અરને ગાળોની નવાજેશનો પણ આ પુસ્તકમાં જ સમાવેશ થાય છે. ગ્રીનના દંભ ને બહાણાંની પ્રતીતિ આ 'કન્ફેશન્સ'માં અવશ્ય થઈ જાય છે.

ઢ૦ ('કુમાર' અંક ૬૨૫)

ટૉમસ લૉજ

મધ્યમ વર્ગના એક વિખ્યાત ડૉક્ટર તરીકેની ટૂંકી પણ જ્વલંત કારકિર્દી ધરાવનાર ટૉમસ લૅાજ(Thomas Ladge: ૧૫૫૮–૧૬૨૫)-ની એકમાત્ર રોમાન્સ-રચના તે રૉઝલિન્ડ (ઈ. ૧૫૯૦) છે. શેક્સ્પીઅરે તે આનંદથી માણેલી અને પોતાના નાટક 'ઍઝ યૂ લાઈક ઈટ' માટેની વસ્તુસામગ્રી તથા નાયિકા આ રોમાન્સમાંથી તેણે પ્રાપ્ત કરેલી. એમાંની આકર્ષક એકોક્તિઓ અને ચાતુર્યયુક્ત-ઊર્મિલ સંવાદો વાચકોને રસપ્રદ નીવડે તેવાં છે.

ટૉમસ નૅશ

ટૉમસ નૅશ (Thomas Nashe : ૧૫૬૭-૧૬૦૧) વાસ્તવવાદી અને કટાક્ષકાર હતો. કેમ્બ્રિજમાં શિક્ષણ પામીને તે લંડનમાં આવી વસેલો. ત્યાં ગ્રીનનો મિત્ર બન્યો અને એ સમયના દરેક ક્ષેત્રના ચર્ચા-યુદ્ધમાં તેણે ઝુકાવ્યું. એકવીસમે વર્ષે તો જુવાન જુવેનલ (Juvenal) તરીકે તેની બોલબાલા હતી. એના યુગમાં એ રખડુઓની ભ્રમણકથા-ઓના સુપ્રસિદ્ધ લેખક તરીકે નામના પામ્યો હતો. અંગ્રેજી ગદ્યમાં તેણે એક નવી જ તરેહ ઊભી કરી. ભભકદાર કટાક્ષમય શૈલીનો તે પ્રણેતા હતો. એ શૈલીમાં તેણે ગ્રીનના નાટ્યક્ષેત્રના હરીફો—કિડ ને માર્લો-પર સજ્જડ પ્રહાર કરેલા. એણે 'અનૅટમી ઑાવ ઍબ્સર્ડિટી' (Anatomy of Absurdity), 'પીઅર્સ પેનીલેસ' (Pierce penniless) જેવી રચનાઓમાં એના જમાનાની ફૅશનો, આડંબરી રીતરસમો તેમજ વહેમોની ચિકિત્સા કરી છે.

નૅશની કીર્તિદા કૃતિ તો એક રખડુના રઝળપાટની કથા નિરૂપતી 'ધી અનફૉર્ચ્યુનેટ ટ્રાવેલર ઑાર ધ લાઈફ ઑાવ જૅક વિલ્ટન' (ઈ.૧૫૯૪) છે. કૃતિ ઐતિહાસિક હોવાનો લેખકે આભાસ ઉપજાવ્યો છે. હેન્રી ૮માના રાજ્યનો એક અનુચર પ્રવાસે નીકળે છે અને એની આંગળીએ વાચક પણ ફ્લૅન્ડર્સ, જર્મની ને ઈટાલીની ભૂમિનાં દર્શન કરે છે; વિલ્ટન ઘણી બધી ભોમકામાં ઘૂમી વળે છે, યુદ્ધો-કતલોનો સાક્ષી બને છે, કવિ સરે સાથે મૈત્રી માણે છે, ઇરૅઝમસ (Erasmus)ને એની 'પ્રેઈઝ ઑાવ ફૉલી' (Praise of Folly) લખતો જુએ છે; ટૉમસ મોર (Thomas More)ને તેના યુટોપિયા (Utopia) વિષે ચિંતન કરતો નિહાળે છે, પોપની સામે જેહાદ જગાવતા લ્યૂથરને તે નીરખે છે. સમય-ના કશા ય ક્રમ વિનાનાં, ઇતિહાસનાં પ્રોક્ષણવાળાં આ ચિત્રો એક પછી એક વાચકને માનસપ્રત્યક્ષ થતાં જાય છે.

આ કથાના બીજા ભાગને તેના સમકાલીનોએ ખૂબ વખાણ્યો છે. એમાં ઈટાલીની ભૂમિનાં ચિત્રો છે. કલાનું ધામ ઈટાલી અને ગણિકા-ઓનું તેમજ ખૂનીઓનું ધામ ઈટાલી—એ બંને પ્રકારનાં ચિત્રો નૅશે સમર્થ કલમે એમાં આલેખ્યાં છે. કથાના અંત ભાગમાં તેણે જે વેરની ઘટના વર્ણવી છે તે એની કલમમાંથી સરેલું સમર્થ ચિત્ર છે. એમાં કોઈક કટવુલ્ફ (Cutwolfe) પોતાના ભાઈના ખૂનીને વીસ મહિનાની જહેમત પછી શોધી કાઢીને તેને પોતાનાં ચરણોમાં લાવીને, તેની જીવતદાન માટેની પ્રાર્થનાઓ સામે બહેરો બનીને વેરનો જે આનંદ માણે છે તે અદ્ભુત ઘટના છે. કટવુલ્ફ આનંદના કેફમાં ચકચૂર બનીને ઉદ્ગાર કરે છે: 'સ્વર્ગ કરતાં પણ નર્ક મને પ્યારું છે—જો મને (અનુ. પૃ. ૨૪)

વૃક્ષ-વેલપરિચય (૪૧) આમળી



શક્તિવર્ધક ચ્યવન પ્રાશાવલેહ, કેશવર્ધક તેલ ને આંખનું તેજ વધારનાર મુરબ્બાને કારણે આમળાં સૌને જાણીતાં છે.

ભારતમાં ઘણે ઠેકાણે એનાં વૃક્ષો થાય છે. તે આમળી કહેવાય છે. ગુજરાતમાં પાવાગઢ, ગિર અને બરડાના ડુંગરાળ જંગલોમાં એ સારી પેઠે ઊગે છે. પણ હરદ્વાર–બનારસ તરફનાં આમળાં મોટાં, રસદાર અને ઓષધની દૃષ્ટિએ બહુ ગુણકારી ગણાય છે.

આમળાંનું વૃક્ષ સુંદર, પાંચછ મીટર ઊંચું, મધ્યમ કદનું અને પર્ણપાતી છે. પણ એની એક વિશિષ્ટતા છે કે પાનખરમાં એનાં બહુ ઝીણાં એવાં પાન ખરે ત્યારે જેના પર એ ઊગ્યાં હોય તે કૂમળી ડાંખળીઓ પણ સાથે ખરી પડે છે. આમળાના વૃક્ષની ઊખડતી જતી ખરબચડી ભૂખરી છાલ ને નવી આવતી છાલના તફાવતને લીધે એનું થડ વિવિધરંગી દેખાય છે. માર્ચથી મે દરમિયાન ઊઘડતાં એનાં ફૂલ બહુ નાનાં, લીલાશપડતાં ને ઝૂમખાંમાં, ડાંખળી પરનાં પાન અને ડાંખળીનાં મૂળની વચ્ચેના ગાળા પર ખીલે છે. નવેમ્બરથી ફેબ્રુઆરી વચ્ચે એનાં ફળ પાકે છે, એ જ સૌને સુપરિચિત આમળાં.

આમળીની નાની-મોટી બે જાત છે. નાની પાંચમે ને મોટી આઠેક વર્ષે ફળતી થાય છે. ફળ, છાલ ને પાન રંગાટી કામમાં ઉપયોગી છે. લાકડું સખત, પણ ફાટી જતું હોઈ બહુ ઉપયોગી નહિ. બીજ સખત કોચલાની અંદર હોય છે. એના વડે જ આમળી ઉગાડાય છે. શરૂમાં એને નિયમિત પાણી આપવું પડે છે. આરંભમાં ઝડપે થતો એનો વિકાસ પાછળથી ધીમો પડી જાય છે. ફળ-આમળાંના તો અનેક ઉપયોગ અને ગુણ સુખ્યાત છે. ખારા સિવાય એમાં બધા જ રસ રહેલા છે. અને વિટામિન 'સી' તો પુષ્કળ માત્રામાં છે. એ શ્રેષ્ઠ વયઃસ્થાપન, ચક્ષુષ્ય, રસાયન, લઘુ, દીપન, પાચન, આયુષ માટે હિતકારી તથા પૌષ્ટિક છે. □



માધુકરી

પ્રભુ, જીવન દે, હજી જીવન દે!
વિપદો નિત નિત્ય નવીન નડે,
પણ તો ય ન અશ્રુ કદાપિ ખરે
દગ, એ પડીને ફરીથી ઊપડે
પગ, એટલું હે પ્રભુ જીવન દે,
પ્રભુ, જીવન દે, નવજીવન દે!

—શેષ

મહાન આદર્શ શિકારી-લેખક જિમ કૉર્બેટ

ગયા વર્ષમાં વિખ્યાત અંગ્રેજ શિકારી અને લેખક જિમ કૉર્બેટની જન્મશતાબ્દી ઊજવાઈ. સંયુક્ત પ્રાંત, એટલે કે આજના ઉત્તરપ્રદેશમાં હિમાલયની તળેટીના કુમાઉં અને એની આજુબાજુના વનઆચ્છાદિત પહાડી પ્રદેશના હજારો ગ્રામીણ લોકોને એણે સંખ્યાબંધ નરભક્ષી પ્રાણીઓના ત્રાસમાંથી ઉગાર્યાં હતા એટલા જ માટે નહિ, તેમજ એમણે લખેલી શિકારની અત્યંત રસિક અનુભવકથાઓ સારુ કે ભારત પ્રત્યેના એમના અનહદ પ્રેમને ખાતર પણ નહિ, પરંતુ આ બધાં ઉપરાંત, જે પ્રદેશમાં એમણે જીવનનો મોટો ભાગ વિતાવ્યો હતો એ પહાડની સહજસરળ જનસંસ્કૃતિની નેકી, સચ્ચાઈ, સાદગી અને કરુણા આદિના એક સાચા પ્રતીક તરીકે, ભારતની પ્રાણીસંપદા અને વનપ્રદેશના સંરક્ષણના અગ્રણી હિમાયતી તરીકે અને પોતાના અનેક મહાન ગુણો છતાં તદ્દન નિરભિમાન આદર્શ આદમી તરીકે તેઓ સદાયે સ્મરણીય અને આદરણીય રહ્યા છે.

જેમ્સ એડવર્ડ કૉર્બેટ એ એમનું પૂરું નામ. પણ લાડમાં અને લેખક તરીકે તેઓ જિમ કૉર્બેટ નામે જ સુખ્યાત છે. નૈનીતાલની પશ્ચિમી ઘાટીમાં 'ગર્નરી હાઉસ' નામક એક બંગલામાં ઈ. ૧૮૭૫ની ૨૫મી જુલાઈએ એમનો જન્મ થએલો. બ્રિટિશ શાસનના એ કાળમાં ઠંડા મુલકના વાસી અંગ્રેજ અમલદારોને હિમાલયના આ તરફના ઊંચા પહાડી પ્રદેશોમાં રહેવું બહુ ગમતું. ઓછા વેતને પણ તેઓ આવાં સ્થળે પોતાની નિયુક્તિ વધુ પસંદ કરતા. શિમલા, મસૂરી, દહેરાદૂન, રાનીખેત, લૅન્સડાઉન વગેરેનો વિકાસ આને લીધે જ થયો. આ બધાં સ્થળો ત્યારે અંગ્રેજોનાં ગામ બની ગએલાં. નૈનીતાલ પણ એવું જ એક વિકસતું આવતું ગામ હતું. એમાં ધંધાની સારી તક જોઈ એક અંગ્રેજે સ્થાપેલી ભવન-નિર્માણની 'મૅથ્યુ ઍન્ડ કંપની'ના એક ભાગીદાર ક્રિસ્ટૉફર કૉર્બેટનું આઠમું સંતાન તે આ જેમ્સ એડવર્ડ કૉર્બેટ. એની ચાર વર્ષની



વયે જ પિતાનું અવસાન થયું. વિધવા માતાએ પુનર્લગ્ન કરી બર્માંમાં વસવાટ કર્યો અને નાના જિમનો ઉછેર નૈનીતાલની પોસ્ટ ઑફિસમાં કામ કરતા એના મોટા ભાઈ ટૉમસે કર્યો. શિયાળાની ઠંડીમાં જિમ નૈનીતાલની પશ્ચિમે મુરાદાબાદતરફની પહાડીની પાછળની તળેટીમાં વસેલા કાલાઢૂંગી ગામ જઈ રહેતો. ત્યાંનાં ગીચ જંગલોમાં ગિલોલ ને તીરકામઠાથી શિકારની મઝા લેવા સાથે એણે જંગલોનાં પંખીપ્રાણીઓની ખાસિયતોનો અજબ અનુભવ મેળવ્યો.

ભણી રહ્યા પછી વીસ વર્ષની વયે એમણે રેલવે ખાતામાં કામ મેળવ્યું. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન કુમાઉં પ્રદેશમાંથી ૫૦૦૦થી યે વધુ માણસોની એમણે યુદ્ધમાં ભરતી કરાવી, અને ૭૦મી કુમાઉં લશ્કરી ટુકડીની નેતાગીરી લઈને તેઓ ફ્રાન્સ ગયા. વઝીરિસ્તાનના મોરચે પણ

એમને મોકલાયા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે પણ એમણે એ જ રીતે નવી ટુકડી ઊભી કરેલી. માંદગીને કારણે તેઓ મોરચા પર તો ન જઈ શક્યા, પરંતુ બર્માના જંગલયુદ્ધમાં લડવા માટેની તાલીમ એમણે આપી. આ સેવાઓની કદરમાં એમને લેફ્ટેનન્ટ કર્નલનું પદ તથા 'કંપૅનિયન ઑાવ ઇંડિયન એમ્પાયર' (સી. આઈ. ઈ.)નો ખિતાબ અપાએલો હતો. ભારત સ્વતંત્ર થયા પછી તેઓ કુમાઉંના એક ભૂતપૂર્વ અંગ્રેજ કમિશનર અને પોતાના મિત્ર પાસે કીનિયામાં ન્યેરી જઈ રહેલા. અન્ય અંગ્રેજો પેઠે તેઓ સદાને માટે ભારત છોડી જવા ઈચ્છતા નહોતા, એમ એમના ભારત પ્રત્યેના પ્રેમ તથા એમની અહીંની અસ્કયામતો એમણે જારી રાખેલી એ પરથી માની શકાય. જો કે પાછળથી એમણે પોતાનું અહીંનું મકાન કાલાઢૂંગી પંચાયતને ભેટ આપી દીધું હતું એટલું જ નહિ બીજી પણ આર્થિક સહાય મોકલી હતી. અહીંના બધા સંપર્કો એમણે પત્રવ્યવહારથી જાળવી રાખ્યા હતા. પણ તેઓ ભારત આવી ન શક્યા. આફ્રિકામાં જ એમનું અવસાન થયું. તેઓ આજીવન અપરિણીત રહ્યા હતા. એમનો ઘર-વ્યવહાર એમની બહેન મૅગી સંભાળતી. એ મૅગીની નોંધ અને એમના અંતિમ પુસ્તક 'ટ્રી ટૉપ્સ'ની ભૂમિકામાં જણાવ્યા પ્રમાણે એમનું અવસાન ૧૯મી એપ્રિલ ૧૯૫૫ના રોજ થએલું.

એમનો જન્મ, એમનું શિક્ષણ અને એમની સાધના, આમ જીવનનાં અગત્યનાં સર્વ સોપાનો ભારતની ધરતી પર મંડાયાં હતાં. એમને હૈયે ભારતનું ગૌરવ પ્રથમથી જ વસેલું હતું. ભારતને એ 'માય ઇન્ડિયા' કહેતા, અને એ જ નામના એક પુસ્તકમાં એમની આ મમતા પાને-પાને જોવા મળે છે.

એમનો જંગલપ્રેમ અનહદ હતો. એમાંથી જ એમણે પ્રાણીઓ વિષેનું ગાઢ જ્ઞાન મેળવ્યું હતું. વનવાસી ગ્રામીણો પ્રત્યે એમને ઊંડી લાગણી હતી, અને એ લાગણીથી પ્રેરાઈને જ એમણે ૪૮ નરભક્ષી પ્રાણીઓનો શિકાર કરેલો, જેમાં મુખ્યત્વે વાઘ હતા પણ શિકાર માટે એ કદી માચડો બાંધતા નહિ, હાકો પણ જવલ્લે જ કરાવતા. ઘણી વાર તો ઘાસ વાઢનાર ગામડિયા કે કઠિયારાના જેવા વાઘના શિકારરૂપ વેષ સજી તેઓ વાઘને લલચાવતા ને પછી એનો શિકાર કરતા. પણ પ્રાણી-પક્ષી પ્રત્યે એમના દિલમાં તો સદા યે કરુણા જ વહેતી. નિરર્થક જીવહિંસા એમને ગમતી નહિ. પંખી-પ્રાણીઓની બાબતમાં તો તેઓ એટલી ઊંડી સમજ ધરાવતા કે કોઈ પણ પંખી-પ્રાણીનો ઝીણામાં ઝીણો અવાજ પણ તેઓ સમજી શકતા, અને એ પંખી કે પ્રાણી ક્યાં ને શી હાલતમાં હશે તે કહી શકતા. વળી, એમના અવાજની આબાદ નકલ કરી શકતા. આ રીતે અવાજ કરીને એમણે ઘણા વાઘને છેતર્યા હતા. વન અને વન્યજીવનના સંરક્ષણ માટે પણ એમણે જીવનભર કામ કરેલું. એમના સમયના સંયુક્ત પ્રાંતના ગવર્નર સર માલકમ હેલીની સહાયથી એમણે વન્ય જીવન સંરક્ષણ માટે એક સોસાએટી પણ સ્થાપેલી.

જેવા એ કુશળ શિકારી હતા એવા જ તેઓ જંગલ, પશુપંખી અને ગ્રામીણ લોકોના પ્રેમી હતા. એમને એક બીજું પણ વરદાન હતું: પોતાના અનુભવોને અને કથનને સશક્ત ને ભાવનાપૂર્ણ ભાષામાં તેઓ લખી શકતા હતા. અંગ્રેજી શિકારકથા-સાહિત્યમાં એમનાં પુસ્તકો ખૂબ લોકાદર પામ્યાં છે. કિપ્લિંગની જંગલકથાઓ કરતાં યે એમનાં વર્ણનો ચડિયાતાં ને સચોટ છે. એમણે જીવનભર ખેડેલાં સાહસો ને જોખમોએ એમની કલમ માટે કલ્પનાક્ષેત્ર રહેવા જ નહોતું દીધું. સાહસ–જોખમ માટે જે પરાકાષ્ઠા સુધી કલ્પના પહોંચી શકે એ પરાકાષ્ઠા તો એમણે ડગલે ને પગલે અનુભવી હતી. એમનાં 'મૅન ઇટર્સ ઑાવ કુમાઉં', 'મૅન-ઇટિંગ લેપર્ડ ઑાવ રુદ્રપ્રયાગ', 'જંગલ લૉર' ને 'ટેમ્પલ ટાઈગર' અત્યંત લોકપ્રિય પુસ્તકો છે. આમાં યે 'મૅન ઈટર્સ ઑાવ કુમાઉં' પરથી તો ફિલ્મ પણ બની છે. ઈ. ૧૯૫૨ સુધીમાં એ પુસ્તકના વીસેક જેટલી ભાષામાં અનુવાદો થઈ ચૂક્યા હતા. 'માય ઇંડિયા'માં ગ્રામીણ ભારત પ્રતિના એમના પ્રેમની સચ્ચાઈ અને ઊંડી શ્રદ્ધા ઝબકે છે.

કુમાઉં-ગઢવાલની મધ્યવર્તી સીમા પર, રામગંગા નદીને કિનારે ૨૦૧.૨૫ ચો. કિ.મી.માં વન્યજીવોના સ્વચ્છંદ વિહાર માટે ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ લેફ. ગવર્નરના નામ પરથી અગાઉ એક 'હેલી પાર્ક' રચાયો હતો. પાછળથી એને 'રામગંગા સૅન્કટુઅરી'નું નામ અપાયું હતું અને ઈ. ૧૯૫૭થી એ 'કૉર્બેટ નૅશનલ પાર્ક કહેવાય છે. છેલ્લે આ મહાન આદર્શ શિકારી-લેખકની જન્મશતાબ્દી નિમિત્તે અહીં ૧૬,૧૦૦ ચો. કિ. મી.માં વિશાળ રાષ્ટ્રીય ઉપવન બનાવવાનું જાહેર થયું છે. જિમ કૉર્બેટને આ યોગ્ય જ શ્રદ્ધાંજલિ છે.

વિચક્ષણ પ્રકાશક વિ. પુ. ભાગવત

મગજની ધોરી નસ ફાટી જવાને કારણે આ સોમવારે ૫૫ વર્ષની વયે અવસાન પામેલા મરાઠી પ્રકાશક અને ઉત્કૃષ્ટ મુદ્રણ માટે શ્રેષ્ઠ ગણાતા મૌજ પ્રિન્ટિંગ બ્યૂરોના સંચાલક વિષ્ણુપંત પુ. ભાગવતના અવસાનથી મરાઠી પુસ્તક-પ્રકાશનના ક્ષેત્રે એક તેજસ્વી તારકનો વિલય થયો છે. જિંદગીભર જેણે નફાતોટાના સરવૈયા માટે હિસાબના ચોપડા કે બૅન્કની પાસબુક સિવાયની બીજી કોઈ ચોપડી ભાગ્યે જ જોઈ હોય તેવા ગુજરાતી વાચક માટે એક પ્રકાશકના અવસાનના સમાચાર મહારાષ્ટ્રનાં તમામ દૈનિકોમાં પ્રથમ પાને મુખ્ય સમાચાર તરીકેનું સ્થાન પામે અને સ્વર્ગસ્થ વિષે અગ્રગણ્ય અખબારો તંત્રીનોંધ પણ લખે તે એક અચરજભરી અને વિશિષ્ટ ઘટના છે.

દેખાવે પ્રાથમિક શાળાના કોઈ શિક્ષક જેવા દેખાતા વિ. પુ. ભાગવતમાં છાપકામની કલાની આગવી સૂઝ હતી. 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવત જેવા એકાદ સુખદ અપવાદને બાદ કરતાં વિ. પુ. ભાગવતની હરોળમાં બેસી શકે તેવા ભાગ્યે જ બીજા કોઈ મુદ્રણપારંગત આપણે ત્યાં છે. એમની વિચક્ષણ નિગેહબાની નીચે છપાએલાં અઢળક પુસ્તકોને ઉત્કૃષ્ટ મુદ્રણ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારનાં પારિતોષિકો મળ્યાં છે. બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી નવાનવા વ્યવસાયોની અનેક કામણગારી શક્યતાઓને હડસેલીને વિ. પુ. ભાગવતે એક મિશનરીના ઉત્સાહથી, રાતોરાત લખપતિ બની જવાની આશા વિના, મુદ્રણક્ષેત્રે ઝંપલાવ્યું અને અનેક ઝંઝાવાતોમાંથી પસાર થઈને શ્રેષ્ઠ મુદ્રક તરીકેનું બિરુદ હાંસલ કર્યું.

મુદ્રણનું કોઈ પણ કામ હાથમાં લેતાં પહેલાં એને સો ગળણે ગાળવાની મૌજની પ્રણાલિ છે. પણ એક વખત કામ સ્વીકાર્યા પછી તે સમયસર થાય અને ઉત્તમથી સહેજ પણ ઓછું ન હોય તેની જવાબદારી મૌજે કાયમ નિભાવી છે. 'ચાલો રસોડામાં'થી લઈને 'કાવ્યવિશ્વ' સુધીનાં સંખ્યાબંધ ગુજરાતી પુસ્તકો છાપનાર મૌજ પ્રેસમાં એક પણ ગુજરાતીભાષી કંપોઝીટર નથી, તે હકીકત વિ. પુ. ભાગવતની વ્યવહારકુશળતા અને કાર્યદક્ષતાનો સરસ નમૂનો છે.

વિ. પુ. ભાગવતની મરાઠી સાહિત્ય ક્ષેત્રે બીજી મહત્ત્વની દેણગી છે અનન્ય સાહિત્યિક પ્રકાશનોની. મહારાષ્ટ્રના પ્રથમ પંક્તિના શ્રી. ના. પેંડસે, દુર્ગા ભાગવત, વિંદા કરંદીકર જેવા લેખકોનાં પ્રકાશનો મૌજે કર્યાં છે. સાહિત્ય અકાદમીએ મરાઠી ભાષાની શ્રેષ્ઠ કૃતિ માટે આપેલાં પારિતોષિકોમાં બહુમતી મૌજ પ્રકાશનોની છે. પણ મૌજ પ્રકાશને પુસ્તકની ગુણવત્તાને જ લક્ષમાં રાખી છે અને ધંધાદારી પ્રકાશક જેને દૂરથી જ પ્રણામ કરે તેવા 'સૌંદર્યશાસ્ત્ર' જેવાં પુસ્તકો પણ ખોટની પરવા કર્યા વિના પ્રગટ કર્યાં છે.

વિ. પુ. ભાગવતમાં વ્યવહારુ કુનેહ અને સિદ્ધાંતનિષ્ઠાનું અજોડ મિશ્રણ હતું. એમણે પ્રગટ કરેલી શ્રી. ના. પેંડસેની નવલકથા 'ગારંબીચા બાપૂ' મુંબાઈ યુનિવર્સિટીએ પાઠ્ય પુસ્તક તરીકે માન્ય કરી ત્યારે એક

પુસ્તકવિક્રેતાએ એની તમામ નકલો રોકડેથી ખરીદવાની તૈયારી દેખાડી. પણ વિષ્ણુપંતે એની દરખાસ્ત ન સ્વીકારી. એ ન સ્વીકારવા પાછળનું કારણ એ હતું કે પોતાની પાસેથી રોજ થોડી થોડી નકલો ખરીદનારા વિક્રેતાઓને પાઠ્ય પુસ્તકની નકલ પોતાની પાસે નથી, એમક હેવા નહોતા તે ઈચ્છતા અને પેલો પુસ્તકવિક્રેતા પછી નાના વિક્રેતાઓને ઓછું વળતર આપે તેમ પણ વિષ્ણુપંત નહોતા ઈચ્છતા.

(જનશક્તિ) —ચંદ્રકાન્ત શાહ

ચરોતર અને ચરોતરી

લૌકિક ખયાલ પ્રમાણે મહીકાંઠા ને વાત્રક કાંઠાની વચ્ચેનો પ્રદેશ 'ચરોતર' કહેવાય છે. કેટલાક વિદ્વાનો 'ચારુતર' શબ્દ પરથી 'ચરોતર'ની વ્યુત્પત્તિ આપીને, એ પ્રદેશની ફળદ્રુપતા અને સુંદરતાનો નિર્દેશ કરે છે. વસ્તુતઃ આમ નથી. તેરની સદીમાં રચાએલા એક પુસ્તકમાં 'ચરોતર' શબ્દ વપરાયો છે ને તે સંખ્યાવાચક છે, જમીનવાચક નથી. પેટલાદ ને તેની આસપાસનાં ૧૦૪ ગામોનું જૂથ 'ચરોતર' તરીકે ઓળખાતું. ભાટ લોકોની 'ચારસેં ચરોતર'ની પ્રશસ્તિમાં 'ચાર વત્તા સો' એટલે 'એક સો ચાર' ગામનો સંદર્ભ છે. હાલના મધ્ય ગુજરાતને અર્થાત્ ખેડા જિલ્લાને 'ચરોતર' તરીકે ઓળખવામાં આવે છે.

ખેડા જિલ્લાનાં ગામોમાં બોલાતી બોલી તે ચરોતરી બોલી. એ બોલીનું સ્પષ્ટ વ્યક્તિત્વ આણંદ અને તેની આસપાસનાં ગામોમાં નજરે પડે છે, જેનો એક નમૂનો નીચે પ્રમાણે છે:

'ચ્યમ સો રાંમજીભઈ! પાંશરા ચ્યોં હેંડયા? ઑમ તો આવો. બરચું હું તો તમોન્ ઓરશીયે ના હચ્યો. તમે ચ્યોંહિ આયા? હારુ થ્યુ ચ્યોં તમે ઑય જ મરી જ્યા. નૅકત્ હું તમારૃ ત્યહોં આવતો'તો. આ જુવોન મારી હાહુનાં ઓંહરે, ચેતરોંની શેલડિયો ઊભિયો ન ઊભિયો કઈડી ખાધિયો. પેટાહરી હોય તો આલો. હું ખીડી હરગાવું. તાણે એક વાત કઉ. કાલ્ય રાતે ચેટલાક ચોરે ગૉમમૉં પેહીન્ લવૉણાની દુકૉનનું તારુ મચેડી નોંછ્યું ને બાયણું ઉઝેડીન્ મઈથી બે ડબ્બા ઝીના કાઢી લીધા. મેં હૉભર્યું એ હાચુક નઈ?'

ગુજરાતી ભાષામાં બોલીવૈવિધ્ય છે અને તે તે બોલીનું પ્રાદેશિક મહત્ત્વ પણ છે. ગુજરાતી સાહિત્યમાં પણ બોલીની છંટ મૂકીને સફળ રીતે પ્રાદેશિક અંશો આણવાના અને વાતાવરણ ઊભું કરવાના પ્રયત્ન થયા છે. (દેના જ્યોતિ)

તુલસી

પદ્મપુરાણમાં એક કથા છે કે, જલંધરની પત્ની (કાલનેમિની કન્યા)નું નામ વૃન્દા હતું. તે મહાન સતી હતી. જલંધરે ઈન્દ્રને હરાવી અમરાપુરી કબજે કરી, એટલે ઈન્દ્ર શિવને શરણે ગયો. શિવે જલંધર સામે યુદ્ધ માંડયું. વૃન્દાએ પતિરક્ષા ખાતર વિષ્ણુપૂજા આરંભી. જ્યાં સુધી એની પૂજા ચાલુ રહે ત્યાં સુધી જલંધર મરે નહિ. આથી ખુદ ભગવાન વિષ્ણુ જલંધરનો વેશ લઈ સતી વૃન્દા સામે હાજર થયા. પતિને આમ સાવ સાજાસમા યુદ્ધમાંથી પાછા આવતા જોઈ પતિનું સ્વાગત કરવા સતી પૂજા અધૂરી મેલી ઊઠી, ત્યાં યુદ્ધક્ષેત્રમાં જલંધરનું મૃત્યુ નીપજ્યું. વૃન્દાને વિષ્ણુના આ છળકપટની ખબર પડતાં તે વિષ્ણુને શાપ દેવા તૈયાર થઈ. સતીના શાપથી વિષ્ણુ ગભરાઈ ગયા અને તેને શાંત પાડવા કહ્યું કે 'તું પાત સાથે સતી થા. તારી ભસ્મમાંથી તુલસી, ધાત્રી (આમળાં), પલાશ (ખાખરો) ને પીપળો એ ચાર વૃક્ષો પેદા થશે.' સતીએ પતિ સાથે સુખેથી સહગમન કર્યું અને અન્ય ત્રણ વૃક્ષો સાથે તુલસીની ઉત્પત્તિ થઈ. 'સુરસા', 'મંજરી', 'વૃન્દા', 'વિષ્ણુપ્રિયા' વગેરે એનાં સંસ્કૃત નામો છે.

તુલસી જેમ આપણી ભક્તિનો–ધર્મનો–વિષય છે, તેમ આરોગ્ય માટે પણ અત્યુપકારી અને પરમ આદરણીય છે. તુલસીના કેટલાક અપનાવવા યોગ્ય સરળ, વ્યવહારુ અને નિર્દોષ ઉપયોગો નીચે આપ્યા છે:

(૧) તુલસીનાં પાન અને કાળાં મરીનો ઉકાળો કરીને દિવસમાં બે વખત પાવો; ત્રણ દિવસમાં શરદી મટી જશે. (૨) શરદી પર શીળસ (નેટલ-રૅશ અથવા અર્ટિકેરિયા) નીકળ્યા હોય તો તુલસીના રસનો શરીર પર ખરડ કરવો. (૩) ઉધરસ થાય તો તુલસીનાં માંજર વાટીને મધ સાથે અથવા આદુના રસ સાથે દિવસમાં બેત્રણ વાર ચાટી જવાં. (૪) બાળકોને ઊલટી અને ઊબકા થતાં હોય તો તુલસીનો રસ મધ નાખીને પિવડાવવાથી રાહત થશે. (૫) તુલસીનાં પાનનો રસ કાનમાં નાખવાથી શૂળ મટી જશે. (૬) તુલસીનો રસ દિવસમાં બેત્રણ વાર લગાડવાથી દાદર મટે છે. (૭) શરીરની ચામડી પર ખંજવાળ આવતી હોય તો તુલસીનો ખરડ કરી નાહવું. (૮) બાળકોને અતિસાર (ઝાડા) થાય તો તુલસીનાં બી વાટીને પાવાં. (૯) ભૂખ ન લાગતી હોય, તો તુલસીના રસની ચા પીવી. (૧૦) ઝેરી જંતુના કરડ પર તથા વીંછીના ડંખ પર તુલસીના રસમાં જરા મીઠું મેળવીને લગાડવાથી વેદના શાંત થશે. (૧૧) હૃદયરોગ પર તુલસીનો ક્ષાર સવારસાંજ એક ચમચી મધ સાથે અથવા ગોળ સાથે ચટાડવો. (૧૨) માથું દુખતું હોય ત્યારે તુલસીનાં સૂકાં પાનનું ચૂર્ણ છીંકણી માફક સૂંઘવું. (૧૩) પેટમાં વાયુને લીધે ગરબડાટ હોય, પેટ ઢમઢોલ જેવું લાગતું હોય તો તુલસીના રસમાં જરા સિંધાલૂણ, હિંગ અને મરીનો ઉકાળો કરી પી જવો. (૧૪) ગમે તે પ્રકારની ઊલટીમાં તુલસીના રસમાં એલચીનું ચૂર્ણ નાખીને દિવસમાં ત્રણ વાર પાવું. (૧૫) આળસ, સુસ્તી અને નબળાઈમાં તુલસીનાં પાન અને એલચીની ચા પીવી. (૧૬) બાળકનું પેટ ચડી ગયું હોય ત્યારે એક ચમચી તુલસીનો રસ પાઈ દેવો. (૧૭) વાયુના સોજા ચડયા હોય ત્યારે તુલસીનો રસ, ઘી અને કાળાં મરીનો ભૂકો કરી દિવસમાં બે વાર પાવો. (૧૮) નાનકડાં બાળકો ભરાઈ જાય ત્યારે તુલસીના પાનનો રસ ગરમ કરીને પાવો અને છાતીએ ચોપડવો. (૧૯) ઈન્ફ્લુએન્ઝા (વાતકફજ્વર) માં કાળાં મરી અને તુલસીનાં પાનનો રસ ગરમ કરીને દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવો.

આમ, તુલસી જેવી સીધીસાદી છતાં નાનામોટા અનેક રોગોમાં રામબાણ વનસ્પતિનો સાજે-માંદે તુરત ઉપયોગ કરી શકાય એ હેતુથી જ ઘર આંગણે તુલસી રોપવાની પ્રથા આપણે પાડી છે.


('નિરામય') —ભૂપેન્દ્ર એમ. ઝેડિયા

પરદેશનાં પત્રમિત્રો

[આ વિભાગમાં માત્ર પરદેશનાં અને વિદેશવાસી ભારતીય પત્રમિત્રોનાં જ નામ પ્રકટ કરવામાં આવે છે.]

નીચે આપેલા દરેક નામ-સરનામા પછી આ રીતે—( ) કૌંસમાં પત્રમિત્રની જાતિ (M=પુરુષ, F=સ્ત્રી) અને વય દર્શાવ્યાં છે.

(1) Bruce Connors, Townside Placenta, New foundland, AOB 2YO, Canada (M–14) Weight-lifting, magic tricks. (2) Mark Pilcher, MG C. A. 76, Janea, Alicante, Spain. (M–10) Jndo, tennis, water-skiing, riding. (3) Leddy Jouiana, 10 Jalan Sarai, Alor Star, Kedah, Malaysia. (M–12) Riding, reading, correspondence. (4) Dianna Poon, 172 Greyland Road, Singapore 14. (F–14) Skating, stamps, (5) Carla Smith, 37–3, 3 Chome Nishihara, Shibaya-ku, Tokyo, Japan. (F–12) music, travelling, reading, swimming, playing clarinet and piano, animals. (6) Nicky Ooi, 8 Jalan Bulan, Fettes Park, Penang, Malaysia. (M–12) Fishing, reading, Stamps, swimming.



આકાશદર્શન: આ અને હવે પછીના માસમાં ક્રાંતિવૃત્ત એટલે કે સૂર્યના આકાશી માર્ગ સહિત વિષુવવૃત્તની ઉત્તર-દક્ષિણે લગભગ ૪૫ અંશ સુધીના વિસ્તારનાં તારામંડળો આપણે જોઈશું. એથી વધુ દૂર ઉત્તર દક્ષિણનાં તારામંડળો પણ અલબત્ત દેખાય તો છે જ, પણ આજકાલ શહેરી વિસ્તારોમાં ઊંચાં મકાનો અને પ્રદૂષિત હવાના કારણે સૌને એ દર્શન લભ્ય નથી. અગાઉ લગભગ બધાં મંડળો અને એમાંના મુખ્યમુખ્ય તારાઓનો અલગઅલગ અને કંઈક વિગતે આપણે પરિચય કરેલો જ છે. હવે એ બધાંને એમની આસપાસના વિસ્તૃત પટમાં જોવાનો ખયાલ છે. અહીં પહેલાથી પાંચમા વર્ગ સુધીના ઘણાખરા તારાઓ અને શક્ય હશે ત્યાં અને ત્યારે એમના વિષેની જાણવા યોગ્ય વધુ માહિતીઓ જોતા જઈશું. સાથે યુગ્મતારકો, તારાગુચ્છો કે નિહારિકા યા તારાવિશ્વો તથા રૂપવિકારી તારાઓ પણ આપણે જોઈશું. સરળતાથી પારખી શકાય એ મુખ્ય તારામંડળોના સર્વત્ર સ્વીકૃત આકારો પણ નકશામાં તૂટક રેખાથી દર્શાવીશું.

આ સાથે વિષુવવૃત્તને ક્રાંતિવૃત્ત પણ બતાવ્યાં છે, જેનાથી આ મંડળોનાં સ્થાન વગેરેનો અચ્છો ખયાલ મળે છે. નકશામાં પ્રથમ વર્ગના તારાઓને પંચકોણ તારા જેવા આકારે બતાવ્યા છે. આ રીતે, આરંભમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીના મધ્યાકાશમાં જોવા મળતાં બ્રહ્મમંડળ, રોહિણી, મૃગ, એકશૃંગ, શ્વાન, શશક, વૈતરણીનો કેટલોક ભાગ અને કપોત વગેરે તારામંડળોથી આરંભ કરીએ. અનુક્રમે વર્ષાન્તે આ રીતે સમગ્ર મધ્યાકાશનો પરિચય આપણે મેળવીશું. □

● ટી. વી. સેટમાં ઉચ્ચ શક્તિવાળા ઇલેક્ટ્રૉન પેદા થવાથી તેમાં મૃદુ ક્ષ-કિરણો પણ ઉત્પન્ન થાય છે જે સતત ટી. વી. જોનારને લાંબે ગાળે હાનિ કરે છે. વળી, એમાં દેખાતાં દશ્યોની ધ્રુજારી આંખ બગાડે છે. ટી.વી.નો યોગ્ય ઉપયોગ એ છે કે એનાથી બેએક મીટર દૂર બેસવું. બિલકુલ અંધારાના બદલે આછા અજવાળામાં જોવું ને એના પર જે કંઈ રજૂ થાય તે બધું જ જોવાને બદલે પસંદગીની બાબતો જ જોવાનું રાખવું.

ગણિતગમ્મત

$$२^२[२^{२^{२}}-(२^२×२+२)^२+२(२^२×२+२)]-२=२२२२२२२$$

૨૨,૨૨૨,૨૨૨૨ કે એવી બાજુબાજુમાં બગડાવાળી સંખ્યાનો ઉપયોગ કર્યા વિના માત્ર ગાણિતિક સંજ્ઞાઓ અને ૨ના અઢાર વખત ચાતુરીભર્યા ઉપયોગ વડે કરેલી ગમ્મત.

—સુરેશચંદ્ર ટી. ઠાકર

ટિકિટ-સંચય: જમણી બાજુ આપેલી અમેરિકાના સંયુક્ત રાજ્યોની બે ટિકિટો આ વખતના ક્રિસ્ટમસના તહેવારો નિમિત્તે બહાર પડી. દરમિયાન ટપાલના દરમાં ફેરફાર અંગે કંઈ નિશ્ચિત નિર્ણય લેવાયા નહોતા એટલે એ ટિકિટો પર એની કિંમત છપાઈ જ નથી! ● ગયા અંકમાં જિમ કૉર્બેટની યાદમાં વાઘના ચિત્રવાળી જે ટિકિટ બહાર પડવાની હતી તે ર૭મી જાન્યુઆરી સુધી પાછી ઠેલાઈ છે. આ ઉપરાંત, ર૬મી જાન્યુઆરીએ 'પરમ વીરચક્ર'ની એક ટિકિટ પણ બહાર પડશે. ● કલકત્તામાં હમણાં યોજાએલા 'ઈન્પેક્સ-૭૫' નામના ટિકિટ-પ્રદર્શનમાં ગુજરાતના સંગ્રાહકોની લગભગ ૫૦ ફ્રેઈમો રજૂ થએલી. એમાં ૩૬ ફ્રેઈમો 'ગુજરાત ફિલાટેલિક એસોસીએશન'ના સભ્યોની હતી. આ પ્રદર્શનમાં ગુજરાતને બે રૌપ્યચંદ્રકો, એક રૌપ્ય-કાંસ્ય, ને પાંચ કાંસ્યચંદ્રકો મળ્યા છે. (પ્રેષક: ચંદ્રકાંત પરીખ—અમદાવાદ)





આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં



પ્રસંગવિશેષ: તા. ૧ થી ૧૩/૧૮૪૨. અંગ્રેજો લગભગ હિંદુસ્તાન ભરના રાજકર્તા બની બેઠા હતા. બીજી બાજુ એ જ સમયે એશિયામાં રશિયાનું વર્ચસ વધી રહ્યું હતું. હિંદમાં પણ કદાચ એ ભાગ પડાવે એવો એક સતત ભય અંગ્રેજોને રહેતો હતો. એની સામેના એક પગલા તરીકે તેઓ અફઘાનિસ્તાન પચાવી પાડવા ઈચ્છતા હતા. એ સમયે હિંદ અને અફઘાનિસ્તાનની વચ્ચે પંજાબનું શીખ રાજ્ય હતું. એમને સાધીને અંગ્રેજોએ ચડાઈ કરી કાબુલ પાસેનો કેટલોક પ્રદેશ જીતી લીધો. પછાત છતાં આઝાદી-પરસ્ત અફઘાનોએ અંગ્રેજો સામે બંડ કરી, ઠેરઠેર એમને લડતા રાખીને તંગ કરી મૂક્યા. આમાં અંગ્રેજોએ પોતાને સંઘરતા બાલા હિસ્સાર (જુઓ ચિત્ર) જેવો ગઢ છોડીને સપાટ ભૂમિ પર છાવણી નાખવાની મૂર્ખાઈ કરી. પરિણામે ઈ. ૧૮૪૨ની ૧લી જાન્યુઆરીએ એમને બધો દારૂગોળો સોંપી દઈ અફઘાનો સાથે વાટાઘાટમાં ઊતરવું પડ્યું. આ પછી યે બાલા હિસ્સારમાં આશ્રય લેવાને બદલે ૪૫૦૦ સૈનિકો અને બીજા સેંકડો માણસો આશરો લેવા જલાલાબાદ જવા નીકળ્યા. માર્ગમાં અફઘાનોએ તક સાધી પૂરું વેર વાળવા માંડ્યું. તા. ૮મીએ એ ખુદ કાબુલથી આગળ માત્ર ૮૦૦ સૈનિકો બચ્યા હતા. તા. ૧૧મીએ માત્ર ૨૦૦ અને તા. ૧૩મીએ ઘાયલ અને બેહાલ ડૉ. બ્રાયડન એકલો જ બચીને જલાલાબાદ પહોંચ્યો હતો.

તા. ૨/૧૪૯૨ ગ્રૅનેડાના યુદ્ધમાં અરબો હારતાં યુરોપના છેલ્લા ઈસ્લામી રાજ્યનો અંત આવ્યો.

તા. ૫/૧૮૯૬ વૈદકવિજ્ઞાનમાં અત્યંત ઉપયોગી 'ક્ષ'-કિરણોની જર્મન પ્રો. રૉન્જને શોધ કરી.

તા. ૭/૧૮૫૮ બળવાના આરોપસર છેલ્લા મુઘલ બાદશાહ બહાદુરશાહની દેશનિકાલી.

વ્યક્તિવિશેષ

તા. ૧૪/૧૮૭૫ ફાધર દામિયાં કે આજનાં મધર ટેરેસાની પેઠે આજીવન ઉપેક્ષિત માનવીઓની સેવાના વ્રતધારી ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરનો જન્મ. બહુમુખી પ્રતિભાને કારણે મળતાં લક્ષ્મી અને યશની એષણા ઓગાળી પિતાની પ્રેરણાથી અગાઉ નિશ્ચય કર્યા પ્રમાણે પોતાની ત્રીસ વર્ષની વયથી ભિક્ષુકો અને છૂટેલા કેદીઓના હિત માટે કામ કરી માનવસેવાનો પ્રારંભ કર્યો. આફ્રિકાની ફ્રેન્ચ વસાહતમાં રીબાતા માણસોની જાણ થતાં એમની સેવા સારુ એમણે દાક્તરીનો અભ્યાસ કર્યો ને પત્નીને પણ નર્સિંગની તાલીમ અપાવી અને ઈ. ૧૯૧૩માં આફ્રિકાના ગેબનના જંગલમાં લૅમ્બેરેન ખાતે ત્યાંના પછાત આદિવાસીઓની સેવા માટે જઈ વસ્યા. જર્મન નાગરિક હોવાને કારણે પહેલા વિશ્વયુદ્ધમાં ફ્રાંસે એમને કેદમાં રાખેલા; પણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એમની મૂક સેવાઓ જગતભરમાં જાણીતી બની ગઈ હોઈ એમના કાર્યને કશી આંચ આવી નહિ. ચિકિત્સા ઉપરાંત એમણે લૅમ્બેરેનમાં હબસી પ્રજાને શિક્ષણ પણ આપ્યું. જર્મનીના 'ગ્યટે પ્રાઈઝ'થી, ફ્રાંસના અકાદમીના સભ્યપદથી, બ્રિટનના 'ઑર્ડર ઑવ મૅરિટ'ના માનથી, ઈ. ૧૯૫૩માં શાંતિ માટેના નૉબેલ પ્રાઈઝ વડે એમની સેવાઓને નવાજવામાં આવી હતી. ૧૯૬૫માં એમનું અવસાન થયું.



તા. ૨૦/૧૨૬૫ નાગરિકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની બ્રિટનની પહેલી પાર્લમેન્ટ મળી.

તા. ૨૮/૧૯૨૨ મુંબાઈ, મદ્રાસ અને કલકત્તામાં ટેલિફોન નંખાયા.



ઉર્દૂ-કવિ 'ગાલિબ'ના શિષ્ય 'મજરૂહ' એક વાર રાત્રે ગુરુને ઘેર મળવા ગયા ત્યારે ગુરુને ખાટલામાં સૂતા સૂતા ઊંકારા ભરતા જોઇ તેમના પગ દબાવવા લાગ્યા. એથી ગાલિબે કહ્યું: 'ભાઈ, તું સૈયદ છે અને મારા પગ દબાવીને મને પાપમાં પાડે છે.' શિષ્યે કહ્યું: 'એમ હોય તો મને મહેનતાણું આપી દેજો.'

પગ દબાવી રહીને જતી વખતે 'મજરૂહે' મહેનતાણું માગતાં ગાલિબે કહ્યું: 'જો ભાઈ, તેં મારા પગ દબાવ્યા અને મેં તારા પૈસા દબાવ્યા. હિસાબ ચૂકતે!'

બંદરના ડક્કા પર રમતો એક છોકરો અચાનક પાણીમાં પડી ગયો. લાગલા જ ત્યાં ઊભેલા એક અજાણ્યા માણસે પાણીમાં કૂદી પડી મહામહેનતે તેને બહાર કાઢ્યો. પ્રાથમિક સારવાર પછી છોકરો ભાનમાં આવ્યો એટલે એ થાકેલો માણસ પોતાને માર્ગે પડ્યો. એવામાં પાછળથી કોઈએ તેનો ખભો ટપારીને પૂછ્યું: 'મારા છોકરાને તમેં બચાવ્યો?'

'હા.' પેલાએ જવાબ આપ્યો.

'તો પછી એની ટોપી ક્યાં ગઈ?' બાપે ગુસ્સે થઈને પૂછ્યું.

બા: 'બેબી, તેં રૂમ વાળી નાખ્યો?'

બેબી: 'હા સ્તો; વિશ્વાસ ન આવતો હોય તો જો પેલા ખૂણામાં.'



(જનસત્તા) 'શિવ'

સુખી સંયેગોમાં સહુ ય પ્રકટે જીવનકલા,
તુફાની તત્ત્વોમાં સુભગ હસશે વીર વિરલા.
—રામપ્રસાદ શુક્લ

मारमार करती ધસી આવતી શત્રુઓની સેનાને રોકવાને, પુલ તોડયા વગર બીજો ઉ-પાય નહોતો. પુલ પાછળથી તૂટતો આવતો હતો, પણ વખત પૂરો નહોતો. તેવું હજારની એ સેના સામે હૅારેશિયસ પુલને સામે છેડે જઈ એકલો હુમલાખોરોને પડકારતો ઊભો ! એની મર્દાઈ જોઈ સૌ થંભી ગયા ને કારમી શાંતિ વ્યાપી ગઈ. ત્યાં તો કડડભૂસ કરતો પુલ તૂટયો કે દુશ્મનો ભાનમાં આવ્યા, ને હૅારેશિયસ પર ધસ્યા. હૅારેશિયસને કેડમાં એક ભાલો વાગ્યો. તે જીવની પરવા કર્યા વગર નદીમાં કૂદી પડયો ને સલામત સામે કાંઠે પહોંચી ગયો. પેલા ભાલા-ના ઘાએ એને જીવનભર લંગડો રાખ્યો, પણ એ તો એની શોભા હતી. એકલે હાથે એણે રોમ શહેરને બચાવ્યું હતું.

ꙮ

કહેવતોના અર્થ : 'આગે આગે ગોરખ જાગે.' ભવિષ્યની ચિંતા કોરે મૂકી તક મળ્યે તરત હિંમતપૂર્વક પગલું ભરવા પ્રબોધતી આ કહેવત-ને મળતી બીજી કહેવત : 'પડશે તેવા દેવાશે.'

ꙮ

અનેકાર્થી શબ્દ : છૂટ = રજા; મોકળાશ; જતી કરેલી રકમ; પતંગને ઊડવા માટે દૂરથી ઊંચી કરી છોડવી તે; તંગીનો અભાવ; સ્વ-તંત્રતા; અસરકરવામાટેફરીથીબોલાતાશબ્દો; કટોકટીની કુસ્તી; ખળાવાડમાં (ચમાર માટે) પડી રહેલો દાણો; ઘોડાની એક ચાલ.

ꙮ

ગણિતગમ્મત : (અ) ઉત્તરોત્તર આવતી ગમે તેટલી એકી રકમો લ્યો ને તેમના સર-વાળા વડે, તેમની વચ્ચે આવતી બેકી રકમોના સરવાળાને ભાગો તો દાખલો આમ મંડાશે :

$$\frac{\text{બેકી રકમોની સંખ્યા}}{\text{એકી રકમોની સંખ્યા}}$$

એથી ઊલટું (બ) ઉત્તરોત્તર આવતી ગમે તે-ટલી બેકી રકમો લ્યો ને તેમના સરવાળા વડે, તેમની વચ્ચે આવતી એકી રકમોના સરવાળાને ભાગો તો દાખલો આમ મંડાશે :

$$\frac{\text{એકી રકમોની સંખ્યા}}{\text{બેકી રકમોની સંખ્યા}}$$

બંનેના જવાબ આશ્ચર્યજનક આવશે. દા. ત.

$$\text{અ}\ \frac{૧૬+૧૮+૨૦+૨૨+૨૪}{૧૫+૧૭+૧૯+૨૧+૨૩+૨૫} = \frac{૦૦}{૧૨૦} = \frac{૫}{૬}$$

$$\text{બ}\ \frac{૧૭૧+૧૭૩+૧૭૫+૧૭૭}{૧૭૦+૧૭૨+૧૭૪+૧૭૬+૧૭૮} = \frac{૬૯૬}{૮૭૦} = \frac{૪}{૫}$$

(દારેસ્સલામ) —અરુણ એચ. નાયક



ટિકિટ–કથા મલય રાજ્યોનું સમવાયતંત્ર રચાયું એ પછી પાંચેક વર્ષે ઈ. ૧૯૦૧માં એની આ સંયુક્ત ટિકિટ બહાર પડેલી. એ પહેલાં પેહાંગ, પેરાક, સેલૅન્ડૉર અને નેગરી સેમ્બિ-લનની પોતપોતાની અલગ ટપાલટિકિટો હતી. આ ટિકિટ પરનો વાઘ એ ત્યાંની ચલણી નોટ પરના વાઘની જ અવળી છાપ છે. ૧ થી ૫૦ સેન્ટ સુધીની કિંમતની તથા રંગ અને વૉટર માર્કના અનેક ફેરફારો પામતી આ જ ડિઝાઈન ૩૫ વર્ષ સુધી ચાલતી રહેલી. એમાં એક સેન્ટ-ની ટિકિટના જ બાર તો ફેરફાર થએલા, અને એ જ રીતે બીજી બધીમાં. એટલે સંગ્રાહકો માટે એ બધી વિવિધતા એકઠી કરવી એ યે એક પડકાર રૂપ અને રસમય બની રહે છે.

ꙮ

શિયાળામાં ટાઢથી ફાટેલા હાથપગ પર કો-કમનું તેલ લગાડાય છે, તેમ ગ્લિસરીન અને ગુલાબજળ સરખે ભાગે મેળવીને લગાડવાથી પણ મટી જાય છે.

ꙮ

પીસેલું મીઠું સરસવના તેલમાં ભેળવીને દાંતે ઘસવાથી દાંત મજબૂત થશે ને સડવા લાગેલા, લોહી નીકળતા દાંતને ફાયદો થશે.

क्षुद्रोऽपि तनुते तात
तेजः तेजस्वि-संगतः ।
अर्क-संपर्कतः पश्य
दर्पणे दहन-द्युतिः ॥

તેજસ્વી પુરુષની સંગતિથી વ્યક્તિનું તેજ દીપી ઊઠે છે. જુઓને, સૂર્યના સંપર્કથી કાચમાં પણ બીજાને બાળવાનું તેજ આવી જ જાય છે.

અંકસંદર્ભ : 'બે' દ્વંદ્વ—પ્રકૃતિ અને પુરુષ, બ્રહ્મ અને માયા, પાર્વતી–પરમેશ્વર, લક્ષ્મી–નારાયણ, રામ-સીતા, ડાબો-જમણો, ધ્રુવ-અ-ધ્રુવ, ઉત્તર ધ્રુવ-દક્ષિણ ધ્રુવ, અક્ષાંશ-રેખાંશ, કર્કવૃત્ત–મકરવૃત્ત, શુક્લપક્ષ-કૃષ્ણ પક્ષ (સુદિ-વદિ), ભરતી-ઓટ, ધન વિદ્યુત–ઋણ વિદ્યુત, સ્વભાવોક્તિ-વક્રોક્તિ, શબ્દાલંકાર–અર્થાલંકાર.



શ્વેત, શ્યામ, ગુલાબી, પીળા એમ અનેક રંગ-નાં મોતી પાકે છે. ઑઈસ્ટર નામે એક દરિયાઈ જીવની છીપમાં એ પાકે છે. તેની જે એક ખાદ્ય જાત હોય છે તેની છીપમાં મોતીના બદલે આકારહીન ચૉક જેવી કાંકરી જ પાકે છે.



કલાકૃતિ: અનુરાધાપુર (શ્રીલંકા)-ની આશરે પાંચમી સદીની એક દે-હલી-શિલા. ઉંબર પાસેની આ ચંદ્ર-શિલાનું શોભન અમરાવતી સ્તૂપની આવી શિલાની સિંહાલી પ્રતિકૃતિ છે.

'અનિલ' લહરી —રતિલાલ 'અનિલ'

સુતારનો રંદો નવાં છોડાં પાડવા માટે જ પીછેહઠ કરે છે.
બકરી લીમડો ખાય તેમાં ઊંટ શા માટે કડવા થતું ?
તડતડિયા કોલસા નવી દિલ્હીમાં સૉફ્ટ કોકના ભાવે ખપે છે.